દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 56 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ- ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 March 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૭ માર્ચ ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ મેટિની પૂર્તિ ૯ ૧૦ ૧૧ ૧૨ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લંડનમાં જયશંકરના કાફલા પર હુમલાનો ખાલિસ્તાનવાદીઓનો પ્રયાસ

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 78,570/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## તિરંગાનું અપમાન કરાયું: ભારતે ઘટનાને વખોડી

લંડન / નવી દિલ્હી: લંડનમાં ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરના કાફલાની સામે ખાલિસ્તાનવાદીઓએ દેખાવ યોજ્યા હતા અને સુરક્ષા વ્યવસ્થાને તોડવાનો પ્રયાસ કર્યો હતો. જયશંકરની કારને રોકીને ભારતના રાષ્ટ્રીયધ્વજનું અપમાન કરાયું હતું. ભારતે આ ઘટનાને વખોડી હતી.

લંડનની રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટરનેશનલ અફેર્સ કે જેને ચેટમ હાઉસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની બહાર ખાલિસ્તાનવાદીઓએ ભારત-વિરોધી સૂત્રોચ્ચાર કર્યો હતો. જયશંકર આ ઇમારતની બહાર નીકળ્યા ત્યારે દેખાવકારોમાંનો એક માણસ પોલીસ સુરક્ષા વ્યવસ્થા તોડીને તેમની તરફ ધસી ગયો હતો અને તેમની કારને અટકાવીને ભારતીય તિરંગાનું અપમાન કર્યું હતું. પોલીસે તેને રોક્યો હતો. આ ઘટના સંબંધમાં શરૂઆતમાં કોઇને ધરપકડ નહોતી કરાઇ.

કમ્યુનિટી ઓર્ગેનાઇઝેશન 'ઇનસાઇટ યુકે'એ

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતને પીઓકે પાછું મળશે તો જ કાશ્મીર સમસ્યા ઉકેલાશે: જયશંકર

લંડન / ઇસ્લામાબાદ: ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે જણાવ્યું હતું કે ભારતને પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળનું કાશ્મીર (પીઓકે) પાછું મળશે તો જ કાશ્મીર સમસ્યા ઉકેલાશે.

લંડનની રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ટરનેશનલ અફેર્સ એટલે કે ચેટમ હાઉસ ખાતે જયશંકરે બુધવારે કરેલા આ નિવેદનને પાકિસ્તાને 'પાયાવિહોણું' ગણાવીને કાશ્મીર સમસ્યા ઉકેલવા માટે પગલાં લેવાની માગણી કરી હતી. જયશંકરે જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶

## મહારાષ્ટ્રની ભાષા મરાઠી જ

*નીલેશ દવે*

મહારાષ્ટ્રની ભાષા મરાઠી જ છે અને તેમાં કોઈ પ્રકારનો વિવાદ હોઈ જ ન શકે. આરએસએસના ભૈયાજી જોશીએ ક્યા પરિપ્રેક્ષ્યમાં આ નિવેદન આપ્યું છે તે સમજવાની આવશ્યકતા છે. તેમનો કાર્યક્રમ જ્યાં હતો તે ઘાટકોપરનો વિસ્તાર ગુજરાતી બહુલ વિસ્તાર છે અને મુંબઈમાં આવા કેટલાક ગુજરાતી બહુમતી ધરાવતા વિસ્તારો છે અને આ મુદ્દે તેમણે માફી પણ માગી લીધી હોવા છતાં જે રીતે વિપક્ષ દ્વારા આ મુદ્દે રાજકારણ કરવામાં આવી રહ્યું છે તે અયોગ્ય છે.

જન્મથી મુંબઈમાં રહેલા અથવા તો રોજગાર માટે મુંબઈ/મહારાષ્ટ્રમાં આવેલા બધા જ લોકોએ મરાઠી શીખવું જ જોઈએ. ગુજરાતના વડોદરા, સુરત અને અમદાવાદમાં વસતા મરાઠીઓ બહુ જ સુંદર ગુજરાતી બોલી પણ શકે છે અને લખી પણ શકે છે. આ જ બાબત મહારાષ્ટ્રમાં રહેતા ગુજરાતીઓને પણ લાગુ પડે છે. મરાઠી ભાષા આપણી ભાષા છે એમ સમજી જ લેવું જોઈએ. દેશના જે રાજ્યમાં તમે વસવાટ કરો તે રાજ્યની ભાષા તમારે શીખવી જ પડે, એના પર કોઈ વિવાદ થઈ જ ન શકે.

મહારાષ્ટ્રમાં અનેક ગુજરાતી રાજકારણીઓ છે, જેઓ ફાંકડું મરાઠી બોલે છે. એ ભાષા વાંચી-લખી અને સમજી શકે છે. કિરીટ સોમૈયા, પ્રકાશ મહેતા, યોગેશ સાગર, દિલીપ પટેલ, નયના શેઠ, અતુલ શાહ, ઉપેન્દ્ર દોશી, અમીન પટેલ, જગદીશ ઓઝા, રાજુલ પટેલ જેવા કેટલાય વર્તમાન અને ભૂતકાળના આવા નેતાઓ છે.

હાલમાં જે રીતે ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે ગુજરાતી વિરોધના મુદ્દે તીખા તેવર લઈ રહ્યા છે ત્યારે એક વાતનો ઉલ્લેખ કરવો ઘટે કે ૧૯૯૬માં જ્યારે પહેલી વખત મહારાષ્ટ્રમાં યુતિની સરકારનું સ્થાપન થયું હતું ત્યારે રાજ્યના ગૃહ ખાતાના પ્રધાન ગજાનન કીર્તિકરે ચર્ચગેટની રિટ્ઝ હોટલમાં ગુજરાતી

(જુઓ પાનું ૨) ▶▶

## દ. કોરિયાના ફાઈટર જેટના પાઈલટે ભૂલથી નાગરિક વિસ્તારમાં બૉમ્બ ફેંક્યા : આઠ જણ ઘાયલ

સોલ : દક્ષિણ કોરિયાના બે ફાઈટર જેટે કવાયત દરમિયાન નાગરિક વિસ્તારમાં આકસ્મિક રીતે આઠ બૉમ્બ ફેંકતા આઠ જણ ઘાયલ થયા હતા.

હવાઈ દળે એક નિવેદનમાં કહ્યું હતું કે કેએફ૧૬ ફાઈટર જેટે એમકે-૮૨ બૉમ્બ ફાયરિંગ રેન્જની બહાર ફેંકતા નાગરિકો ઘાયલ થયા હતા.

હવાઈ દળે કહ્યું હતું કે તે અકસ્માત કેવી રીતે થયો અને નાગિરકોને કેટલું નુકસાન થયું એનો અભ્યાસ કરવા એક સમિતિની રચના કરશે. આ ફાઈટર જેટ લશ્કરની જીવંત ફાયરિંગ ડ્રીલમાં ભાગ લઈ રહ્યા હતા.

હવાઈ દળના એક અધિકારીએ સ્થાનિક પત્રકારોને કહ્યું હતું કે કેએફ-૧૬ના એક

(જુઓ પાનું ૨) ▶▶

## ગાઝામાં બાનમાં રખાયેલા લોકોને છોડો: ટ્રમ્પની છેલ્લી ચેતવણી

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આતંકવાદી જૂથ 'હમાસ'ને ગાઝામાં બાનમાં રખાયેલા તમામ લોકોને છોડી મૂકવાની તેમ જ કબજામાં રાખેલા મૃતદેહો તાત્કાલિક સુપરત કરી દેવાની ગુરુવારે છેલ્લી ચેતવણી આપી હતી.

આતંકવાદી જૂથ હમાસ સાથે સીધી વાતચીત કરવા રાજદૂતોના કાફલાને રવાના કર્યા બાદ ટ્રમ્પે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

અગાઉ બાનમાં રખાયેલા આઠ જણ સાથે વ્હાઈટ હાઉસ ખાતે બેઠક યોજ્યા બાદ ટ્રમ્પે તેનાં ટ્રૂથ સોશિયલ પ્લેટફૉર્મ પર આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે હમાસ સાથે આર યા પારની લડાઈ માટે

(જુઓ પાનું ૨) ▶▶

## ઇડીને ધરપકડ કરવાની, પ્રોપર્ટીને ટાંચ મારવાની સત્તા છે કે નહિ?

### સુપ્રીમ કોર્ટ એપ્રિલના અંતમાં નિર્ણય લેશે

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે ગુરુવારે જણાવ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)ને કાળાં નાણાં ધોળાં કરવાની પ્રવૃત્તિ વિરોધી ધારા હેઠળ કોઇની ધરપકડ કરવાનો અને મિલકતને ટાંચ મારવાનો અધિકાર આપતા કાયદાની યોગ્યતાને બહાલી આપનારા અમારા ૨૦૨૨ની ૨૭ જુલાઇના ચુકાદાની યોગ્યતા અંગે એપ્રિલ અંતમાં નિર્ણય લઇશું.

ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એન. કોટીશ્વર સિંહની બનેલી બૅન્ચે જણાવ્યું હતું કે આ કેસની સુનાવણી ત્રણ ન્યાયાધીશની બૅન્ચ દ્વારા થવાની હતી, પરંતુ તે (આ કેસ) ભૂલથી અમને મોકલાયો હતો.

અરજદારના વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે ત્રણ ન્યાયાધીશની બૅન્ચે આ કેસની ઝડપથી સુનાવણી કરવી જોઇએ.

ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે હું આ કેસ ત્રણ ન્યાયાધીશની બૅન્ચને મોકલવાનો આદેશ આપું છું. મને એ નથી સમજાતું કે આ કેસ અમારી બે ન્યાયાધીશની બૅન્ચને શું કામ મોકલાયો?

તેમણે જણાવ્યું હતું કે હું તમને (સુનાવણીની) ચોક્કસ તારીખ આપીશ, પરંતુ તે એપ્રિલના અંત પહેલાંની નહિ હોય.

અગાઉ, સર્વોચ્ચ અદાલતની ત્રણ ન્યાયાધીશની બૅન્ચે ૨૦૨૨ની

(જુઓ પાનું ૨) ▶▶

## નવા આઈટી કાયદાથી મોદી સરકાર લોકોની ડિજિટલ લાઈફમાં ડોકિયા કરશે

નવી દિલ્હી : કૉંગ્રેસે ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે આવક વેરાના નવા કાયદાની મદદથી વેરાના અધિકારીઓ બધા જ કરદાતાઓના ઈ-મેલ, સોશિયલ મીડિયા અને બૅન્ક અકાઉન્ટ જોઈ શકશે અને આને લીધે ભારત લોકની જાસૂસી કરનારો દેશ બની જશે.

કૉંગ્રેસનાં પ્રવકતા અને પક્ષના સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટનાં વડાં સુપ્રિયા શ્રીનેતે કહ્યું હતું કે હવે દરેકના ઈ-મેલ, સોશિયલ મીડિયા અને બૅન્ક તથા ટ્રેડિંગ અકાઉન્ટ પર હુમલો થવાનો હોવાથી દરેકને ચેતવણી હું આપું છું.

સુપ્રિયાએ કહ્યું હતું કે તેઓએ પેગાસસની મદદથી આપણી જાસૂસી કરી. હવે તેઓ

(જુઓ પાનું ૨) ▶▶

સમીર શાહ ના સથવારે...
અમેરિકા ૨૦૨૫
૨૧ રાત / ૨૨ દિવસ
April 17, May 8 (Few Seats), May 29


Per Adult (2 in 1 Room) = US$ 6800 = ₹5,98,000*
Per Adult (3 in 1 Room) = US$ 6400 = ₹5,63,000*
Per Adult (4 in 1 Room) = US$ 6200 = ₹5,45,000*
Per Child with Bed = US$ 5100 = ₹4,49,000*
ABOVE OFFER VALID TILL 31 MAR. 2025 ONLY
EXCLUDES : Main Flight, 5% GST, 5% TCS, Visa
9769000799
9820026046
Dolphin Tours



## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હિંદુ ધર્મસ્થાનોના વિવાદનો ઉકેલ વર્શિપ એક્ટની નાબૂદી

**ભારતમાં** કેન્દ્રમાં ભાજપ સરકારનું શાસન આવ્યા પછી હિંદુત્વનો પ્રભાવ વધ્યો છે. હિંદુવાદી સંગઠનો હિંદુત્વના નામે જાત જાતના તુક્કા વહેતા કરે છે ને સોશિયલ મીડિયા પર તો હિંદુત્વના નામે રીતસરનાં તૂત જ ચાલે છે. ભારત લોકશાહી દેશ છે તેથી દરેક વ્યક્તિને કાયદાની મર્યાદામાં રહીને પોતાની રીતે વર્તવાનો અધિકાર છે. આ કારણે હિંદુવાદી સંગઠનો કે વ્યક્તિગત રીતે પણ કોઈ હિંદુત્વનો એજન્ડા ચલાવે તો તેની સામે બોલી ના શકાય.

કાયદાની મર્યાદામાં રહીને કરાતું કોઈ પણ કૃત્ય માન્ય છે તેથી આ ટ્રેન્ડને રોકી ના શકાય પણ બીજો એક ખતરનાક ટ્રેન્ડ પણ શરૂ થયો છે. આ ટ્રેન્ડ અદાલતો દ્વારા હિંદુત્વના વહેણમાં વહીને બંધારણીય જોગવાઈઓને કોરાણે મૂકીને અપાતા ચુકાદા છે. અલ્હાબાદ હાઈ કોર્ટે આવો જ એક ચુકાદો આપીને ઉત્તર પ્રદેશના સંભલની શાહી જામા મસ્જિદને વિવાદિત માળખું જાહેર કર્યું છે.

અલ્હાબાદ હાઈ કોર્ટ મસ્જિદના રંગકામની માગ કરતી અરજી પર સુનાવણી કરી રહી હતી ત્યારે હિન્દુ પક્ષના વકીલ હરિશંકર જૈને દાવો કર્યો કે, મુસ્લિમ પક્ષ આ માળખાને મસ્જિદ કહેવાનું ચાલુ રાખતો હોય તો અમે તેને મંદિર કહીશું. જૈનની દલીલ હતી કે, અયોધ્યાના રામજન્મભૂમિ મંદિર કેસમાં પણ બાબરી મસ્જિદને વિવાદિત માળખું કહેવામાં આવ્યું હતું. અલ્હાબાદ હાઈ કોર્ટના જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે આ દલીલ સ્વીકારી લીધી અને સ્ટેનોને જામા મસ્જિદના સ્થાને વિવાદિત માળખું શબ્દો લખવા કહી દીધું.

અલ્હાબાદ હાઈ કોર્ટનું આ વલણ આઘાતજનક છે અને બંધારણીય જોગવાઈની વિરુદ્ધ છે. અયોધ્યા વિવાદ ચરમસીમા પર હતો ત્યારે કૉંગ્રેસની નરસિંહરાવ સરકારે મુસ્લિમ તુષ્ટીકરણ માટે ધ પ્લેસીસ ઓફ વર્શિપ (સ્પેશિયલ પ્રોવિઝન) એક્ટ બનાવેલો. હિંદુઓ એ વખતે અયોધ્યા ઉપરાંત કાશી, મથુરામાં હિંદુ ધર્મસ્થાનોને તોડીને બનાવાયેલી મસ્જિદો પોતાને પાછી મળે એ માટે દાવા કરતા હતા. ભવિષ્યમાં બીજાં મુસ્લિમ ધર્મસ્થાનો પર દાવા ના થાય એટલે ૧૯૯૧માં કેન્દ્રની નરસિંહરાવ સરકારે વર્શિપ એક્ટ બનાવી નાખેલો અને અયોધ્યાના રામજન્મભૂમિ સંકુલ સિવાયનાં તમામ ધર્મસ્થાનોને કાયદાકીય રક્ષણ આપી દીધું હતું.

પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ, ૧૯૯૧ હેઠળ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો ત્યારે દરેક ધર્મસ્થાન જે સ્થિતિમાં હતા તે જ સ્થિતિમાં રાખવાની જોગવાઈ છે. તમામ ધર્મસ્થાનો માટેની આ જોગવાઈ પ્રમાણે, હિંદુવાદીઓ હિંદુ મંદિરો તોડીને બનાવાયેલી મસ્જિદો સહિતનાં હિંદુ ધર્મસ્થાનો પર દાવો ના કરી શકે. મંદિર તોડીને મસ્જિદ બનાવાઈ હોય કે દરગાહ પણ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ત્યાં મસ્જિદ કે દરગાહ ઊભી હોય તો પણ હિંદુઓ તેના પર દાવો ના કરી શકે. આ મસ્જિદ કે દરગાહ ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ બનાવાઈ હોય તો પણ તેના પર મુસ્લિમોનો અધિકાર થઇ ગયો, હિંદુઓ તેના પર દાવો ના કરી શકે.

આ કાયદાનું અર્થઘટન સ્પષ્ટ છે કે, ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ મસ્જિદ હતી એ મસ્જિદ રહે ને મંદિર હતું એ મંદિર રહે. તેનો ઉલ્લેખ પણ એ રીતે જ કરાય એ કહેવાની જરૂર નથી પણ અલ્હાબાદ હાઈ કોર્ટ મસ્જિદ તરીકે જેનો ઉલ્લેખ કરાતો હતો તેને વિવાદાસ્પદ માળખું ગણાવે એ બંધારણીય જોગવાઈની ઐસી તૈસી કહેવાય.

દેશની હાઈ કોર્ટો અને સુપ્રીમ કોર્ટની મૂળભૂત ફરજ જ બંધારણના રક્ષણની છે ત્યારે આ તો બંધારણીય જોગવાઈનું રક્ષણ કરવાના બદલે તેનો અનાદર કરવાની વાત છે. હિંદુ પક્ષે અયોધ્યાના સંકુલનો ઉલ્લેખ વિવાદાસ્પદ સ્થળ તરીકે કરાતો હતો એવી દલીલ કરી એ સાચું છે કેમ કે રામજન્મભૂમિ વિશે વિવાદ ચાલતો હતો અને વર્શિપ એક્ટ હેઠળ રામજન્મભૂમિ સંકુલને આવરી નહોતું લેવાયું. સંભલ સહિતનાં ધર્મસ્થાનો વર્શિપ એક્ટ હેઠળ આવરી લેવાયેલાં છે તેથી તેનો ઉલ્લેખ અલગ રીતે ના કરી શકાય.

કૉંગ્રેસે બનાવેલો વર્શિપ એક્ટ મુસ્લિમ તુષ્ટીકરણનો નાદાર નમૂનો છે તેમાં બેમત નથી પણ તેના કરતાં મોટી હકીકત એ છે કે, વર્શિપ એક્ટ ભારતના બંધારણમાં કરાયેલી જોગવાઈ છે અને દેશનો કાયદો છે. આ દેશના તમામ નાગરિકે આ કાયદો પાળવો જ પડે ને અદાલતે આ કાયદાનું પાલન કરાવવું પડે જ પણ તેના બદલે આ તો હાઈ કોર્ટ જ તેનો અનાદર કરી રહી છે ને વાડ જ ચિભડાં ગળે એવી હાલત છે.

કમનસીબી એ છે કે, આવું પહેલી વાર નથી બન્યું. ઘણા કેસોમાં હાઈ કોર્ટે આવા ચુકાદા આપ્યા છે ને આ ટ્રેન્ડ ખતરનાક છે. હાઈ કોર્ટે સારી હોય કે ખરાબ, બંધારણીય જોગવાઈનું ચુસ્ત રીતે પાલન થાય એ જોવું જ જોઈએ પણ તેના બદલે હાઈ કોર્ટ જ બંધારણની અવગણના કરી રહી છે. દેશના કાયદા અને બંધારણીય જોગવાઈઓનું જતન કરવાની સૌથી વધારે જવાબદારી જેની છે એ ન્યાયતંત્ર આ રીતે વર્તે તો દેશમાં કાયદાનું શાસન જ ના રહે.

સંભલ સહિતનાં જે પણ હિંદુ ધર્મસ્થાનો મુસ્લિમ આક્રમણ વખતે તોડી પાડવામાં આવ્યાં તેના પર હિંદુઓ દાવો કરી જ શકે. એ તેમનો અધિકાર છે પણ એ અધિકાર વર્શિપ એક્ટના કારણે છીનવાય છે. આ સંજોગોમાં ખરી જરૂર વર્શિપ એક્ટને નાબૂદ કરવાની છે પણ કમનસીબે આપણી સરકારમાં એટલું જોર નથી. અત્યારે તો ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી જ નથી એટલે વર્શિપ એક્ટ નાબૂદ કરવાની વાત પણ ના કરી શકાય પણ દસ વર્ષ લગી તેમની પાસે બહુમતી હતી ત્યારે પણ ભાજપે એવો પ્રયત્ન નથી કર્યો. હાઈ કોર્ટે આ વાત સ્પષ્ટ કરવી જોઈએ અને ધર્મસ્થાનોને લગતા જે પણ વિવાદો ઊભા કરાય તેમાં સ્પષ્ટ રીતે કહેવું જોઈએ કે, વર્શિપ એક્ટના કારણે અમારા હાથ બંધાયેલા છે એટલે સરકાર પાસે જાઓ અને સંસદ પાસે વર્શિપ એક્ટ નાબૂદ કરાવો.

હિંદુઓએ પણ આ વાત સમજવી જરૂરી છે. ભૂતકાળમાં સંઘ સહિતનાં હિંદુવાદી સંગઠનો અને ભાજપ પણ વર્શિપ એક્ટની ટીકા કરતાં ને તેને નાબૂદ કરવાની વાતો કરતાં પણ સત્તા આવી પછી આ વાત ભાજપ સાવ ભૂલી ગયો છે. દસ વર્ષથી કેન્દ્રમાં ભાજપની સરકાર છે પણ ભાજપ સરકારે વર્શિપ એક્ટ નાબૂદ કરવા કશું કર્યું નથી. સાધુ-સંતો વચ્ચે વચ્ચે ઉકળાટ બતાવે છે પણ પછી પાછા ઠંડા પડી જાય છે.

હિંદુઓએ પોતાનાં ધર્મસ્થાનો પાછાં લેવાં હોય તો વર્શિપ એક્ટ નાબૂદ કરાવવા માટે દબાણ પેદા કરાવવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૭-૩-૨૦૨૫, દુર્ગાષ્ટમી.

- ભારતીય દિનાંક ૧૬, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૩-૩૧ સુધી, પછી આર્દ્રા.
- ચંદ્ર વૃષભમાં ક. ૧૧-૪૪ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૩, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ સાંજે ક. ૧૮-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૬ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૧૧-૨૭, મધ્યરાત્રે ક. ૦૦-૫૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ તા.૬ થી તા.૧૪ સુધીમાં હોળાષ્ટકનાં કમુહૂર્તામાં સાંસારિક માંગલિક કાર્યો વર્જ્ય છે. નિત્ય કારોબારનાં કામકાજ થઇ શકે છે. નિત્ય થતા દુકાન-વેપાર, ખેતીવાડીનાં કામકાજ, બી વાવવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શિવ-પાર્વતી પૂજા, દેવી સુક્ત, સપ્તશતી પાઠ વાંચન, ચંદ્ર દેવતાનું પૂજન, ખેરનું વૃક્ષ વાવવું. હજામત.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ અપયશ મળે, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ નાણાંના વ્યવહારમાં સંભાળવું, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અનીતિમાન. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# આ વખતે અમરનાથ યાત્રા ૩૯ દિવસની

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : આ વખતે અમરનાથ યાત્રા ફક્ત ૩૯ દિવસની હશે. યાત્રા ત્રણ જુલાઈએ શરૂ થશે અને નવ ઓગસ્ટે પૂરી થશે. શ્રી બાબા અમરનાથજી શ્રાઈન બૉર્ડની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ટ્રસ્ટને સરકાર તરફથી ખાસ સવલતો દેવામાં આવશે. શ્રદ્ધાળુના રહેવાની વ્યવસ્થા, લંગર અને બીજી સુવિધા પ્રદાન કરવા આ અગાઉ જ કામ શરૂ થઈ ગયું છે. યાત્રીઓની સુરક્ષાની ખાસ દરકાર લેવામાં આવી છે.

શ્રાઈન બૉર્ડે માહિતી આપી કે શ્રી અમરનાથ યાત્રા ત્રણ જુલાઈથી શરૂ થઈને નવ ઓગસ્ટે પૂરી થશે. આ નિર્ણય રાજભવનમાં ઉપરાજ્યપાલ મનોજ સિંહાના નેતૃત્વવાળી શ્રાઈન બોર્ડની ૪૮મી બેઠકમાં લેવામાં આવ્યો હતો. બેઠકમાં બૉર્ડના સભ્યો સ્વામી અવધેશાનંદ ગિરિજી મહારાજ, ડી. સી. રૈના, કૈલાશ મેહરા સાધુ, કે. એન. રાય, પિતાંબર લાલા ગુપ્તા, ડૉ. શૈલેષ રૈના અને પ્રોફેસર વિશ્વમૂર્તિ શાસ્ત્રી હાજર રહ્યા હતા.

આ વખતે અમરનાથની બન્ને રૂટ-અનંતનાગ જિલ્લાથી પહલગામ ટ્રેક અને ગંદરબલ જિલ્લામાં બાલટાલની યાત્રા એકસાથે શરૂ થશે. રક્ષાબંધનના દિને આની સમાપ્તિ થશે. બૉર્ડે શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓ અને સેવાને બહેતર બનાવવા વિવિધ ઉપાયો અને સુવિધાનો પ્રસ્તાવ મૂક્યા હતા.

યાત્રા માટે શ્રદ્ધાળુની વધતી ભીડ જોતા બેઠકમાં જમ્મુ, શ્રીનગર અને અન્ય સ્થાનોમાં કેન્દ્રો પર રહેવાની ક્ષમતા વધારવા, ઈ-કેવાયસી માટે યાત્રી સુવિધા કેન્દ્રોનું સંચાલન, આરએફઆઈડી કાર્ડ જારી કરવા, નૌગામ અને કટરા રેલવે સ્ટેશનો સહિત અનેક સ્થાનોમાં શ્રદ્ધાળુઓના રજિસ્ટ્રેશન કરવાના ઉપાયો વગેરે મુદ્દા પર ચર્ચા થઈ હતી. બેઠકમાં બાલટાલ, પહલગામ, નુનવાન અને પંથા ચોક અને શ્રીનગરમાં આ સુવિધા જરૂર પ્રમાણે વધારવા અંગે ચર્ચા થઈ હતી.

લાઈન વિભાગો દ્વારા કરવામાં આવી રહેલાં વિવિધ કાર્યોની પ્રગતિની ઉપરાજ્યપાલે સમીક્ષા કરી હતી. સિંહાએ યાત્રાના માર્ગમાં વિવિધ સ્થાનોમાં પૂરતી વ્યવસ્થા અને અપેક્ષિત સુવિધા સુનિશ્ચિત કરવાની આવશ્યકતા પર જોર દીધું. તેમણે યાત્રી નિવાસ, પંથા ચોક અને શ્રીનગરમાં ક્ષમતા વધારવાનો અનુરોધ કર્યો.

બેઠકમાં યાત્રા સંબંધિત સૂચનાઓનો પ્રસાર, યાત્રીઓ, સેવા પ્રદાતાઓ અને ટટ્ટુને વીમાકવચ. પવિત્ર ગુફા અને નીચેની પવિત્ર ગુફામાં ભીડ ઓછી કરવાના ઉપાય, કટોકટીભરી પરિસ્થિતિની તૈયારી અને ઉપાયો, હેલિ સેવા, ચિકિત્સા દેખભાળ સુવિધાની પૂરતી વ્યવસ્થા, હવામાનની આગાહીના ઢાંચા અને પ્રણાલી, સુરક્ષા અને નિરીક્ષણ અને સેવા ભાડે લેવા માટે ડિજિટલ પ્રીપેઈડની સિસ્ટમ વગેરે પરિયોજના પર વિચાર કરવામાં આવ્યો હતો. સિંહાએ બૉર્ડના સભ્યોનું અભિવાદન કર્યું હતું અને યાત્રાના સફળ સંચાલન માટે અમૂલ્ય યોગદાન અને સતત માર્ગદર્શન માટે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. બૉર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી ડૉ. સંદીપ ભંડારીએ યાત્રાની વ્યવસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી.

મુખ્ય સચિવ અટલ ડલ્લુ, જળશક્તિ વિભાગના વધારાના મુખ્ય સચિવ શાલીન કાબરા, ડીજીપી નલિન પ્રભાત, ગૃહ ખાતાના મુખ્ય સચિવ ચંદ્રાકર ભારતી તથા જમ્મુ અને કાશ્મીરના આયુક્ત, ઉપ આયુક્ત (ગાંદરબલ અને અનંતનાગ), એસએએસબીના વધારાના સીઈઓ અને યુટી પ્રશાસન અને બૉર્ડના સિનિયર અધિકારી હાજર રહ્યા હતા. ■

# ધર્મ-જ્ઞાતિના આધારે વ્યક્તિનું મૂલ્યાંકન ન થાય એવા સમાજની રચનાની જરૂર : ગડકરી

નવી દિલ્હી : કેન્દ્રના પ્રધાન નીતિન ગડકરીએ ગુરવારે કહ્યું હતું કે એવા સમાજની રચના કરવાની જરૂર છે જેમાં કોઈને એવી લાગણી ન થાય કે જાતિ, જ્ઞાતિ કે ધર્મના આધારે ભેદભાવ થયો છે .

આઠમી માર્ચની મહિલા દિનની ઉજવણી પહેલાં પરિવર્તન લાવનાર મહિલાઓને 'લોકમાતા અહિલ્યાબાઈ હોલકર મહિલા સમ્માન' આપવા સમારોહ યોજાયો હતો અને એમાં ગડકરીએ ઉક્ત ટિપ્પણી કરી હતી. ગડકરીએ કહ્યું હતું કે આપણે એવા સમાજનું ઘડતર કરવું જોઈએ જેમાં કોઈનું પણ મૂલ્યાંકન જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સામાજિક મોભાના આધારે નહીં, પરંતુ તેના કૌશલ અને યોગદાનના આધારે થાય. આ એવૉર્ડ મુંબઈસ્થિત કમલા અંકીબાઈ જ્ઞાનમંદિર ગોવાની ટ્રસ્ટ તરફથી શરૂ કરવામાં આવ્યા હતા. ગડકરીએ કહ્યું હતું કે વિશ્વ બદલાઈ ગયું છે અને મહિલાને તેની જાતિને લીધે નબળી હોવાનું પ્રતીત ન થવું જ જોઈએ. જ્યાં ગુણવત્તા આધાર છે ત્યાં મહિલા મોખરે છે. સિદ્ધિ મેળવનારામાંથી ટોચના ૭૫ ટકામાં મહિલાઓએ સ્થાન મેળવ્યું છે. (એજન્સી) ■

# 'હોળી વર્ષમાં એક વાર આવે છે, જ્યારે જુમાની નમાજ બાવન વખત'

## સંભલના પોલીસ અધિકારીના નિવેદનથી વિવાદ

સંભલ (ઉત્તર પ્રદેશ): અહીંના પોલીસ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું કે હોળી વર્ષમાં એક વાર આવે છે, જ્યારે જુમાની નમાજ બાવન વખત આવે છે. જેઓને હોળીના રંગ ન ગમતા હોય, તેઓ હોળીના દિવસે ઘરમાં રહે.

સંભલ સર્કલ ઑફિસર અનુજ ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે હોળી બધાએ સાથે મળીને ઊજવવાની હોય છે. મોટું મન ધરાવતા લોકોએ જ હોળી ઊજવવા ઘરની બહાર નીકળવું જોઇએ.

હોળી અને રમજાન મહિનામાંની જુમાની નમાજના સંદર્ભમાં સંભલ કોટવાલી પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મુસલમાનો ઇદની આતુરતાથી રાહ જુએ છે, જ્યારે હિંદુઓ હોળીની રાહ જોતા હોય છે. તહેવારની ઉજવણી કોમી એખલાસ સાથે થવી જોઇએ. હોળીમાં રંગ લગાવવાની સાથે મીઠાઇઓ વહેંચાય છે. ઇદમાં પણ ખાસ મીઠાઇ અને અન્ય વાનગીઓ બનાવાય છે. જો કોઇને રંગ ગમતો ન હોય તો તેને બળજબરીથી લગાડવો ન જોઇએ.

દરમિયાન, વિપક્ષોએ પોલીસ અધિકારીના આ નિવેદનને 'દ્વેષભાવવાળું' ગણાવીને તેમની સામે પગલાં લેવાની માગણી કરી હતી.

સમાજવાદી પક્ષના પ્રવક્તાએ જણાવ્યું હતું કે પોલીસ અધિકારીએ ભાજપના એજન્ટ તરીકે કામ કરવું ન જોઇએ. (એજન્સી) ■

# ટ્રમ્પ વધુ ૮૦,૦૦૦ સરકારી કર્મચારીને નોકરીમાંથી કાઢવાની તૈયારીમાં

## ઈલોન મસ્ક દ્વારા લેવાતા પગલાંનો ટ્રેડ યુનિયનો વિરોધ કરી રહ્યા છે

વૉશિંગ્ટનઃ અમેરિકાનું 'ડિપાર્ટમેન્ટ ઑફ વેટરન્સ અફેર્સ' (સેવાનિવૃત્ત સૈનિકોનો વિભાગ) ૮૦,૦૦૦ જેટલા કર્મચારીઓને નોકરીમાંથી પાણીચું આપવાની તૈયારી કરી રહ્યું છે. આ સંબંધમાં ઇન્ટરનલ મેમો અપાયો છે.

'ડિપાર્ટમેન્ટ ઑફ વેટરન્સ અફેર્સ' લાખો વેટરન્સ (સેવાનિવૃત્ત સૈનિકો)ને આરોગ્ય અને અન્ય સેવા પૂરી પાડે છે. 'ડિપાર્ટમેન્ટ ઑફ વેટરન્સ અફેર્સ'ના વડા (ચીફ ઑફ સ્ટાફ) ક્રિસ્ટોફર સિરેકે જણાવ્યું હતું કે અમે કર્મચારીઓની સંખ્યા ઘટાડીને ૨૦૧૯ના સ્તરે એટલે કે ૪,૦૦,૦૦૦ની નીચે લાવવા માગીએ છીએ. અગાઉના બાઇડનના વહીવટીતંત્રે આ વિભાગમાં કર્મચારીઓની સંખ્યા ઘણી વધારી હોવાથી હજારો લોકોને નોકરીમાંથી પાણીચું આપવું પડશે.

ડિપાર્ટમેન્ટના ઇન્ટરનલ મેમોમાં ઉચ્ચ અધિકારીઓને આ વિભાગમાં મોટા પાયે ફેરફાર અને સુધારા-વધારા માટે તૈયાર રહેવા પણ સૂચના આપી હતી.

આ ઉપરાંત, આ એજન્સીના અધિકારીઓને વાઇટ હાઉસના ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિસિયન્સીની સાથે મળીને કામ કરવા પણ આદેશ અપાયો છે.

અમેરિકાનું ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિસિયન્સીના વડા અબજોપતિ ઉદ્યોગપતિ ઇલોન મસ્ક છે અને તેમના દ્વારા લેવાતા વિવિધ પગલાંનો અનેક ટ્રેડ યુનિયન તેમ જ નોન-પ્રોફિટ ઑર્ગેનાઇઝેશન વિરોધ કરી રહ્યા છે અને તેમની સામે અદાલતમાં કેસ પણ કર્યા છે. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રની ભાષા

પત્રકારો માટે વિશેષ પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું અને તેમાં હું પોતે હાજર હતો. કીર્તિકરે આ વખતે ગુજરાતી પત્રકારોને જે કહ્યું તેના પરથી અંદાજ આવી શકશે કે બાળ ઠાકરેને કેમ બધા પ્રેમ કરતા હતા. તેમનું કદ કેટલું ઊંચું હતું. યુતિની સરકાર આવ્યા પછી રાજ્ય સરકારે મરાઠી ભાષાના પત્રકારોને ૧૦ ટકા ક્વોટાના ફ્લેટોની ફાળવણી કરી હતી અને ત્યારે બાળ ઠાકરેએ કીર્તિકરને બોલાવીને કહ્યું હતું કે મુંબઈમાં ગુજરાતી પત્રકારો પણ છે. તેમને પણ આવી જ રીતે ફાળવણી થવી જોઈએ. ગુજરાતી-મરાઠી ભેદ ન થવો જોઈએ. બાળ ઠાકરેએ ક્યારેય ગુજરાતીઓનો વિરોધ કર્યો નહોતો, પરંતુ આજે તેમના વંશજો આવીને જે રીતે દ્વેષભાવ ફેલાવે છે તેને જોઈને ભારે દુઃખ થાય છે. વાસ્તવમાં સ્થિતિ એવી છે કે રાજ્યના રાજકારણમાં અત્યંત નબળી સ્થિતિ થઈ ગઈ હોવાથી આવા મુદ્દાઓ પકડીને મોટા પાયે રાજકારણ કરવામાં આવી રહ્યું છે અને આ અત્યંત ખરાબ બાબત છે. નાની વાત પર મોટો વિવાદ કરવો યોગ્ય નથી. મુંબઈના અનેક પત્રકારો સારું મરાઠી બોલે-વાંચે-સમજે છે. બંને ભાષાઓ વચ્ચે અત્યારે સારા પ્રમાણમાં આદાનપ્રદાન થઈ રહ્યું છે. આ સ્થિતિને બગાડવાની કોઈ જ આવશ્યકતા નથી, પરંતુ ટૂંકા રાજકીય હેતુઓ માટે આવું કરવામાં આવે છે.

જેમની પાસે બીજા કોઈ મુદ્દા નથી, જેમને લોકોએ નકારી કાઢ્યા છે તેઓ આવા વિવાદ કરી રહ્યા છે. ગુજરાતી નાટકો-મરાઠી નાટકો, ગુજરાતી ફિલ્મો-મરાઠી ફિલ્મો વગેરેમાં ગુજરાતી મરાઠી કલાકારો ભેગા છે. મુંબઈમાં બધા ભેગા છે અને ક્યાંય આવો વિવાદ નથી, અનેક મરાઠી સંસ્થાઓમાં મરાઠી યુવકો કાર્યરત છે, તો અનેક મરાઠી સંસ્થાનોમાં ગુજરાતીઓ કાર્યરત છે. બંને વચ્ચે કોમ વચ્ચે સૌહાર્દપૂર્ણ વાતાવરણ છે જે માત્ર અને માત્ર વોટ બેંકના રાજકારણ ખાતર કેટલાક લોકો બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. મુંબઈના ગુજરાતીઓ અને મરાઠીઓએ પણ સમજવાની જરૂર છે કે આપણે બધા જ ભારતીયો છીએ. બાળ ઠાકરેએ પણ હિંદુત્વની વાત કરી હતી. તેમને હિંદુહૃદયસમ્રાટનું બિરુદ મળ્યું હતું. છત્રપતિ શિવાજી મહારાજે પણ દેશમાં હિંદવી સ્વરાજ્યની સ્થાપના કરી હતી. હિંદુ અને સનાતનની એકતાને માટે આવા વિવાદોથી દૂર રહેવાની આવશ્યકતા છે. ■

### લંડનમાં જયશંકરના

આ ઘટનાના ફૂટેજને સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યાં હતાં અને જણાવ્યું હતું કે ડૉ. એસ. જયશંકર યુકેના પ્રવાસે આવ્યા છે ત્યારે બનેલી આ ઘટના શરમજનક ગણાય. આ બનાવની પહેલાં ભારતના વિદેશ પ્રધાને યુકેના વિદેશ પ્રધાન ડેવિડ લેમીની સાથે ફળદાયી મંત્રણા કરી હતી અને દ્વિપક્ષી સંબંધ વધારવા માટે ચર્ચાવિચારણા કરી હતી.

નવી દિલ્હીમાંના વિદેશ મંત્રાલયે આ ઘટનાને વખોડી હતી અને જણાવ્યું હતું કે યુકે સરકારે ભારતના નેતાને પૂરતી સુરક્ષા આપવી જોઇએ. અમે આ ઘટનાની ફૂટેજ જોઇ છે અને ભાગલાવાદી તેમ જ ઉગ્રતાવાદી સંગઠનની આવી પ્રવૃત્તિ ઉશ્કેરણીજનક ગણીએ છીએ.

અગાઉ, ચેટમ હાઉસ ખાતે જયશંકરને ભારતમાં માનવ અધિકારના થઇ રહેલા કહેવાતા ભંગ અંગે સવાલ પુછાયો હતો.

ભારતના વિદેશ પ્રધાને આ આક્ષેપને રાજકીય અને કિન્નાખોરીવાળો ગણાવ્યો હતો અને જણાવ્યું હતું કે ભારતનો માનવ અધિકાર જાળવવા માટેનો રેકોર્ડ ઘણો સારો છે અને ભારતની લોકશાહી વિશ્વસનીય છે. (એજન્સી) ■

### ગાઝામાં બાનમાં

જરૂરી તમામ સહાય ઈઝરાયલને અમે પહોંચાડીશું.

હમાસને ચેતવણી આપતા ટ્રમ્પે કહ્યું હતું કે બાનમાં રખાયેલા તમામ લોકો તેમ જ તમે જેમની હત્યા કરી હતી તે તમામના મૃતદેહ અત્યારેને અત્યારે સોંપી દો અન્યથા તમારો અંત નિશ્ચિત છે.

માનસિક રીતે બીમાર તેમ જ વિકૃત લોકો જ મૃતદેહને સાચવી રાખે છે અને તમે એ જ પ્રકારના લોકો છો, એમ ટ્રમ્પે કહ્યું હતું.

વર્ષ ૧૯૯૭માં અમેરિકાના વિદેશ ખાતેએ હમાસને આંતરરાષ્ટ્રીય આતંકવાદી જૂથ લેખાવ્યા બાદ પ્રથમ જ વાર અમેરિકાએ હમાસને સીધી ચેતવણી આપી છે.

ઈઝરાયલના અધિકારીઓના જણાવ્યાનુસાર અમેરિકન નાગરિક ઍડન ઍલેકઝાન્ડર સહિત ૨૪ જીવિત વ્યક્તિને હમાસે ગાઝામાં બાનમાં રાખ્યા હોવા ઉપરાંત ૩૫ જેટલા મૃતદેહ પણ તેમના જ કબજામાં છે. (એજન્સી) ■

### ભારતને પીઓકે

જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી દેશના બંધારણમાંની કલમ ૩૭૦ને દૂર કરવાનું પગલું કાશ્મીર સમસ્યા ઉકેલવાની દિશામાંનું પ્રથમ હતું. બીજા પગલામાં કાશ્મીરનો વિકાસ કરવાનો, આર્થિક પ્રવૃત્તિ વધારવાનો અને સામાજિક ન્યાયની પ્રક્રિયા ઝડપી બનાવવાનો સમાવેશ થાય છે. ત્રીજા પગલામાં કાશ્મીરમાં ચૂંટણી યોજીને મોટા પાયે મતદાન કરાવાયું હતું.

જયશંકરે જણાવ્યું હતું કે અમે (ભારત) પાકિસ્તાને 'હડપેલું' કાશ્મીર જે હાલમાં પાકિસ્તાનના ગેરકાયદે કબજામાં છે, તેને પાછું મેળવવાની રાહ જોઇ રહ્યા છીએ. જો તેમ થશે, તો કાશ્મીર સમસ્યા ઉકેલાઇ જશે.

દરમિયાન, પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા શાફકત અલી ખાને ઇસ્લામાબાદમાં જણાવ્યું હતું કે ભારત આઝાદ જમ્મુ અને કાશ્મીર અંગે પાયાવિહોણા દાવા કરી રહ્યું છે. ભારતે છેલ્લાં ૭૭ વર્ષથી પોતાના કબજા હેઠળ જમ્મુ અને કાશ્મીરનો જે મોટો ભાગ છે, તેને ખાલી કરવો જોઇએ.

ખાને જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિના સંબંધિત ઠરાવમાં લખેલું છે કે જમ્મુ અને કાશ્મીરના અંતિમ દરજ્જા અંગે નિર્ણય સંયુક્ત રાષ્ટ્રસંઘના નિરીક્ષણ હેઠળ મુક્ત અને નિષ્પક્ષ જનમત યોજીને લેવો જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે ભારત પોતાના બંધારણના આધારે કાશ્મીરમાં ચૂંટણી યોજી ન શકે.

ભારત પહેલેથી જ પાકિસ્તાનને કહી રહ્યું છે કે જમ્મુ અને કાશ્મીર ભારતનો અવિભાજ્ય ભાગ હતું, છે અને રહેશે. (એજન્સી) ■

### ઇડીને ધરપકડ

૨૭ જુલાઇએ આ કાયદાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો અને જણાવ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)ને કાળાં નાણાં ધોળાં કરવાની પ્રવૃત્તિ વિરોધી ધારા હેઠળ કોઇની ધરપકડ કરવાનો અને મિલકતને ટાંચ મારવાનો અધિકાર છે.

બાદમાં, સર્વોચ્ચ અદાલત ૨૦૨૨ના ૨૭ જુલાઇના પોતાના સંબંધિત ચુકાદાની પુનઃસમીક્ષા કરવા ૨૦૨૨ના ઑગસ્ટમાં સહમત થઇ હતી. (એજન્સી) ■

### દ.કોરિયાના

પાઈલટે ક્યા બૉમ્બ ફેંકવા એના ખોટા નિર્દેશકો મૂક્યા હતા. સંરક્ષણ મંત્રાલયના અધિકારીએ પત્રકારોને કહ્યું હતું કે કેએફ-૧૬ના બીજા પાઈલટે એ જ નાગરિક વિસ્તારમાં કેમ બૉમ્બમારો કર્યો એની વધુ તપાસ કરવાની જરૂર છે.

વિદેશી માધ્યમોને અધિકારીઓએ કહેલી માહિતી આપવામાં આવી હતી.

હવાઈ દળે માફી માગી હતી અને ઈજાગ્રસ્ત લોકો ઝડપથી સાજા થાય એવી આશા વ્યક્ત કરી હતી. હવાઈ દળે વળતર આપવાની અને બીજા જરૂરી પગલાં લેવાની ખાતરી આપી હતી. બનાવ દક્ષિણ કોરિયાની સરહદની નજીકના શહેર પોચેઓમાં બન્યો હતો.

આ શહેરના મેયરે લશ્કરને જ્યાં સુધી આવા બનાવોનું પુનરાવર્તન રોકવાનાં પગલાં ન લેવામાં આવે ત્યાં સુધી લશ્કરી કવાયત અટકાવી દેવાની માગણી કરી હતી. લશ્કરે પછી કવાયત સસ્પેન્ડ કરી હતી. શહેરના ડિઝાસ્ટર રીસ્પોન્સ સેન્ટરે માહિતી આપી હતી કે છ નાગરિકો અને બે જવાનો ઘાયલ થયા છે અને હૉસ્પિટલમાં તેમનો ઈલાજ ચાલુ છે. ચાર નાગરિકની હાલત ગંભીર છે. (એજન્સી) ■

### નવા આઈટી કાયદાથી

આપણું વ્યક્તિગત જીવન ઝૂંટવી લેશે. મોદી (વડા પ્રધાન નરેન્દ્ર મોદીના) નવા આવક વેરા કાયદા હેઠળ સરકાર વેરા અધિકારીઓને તમારી ડિજિટલ લાઈફમાં ડોકિયા કરવાની છૂટ આપે છે. કોઈ નોટિસ નહીં, કોઈ વોરંટ નહીં. ફક્ત શંકાના આધારે તમારી ગુપ્તતા છીનવાઈ જશે. આ નિગરાણી છે અને આપણે બધાએ એનો અસંદિગ્ધ રીતે વિરોધ કરવો જ જોઈએ।

સુપ્રિયાએ એક્સ પર પોસ્ટ મૂકીને કહ્યું હતું કે તમારા ઈ-મેલ, સોશિયલ મીડિયા અને બૅન્ક તથા ટ્રેડિંગ અકાઉન્ટ પર હુમલો થશે. (એજન્સી) ■



**રાહુલ ધારાવીમાં:** કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ગઈ કાલે મુંબઈ આવ્યા હતા અને લેધર વ્યાપારનું કેન્દ્ર ગણાતા ધારાવીની મુલાકાત લીધી હતી. તેમણે લેધર વ્યાપારના કામદારો સાથે તેમની મુલાકાત દરમ્યાન વિચારવિમર્શ પણ કર્યો હતો. (અમય ખરાડે)

# મધ્ય રેલવેમાં ૧૫ ડબ્બાની બાવીસ ટ્રેનસેવા વધી શકે છે

## આ માટે સીએસએમટી પરનાં પાંચ અને છ નંબરનાં પ્લેટફોર્મની લંબાઈ વધારવાની યોજના

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)થી કલ્યાણ સુધી ૧૫ ડબ્બાની લોકલની ફેરીઓ વધારવા માટે મધ્ય રેલવેના મુંબઈ વિભાગે હિલચાલ શરૂ કરી દીધી છે. આ માટે સીએસએમટીના પ્લેટફોર્મ નંબર પાંચ અને છની લંબાઈ વધારવાનો નિર્ણય પ્રશાસને લીધો છે. પ્લેટફોર્મ વધારવા માટે નડતરરૂપ આરઆરઆઈ બિલ્ડિંગને જમીનદોસ્ત કરવાની પ્રક્રિયા પ્રશાસને શરૂ કરી દીધી છે. પ્લેટફોર્મના વિસ્તારીકરણ બાદ ૧૫ ડબ્બાની બાવીસ ટ્રેનસેવા વધારી શકવાનો માર્ગ મોકળો થશે.

મધ્ય રેલવેના મુંબઈ વિભાગમાં ૧૫ ડબ્બાની લોકલ ઊભી કરવા માટે સાનપાડા કારશેડ અને સીએસએમટી પર ૭ નંબરનું પ્લેટફોર્મ એમ બે ઠેકાણાં છે. સીએસએમટી પર અન્ય પ્લેટફોર્મની લંબાઈ ૧૨ ડબ્બાની લોકલ ટ્રેનો ઊભી કરવા પૂરતી જ છે. ૧૫ ડબ્બાની લોકલ ફેરીઓને વધારવા પહેલાં આ ટ્રેનો ઊભી કરવા માટે સીએસએમટી પરના પ્લેટફોર્મ નંબર પાંચ અને છનાં વિસ્તારીકરણમાં રેલવેને સિગ્નલ સંબંધી બિલ્ડિંગ નડતરરૂપ થઇ રહી હતી. હાલમાં જ મધ્ય રેલવેએ એક મોટો બ્લોક હાથ ધર્યો હતો. બ્લોકના સમયમાં બિલ્ડિંગની યંત્રણાને પ્લેટફોર્મ નંબર ૧૮ પર સ્થળાંતરિત કરવામાં આવી છે. આને કારણે બિલ્ડિંગ પાડવાનો માર્ગ મોકળો થયો છે. હાલમાં બિલ્ડિંગ પૂરી રીતે ખાલી કરવામાં આવી હોઇ તેને જોખમી તરીકે જાહેર કરવામાં આવી છે. બિલ્ડિંગની આસપાસના બંને માર્ગ પર ટ્રેનવ્યવહારને અસર ન થાય એ માટે તબક્કા વાર બિલ્ડિંગનું તોડકામ પૂરું કરવામાં આવશે. તોડકામ પૂરું કર્યા બાદ જે જગ્યા મોકળી થશે ત્યાં પાંચ અને છ નંબરના પ્લેટફોર્મની લંબાઈ વધારવામાં આવશે. આ માટે ૧૧.૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે અને તેનું કામ ઓક્ટોબર મહિના સુધીમાં પૂરું થશે, એવું વરિષ્ઠ રેલવે અધિકારીએ જણાવ્યું હતું. ■




# સાયબર ઠગોએ હાઇ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ્સ માટે ફેક લિંક બનાવી

મુંબઈઃ વાહનો માટેની હાઇ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી)ના રજિસ્ટ્રેશન માટે હાલ પડાપડી ચાલી રહી છે અને આ નોંધણી ઓનલાઇન કરાવવાની હોવાથી અનેક લોકો મૂંઝવણમાં છે. આનો લાભ ઉઠાવવા સાયબર ઠગોએ રજિસ્ટ્રેશન માટે પણ ફેક લિંક બનાવીને ઠગાઇ કરવાનું શરૂ કર્યું છે. આ વાત ધ્યાનમાં આવતાં પોલીસે અજાણ્યા શખસો ગુનો દાખલ કરીને તપાસ આદરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આસિસ્ટન્ટ ટ્રાન્સપોર્ટ કમિશનર રેન્કના ઓફિસરે બુધવારે અજાણ્યા સાયબર ઠગો વિરુદ્ધ સાઉથ રિજન સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ ઠગાઇ પ્રકાશમાં આવી હતી. મહારાષ્ટ્ર ટ્રાન્સપોર્ટ વિભાગે એપ્રિલ, ૨૦૧૯ પૂર્વે નોંધણી કરાયેલાં વાહનોમાં આ વર્ષે ૩૦ એપ્રિલ સુધી એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાનું ફરજિયાત બનાવ્યું છે. રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ (આરટીઓ) દ્વારા આ માટે નોંધણી કરાવવા વાહનના માલિકો માટે ટ્રાન્સપોર્ટ વિભાગની વેબસાઇટ પર લિંક પૂરી પાડી છે. આરટીઓ દ્વારા ત્રણ વેન્ડરને આ માટે પસંદ કરવામાં આવ્યા છે, જેમાં રોસમેર્ટા સેફ્ટી સિસ્ટમ લિમિટેડ, રિયલ મેઝોન ઇન્ડિયા લિમિટેડ અને એફટીએ એચએસઆરપી સોલ્યુશન્સ લિમિટેડનો સમાવેશ છે. આમાંથી રોસમેર્ટા અને રિયલ મેઝોને તેમની બોગસ લિંક તૈયાર કરવામાં આવી હોવાની ફરિયાદ આરટીઓમાં કરી છે. (પીટીઆઇ)■

# રાઉત, રોહિત પવાર સામે વિશેષાધિકાર ભંગની નોટિસ

મુંબઈઃ મહારાષ્ટ્રના ગ્રામીણ વિકાસ પ્રધાન જયકુમાર ગોરે ગુરુવારે શિવસેના (યુબીટી)ના મુખપત્ર 'સામના'ના કાર્યકારી સંપાદક સંજય રાઉત અને અન્ય બે લોકો સામે તેમને બદનામ કરવાનો આરોપ કરતી વિશેષાધિકાર ભંગની નોટિસ રજૂ કરી હતી.

રાઉત ઉપરાંત જયકુમાર ગોરેએ એનસીપી (એસપી)ના વિધાન સભ્ય રોહિત પવાર અને તુષાર ખરાત નામના ડિજિટલ પત્રકાર સામે પણ વિશેષાધિકાર ભંગની નોટિસ રજૂ કરી છે. વિપક્ષે એક મહિલાની પજવણી કરવા અને તેને વાંધાજનક ફોટા મોકલવાના આરોપો અંગે તેમના રાજીનામાની માગ કરી એના એક દિવસ પછી ગોરેએ નોટિસો મોકલી છે. પ્રધાને આરોપો ફગાવી દીધા છે.

અધ્યક્ષ રાહુલ નાર્વેકરે કહ્યું કે તેમણે નોટિસો સ્વીકારી ગૃહની વિશેષાધિકાર સમિતિને મોકલી છે. (પીટીઆઈ)■

# મુંબઈને ન બનવા દો 'ઊડતા પંજાબ'

## આમ કહીને મહાલક્ષ્મી ખાતે યોજાનારા લોલાપલુઝા ફેસ્ટિવલને રદ કરવાની માગણીઃ ડ્રગ્સનું સેવન થઈ શકવાનો ભય અને ટ્રાફિક જૅમ થશે એ છોગામાં

મુંબઈઃ મહાલક્ષ્મીના રેસકોર્સ ખાતે બે દિવસીય આંતરરાષ્ટ્રીય 'લોલાપલુઝા' મ્યુઝિકલ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને કારણે આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ટ્રાફિક જૅમ થઇ શકે છે અને કાર્યક્રમને કારણે નશીલા પદાર્થના સેવન થવાનું પણ જોખમ છે. મુંબઈને ઊડતા પંજાબ ન કરો, એવું જણાવીને આ કાર્યક્રમ પર રોક લગાવવાની માગણી સ્થાનિક ભૂતપૂર્વ નગરસેવકે કરી છે.

કાર્યક્રમને રદ કરવાની માગણીવાળો એક પત્ર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને પોલીસ વિભાગને મોકલવામાં આવ્યો છે.

આ પત્રમાં એવું કહેવામાં આવ્યું છે કે રેસકોર્સની જગ્યા મહાપાલિકા અને રાજ્ય સરકારના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. આ જગ્યા પર ૮ અને ૯મી માર્ચના રોજ લોલાપલુઝા મ્યુઝિકલ ફેસ્ટિવલ આયોજિત કરવામાં આવ્યો છે.

છેલ્લા ૧૫ દિવસથી આ કાર્યક્રમની તૈયારી ચાલી રહી છે અને એ માટે ટ્રક ભરીને સામાન આવી રહ્યો છે. આને કારણે રેસકોર્સની આજુબાજુમાં રહેતા રહેવાસીઓને ત્રાસ સહન કરવો પડી રહ્યો છે. રેસકોર્સ ખાતે હજારોની સંખ્યામાં નાગરિક અને સિનિયર સિટિઝન્સ સાંજે જોગિંગ માટે તેમ જ નાનાં બાળકો રમવા માટે આવતાં હોય છે.

આ કાર્યક્રમ માટે ચાલી રહેલા કામને કારણે માટી અને પ્રદૂષણનું સામ્રાજ્ય વધી ગયું છે. આ ઉપરાંત કાર્યક્રમને કારણે ટ્રાફિકની સમસ્યા પણ ઊભી થવાની શક્યતા છે અને તેને કારણે થનારા ધ્વનિપ્રદૂષણનો ત્રાસ પણ નાગરિકોએ સહન કરવાનો વારો આવશે. આવું જણાવીને કાર્યક્રમને રદ કરવાની માગણી કરવામાં આવી છે. ■

# કર્ણાક બ્રિજને ૧૦મી જૂન સુધીમાં ખુલ્લો મુકાય એવી શક્યતા

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં રેલવે ટ્રેક પર આવેલો પૂર્વ-પશ્ચિમને જોડતો મહત્ત્વનો કર્ણાક બ્રિજ ૧૦મી જૂન સુધી ખુલ્લો મુકાવાની શક્યતા છે. ૧૦ વર્ષથી વધુ સમય માટે તેને અસુરક્ષિત માનવામાં આવ્યા બાદ ૨૦૧૪થી અમુક વાહનો માટે તેને બંધ કરી દેવામાં આવ્યો હતો જ્યારે નવેમ્બર, ૨૦૨૨માં તેને તોડી પાડવામાં આવ્યો હતો જેના કારણે મધ્ય રેલવેમાં ૨૭ કલાકનો બ્લોક લેવાયો હતો.

આ પ્રકલ્પમાં ઘણા વિલંબ આવ્યા, ઘણા શટડાઉન લેવામાં આવ્યા. પાલિકાની કાર્યવાહીના અભાવે તથા ટ્રાફિક એનઓસી મેળવવામાં થતી મુશ્કેલીઓને કારણે આ પ્રકલ્પ રખડી પડ્યો હતો. તોડકામ માટે ૫૦૦ મજૂરોની અને ભારે મશીનોની જરૂર હતી, પરંતુ ગેરકાયદે ઇમારતો સાથે જોડાયેલી જમીનની ઉપલબ્ધતાની સમસ્યાને કારણે ૧૯ મહિનાનો સમય લાગ્યો હતો.

હાલમાં આ પુલનું કામ રેલવેની પરવાનગીઓને કારણે વિલંબમાં મૂકાયું છે. તેમ છતાં હાલમાં પાલિકાના એક અધિકારીએ જણાવ્યું હતું કે પાલિકા આ બ્રિજને ચોમાસા પહેલા શરૂ કરવા ઇચ્છે છે, કારણ કે મુખ્ય પ્રધાન તરફથી દબાણ છે. તેથી ૧૦મી જૂન સુધી તેને ખુલ્લો મુકાવાની શક્યતા છે. ■

# ગામમાં બહારનાઓએ વેપાર કરવો હોય તો પરવાનગી જરૂરી


## સિંધુદુર્ગ જિલ્લાના ત્રિંબક ગામની પંચાયતનો તઘલખી ફતવો

મુંબઈઃ સિંધુદુર્ગ જિલ્લાની ગ્રામ પંચાયત દ્વારા એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે અન્ય રાજ્યોમાંથી જે લોકોને વેપાર-ધંધો કરવો હોય તો તેણે પહેલાં એ માટે મંજૂરી લેવી પડશે, એવું અધિકારીએ જણાવ્યું હતું. આ નિર્ણય ત્યારે લેવામાં આવ્યો છે જ્યારે ઉત્તર પ્રદેશના એક પરિવારે ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્રિંબક ગ્રામ પંચાયત દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. નિર્ણયને જાહેર કરવા માટે ગામમાં અનેક ઠેકાણે ગ્રામ પંચાયત દ્વારા બેનર્સ લગાવવામાં આવ્યાં હતાં, એવું અધિકારીએ જણાવ્યું હતું. ત્રિંબકમાં લગાવવામાં આવેલાં બેનર્સમાંનાં મેસેજ એવું દર્શાવે છે કે અન્ય રાજ્યોમાંથી આવીને અહીં ધંધો કરવો હોય તો તેણે પહેલાં ગ્રામ પંચાયતની મંજૂરી લેવી અનિવાર્ય છે. યોગ્ય પરવાનગી મેળવ્યા પછી જેતે વ્યક્તિ ગામમાં પોતાનો સામાન કે પછી અન્ય વસ્તુને વેચી શકે છે. (પીટીઆઇ)■

# સચીન વાઝેની અરજી ફગાવી હાઇ કોર્ટે

મુંબઈઃ ઉદ્યોગપતિ મનસુખ હિરેનની હત્યાનું કાવતરું રચતી વખતે અને ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘરની નજીક વિસ્ફોટકો ભરેલી કાર મૂકતી વખતે બરતરફ કરાયેલા પોલીસ સચીન વાઝેએ પોતાની અધિકારી ક્ષમતાનો ઉપયોગ કર્યો નહોતો. તેથી તેની ધરપકડ કરતા પહેલા રાજ્ય સરકાર પાસેથી મંજૂરી લેવાની જરૂર નહોતી, એમ બોમ્બે હાઇ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું.

સચીન વાઝેએ એમ કહીને અરજી કરી હતી કે તેની ધરપકડ પહેલા જરૂરી મંજૂરીઓ લેવામાં આવી નહોતી તેથી તેને મુક્ત કરવામાં આવે, પરંતુ હાઇ કોર્ટે ઉક્ત નિવેદન આપીને તેની અરજી ફગાવી દીધી હતી. પોતે આ કેસની તપાસ કરી રહેલા અધિકારીઓમાં સામેલ હતા તથા પોતાના અધિકારી ક્ષમતામાં કામ કરી રહ્યા હોવાથી ધરપકડ પહેલા રાજ્ય સરકાર પાસેથી મંજૂરી લેવાનું જરૂરી હતું, એવો દાવો સચીન વાઝેએ કર્યો હતો, પરંતુ હાઇ કોર્ટે તે સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. મનસુખ હિરેનની હત્યાનું કાવતરું રચતી વખતે તથા અંબાણીના ઘરની બહાર વિસ્ફોટકો ભરેલી કાર પાર્ક કરતી વખતે વાઝે પોતાના અધિકારી ક્ષમતામાં કામ કરી રહ્યા હતા એવું કલ્પનામાં પણ કહી શકાય નહીં, એમ હાઇ કોર્ટે નોંધ્યું હતું. (પીટીઆઈ)■






# કાલુ ડેમ પૂર્ણ થવાથી થાણે મહાનગરની પાણીની સમસ્યા કાયમી ધોરણે ઉકેલાઈ જશેઃ સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના કલવા, મુમ્બ્રા અને દિવા વિસ્તારોમાં પાણીની તંગી દૂર કરવા માટે રાજ્ય સરકાર વિવિધ પ્રયાસો કરી રહી છે. કાલુ ડેમ પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈકલ્પિક ઉકેલો અપનાવીને આ સમસ્યા દૂર કરવામાં આવશે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિધાનસભામાં એવી ખાતરી આપી હતી કે કાલુ ડેમ પૂર્ણ થતાં થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં પાણીની અછતની સમસ્યા કાયમી ધોરણે ઉકેલાઈ જશે.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના મુમ્બ્રા અને કલવા વિસ્તારોમાં પાણીની અછતનો મુદ્દો જિતેન્દ્ર આવ્હાડે ઉપસ્થિત કર્યો હતો.

તેના જવાબમાં વધુ માહિતી આપતાં શિંદેએ જણાવ્યું હતું કે, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં પાણીની અછતને દૂર કરવા માટે ભંડોળના અભાવે દિલ્હી જશે નહીં. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ (એમઆઈડીસી) મુમ્બ્રા, કૌસા અને કલવા વિસ્તારોને દરરોજ ૧૩૦.૫૦ મિલ્યન લિટર પાણી પૂરું પાડે છે.

આ વિસ્તારમાં સંપૂર્ણ દબાણથી પાણી પુરવઠો મળે તે માટે છ જળાશયો બનાવવામાં આવી રહ્યા છે. આમાંથી બે જળાશયો કાર્યરત થઈ ગયા છે અને બાકીના ચાર જળાશયો કાર્યરત કરવા માટે વિતરણ પાઇપલાઇન નાખવાનું કામ ચાલી રહ્યું છે. પાણી પુરવઠાની સમસ્યાના ઉકેલ માટે રિમોડેલિંગ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ માટે સરકારે નગર વિકાસ ભંડોળમાંથી ૨૪૦ કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરી છે.

મહાનગરપાલિકાએ કલવા, મુમ્બ્રા અને દિવા વિસ્તારો માટે ૫૦ એમએલડીથી લઈને સમગ્ર થાણે મેટ્રોપોલિટન શહેર માટે ૧૦૦ એમએલડી સુધીનાં પાણી પુરવઠાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને તેના પર કાર્યવાહી કરવા માટે એમઆઈડીસીને આદેશ આપવામાં આવ્યા છે.

ઉપરાંત, એમઆઈડીસીના બારવી બંધમાંથી મહાનગરની પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે એમઆઈડીસી પાસેથી વધારાના ૫૦ મિલ્યન લિટર પાણીની વિનંતી કરવામાં આવી છે. એમઆઈડીસીએ વિટાવા વિસ્તારમાં મધ્યરાત્રીના બાર વાગ્યાથી સવારે પાંચ વાગ્યા સુધી પાણી પુરવઠો બંધ રાખ્યો હતો. આ વિસ્તારમાં પાણીની અછત દૂર કરવા માટે વધારાની પાણીની પાઇપલાઇન પર કામ ચાલી રહ્યું છે. આ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી રાત્રે બાર વાગ્યાથી સવારે પાંચ વાગ્યાની વચ્ચે પાણી પુરવઠો ફરી શરૂ કરવા અંગે સંબંધિતોને જાણ કરવામાં આવશે.

શિંદેએ એવી પણ ચેતવણી આપી હતી કે જો થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય પાણીની પાઇપલાઇનમાં કોઈ ગેરકાયદે નળ જોડાણો કરવામાં આવ્યા હશે, તો તાત્કાલિક તપાસ કરવામાં આવશે અને સંબંધિતો સામે કેસ દાખલ કરીને કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ક્રિકેટ બૅટથી યુવાનને ફટકારવા પ્રકરણે પાંચ સામે ગુનોઃ વીડિયો વાયરલ

છત્રપતિ સંભાજીનગરઃ અમુક લોકો ક્રિકેટ બૅટથી યુવાનને ફટકારતા હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા બાદ બીડ જિલ્લાની પોલીસે પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

શિરુર પોલીસે વીડિયોની નોંધ લઈ આપમેળે ગુનો નોંધીને આરોપીઓની શોધ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ વીડિયો બાવી ગામનો હોવાનું જાણવા મળ્યું છે. ઝાપેવાડીમાં રહેતો સચિન ભોસલે અને આચર અજાણ્યા શખસો બૅટથી યુવાનને ફટકારતા હોવાનું વીડિયોમાં નજરે પડે છે. અધિકારીએ જણાવ્યું હતું કે આ મામલે પાંચ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેમની તપાસ હાથ ધરવામાં આવી હતી.

## કાંદિવલીના ૧૫૦ વર્ષ જૂના તાડકેશ્વર મંદિરને પાલિકાની નોટિસ

મુંબઈઃ કાંદિવલીમાં આવેલા ૧૫૦ વર્ષ જૂના તાડકેશ્વર મંદિરને તોડી પાડવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશને નોટિસ ફટકારી છે. આટલા જૂના મંદિરને નોટિસ આપવાનું કારણ શું છે? સુધરાઈએ કોઈપણ ચર્ચા કે બેઠક વિના મંદિર સામે કોઈ કડક કાર્યવાહી ન કરવી જોઈએ, એમ જણાવતાં ભાજપના વિધાન પરિષદના જૂથ નેતા પ્રવીણ દરેકરે સરકાર પાસે ૧૫૦ વર્ષ જૂના મંદિરને બચાવવાની માંગ કરી. દરેકરે વિધાન પરિષદમાં પોઈન્ટ ઓફ ઈન્ફોર્મેશન દ્વારા આ મામલો ઉપસ્થિત કર્યો હતો.

દરેકરે કહ્યું હતું કે, કાંદિવલીમાં ૧૫૦ વર્ષ જૂનું તાડકેશ્વર મંદિર છે. સુધરાઈએ તે સ્થળે મંદિર તોડી પાડવા માટે નોટિસ મોકલી છે. આ મંદિર લગભગ ૧૫૦ વર્ષ જૂનું છે. મંદિરના પૂજારી ૮૦ વર્ષના દુર્ગાદાસ છે. વીરેન્દ્ર યાતનીક, સુનીલ સિંઘલ, શિવકુમાર સિંઘલ, સુધીર શર્મા વગેરે જેવા લોકો આ મંદિરનું સંચાલન કરે છે. ૧૫૦થી વધુ ગાયો છે. એક ગૌશાળા છે.

આ જૂના મંદિરને અચાનક તોડી પાડવાનું કારણ શું છે? રોડ બનાવવા માટે પણ પૂરતી જગ્યા નથી. મંદિર સમિતિ સાથે ચર્ચા અને બેઠક કર્યા વિના સુધરાઈએ કોઈપણ તોડી પાડવાનું કામ હાથ ધરવું જોઈએ નહીં. દરેકરે સરકારને ૧૫૦ વર્ષ જૂના મંદિરને બચાવવા વિનંતી કરી. દરમિયાન, સ્પીકર રામ શિંદેએ સરકારને આ મામલાની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો.

## સગીર દીકરી સાથે પિતાએ આચર્યું દુષ્કર્મ

લાતુરઃ લાતુરમાં ૧૪ વર્ષની દીકરી સાથે દુષ્કર્મ કરનારા પિતાની ધરપકડ કરવામાં આવી હતી. લાતુર જિલ્લાના દેવની તાલુકામાં મંગળવારની રાતે આ ઘટના બની હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘરના બધા સભ્યો રાતે સૂઈ ગયા હતા ત્યારે આરોપીએ ઘરમાં જ સગીરા સાથે દુષ્કર્મ કર્યું હતું. પુત્રીએ મદદ માટે બૂમાબૂમ કરી મૂકતાં માતા ઊંઘમાંથી જાગી ગઈ હતી. આરોપીએ પત્નીની મારઝૂડ કરી તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી હતી. પત્નીની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી પતિની ધરપકડ કરી હતી. કોર્ટે તેને ૧૯ માર્ચ સુધીની અદાલતી કસ્ટડી ફટકારી હતી. (પીટીઆઈ)

## જાલનામાં ‘બાબા’ના ત્રાસથી કંટાળી શખસે કરી આત્મહત્યા

જાલનાઃ જાલના જિલ્લામાં બની બેઠેલા બાબાના ત્રાસથી કંટાળીને ૩૦ વર્ષના શખસે આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર કિરણ બિડવેએ જણાવ્યું હતું કે ભોકરદાન તહેસીલના વાસલા વડાલા ગામમાં સોમવારે આ ઘટના બની હતી અને પોલીસે ૪૫ વર્ષના ‘બાબા’ની ધરપકડ કરી હતી. પીડિત અને તેની પચીસ વર્ષની પત્ની બુલઢાણા જિલ્લાના ધામણગાંવ ખાતેના મંદિરમાં દર્શન કરવા ગયાં હતાં, ત્યારે તેમની મુલાકાત આરોપી સાથે થઇ હતી.

આરોપીએ આ મુલાકાત બાદ દંપતીને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. દંપતીને તે વારંવાર ફોન કરીને ગેરવાજબી માગણી કરતો હતો.

આરોપીએ દાવો કર્યો હતો કે દંપતીની પુત્રી ખરેખર તેની છે અને માગણી કરી હતી કે દંપતી પુત્રીને તેને સોંપી દે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. દંપતીએ ઇનકાર કરતાં આરોપીએ ધમકીભર્યા મેસેજ મોકલવાનું શરૂ કર્યું હતું અને તેણે પીડિતની પત્ની ત્રાસ આપવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીના સતત ત્રાસથી કંટાળીને પીડિતે વૃક્ષ સાથે રસ્સી બાંધીને ગળાફાંસો ખાધો હતો. પોલીસે બુલઢાણાના ગુમ્મી ગામમાંથી મંગળવારે આરોપીની ધરપકડ કરી હતી. તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઇ)

### ચેક બાઉન્સ કેસ

## રામ ગોપાલ વર્મા સામે બિનજામીનપાત્ર વૉરન્ટ

મુંબઈઃ બોલીવૂડમાં રામુ તરીકે જાણીતા પ્રોડ્યુસર-ડિરેક્ટર રામ ગોપાલ વર્માની મુશ્કેલી વધી છે. ચેક બાઉન્સ કેસમાં થયેલી જેલની સજા વિરુદ્ધ વર્માએ કરેલી અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી અને તેની સામે બિનજામીનપાત્ર વૉરન્ટ જારી કરવામાં આવ્યું છે.

અગાઉ ૨૧ જાન્યુઆરીએ અંધેરીમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) વાય. પી. પૂજારીએ નેગોશિયેલબ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઇઓ હેઠળ સજાપાત્ર ગુના માટે વર્માને કસૂરવાર ઠેરવ્યો હતો. મેજિસ્ટ્રેટે વર્માને ત્રણ મહિનાની જેલની સજા અને ત્રણ મહિનાની અંદર ૩.૭૨ લાખ રૂપિયા ફરિયાદીને ચૂકવવાનો આદેશ આપ્યો હતો. વર્માએ ત્યાર બાદ સજા મોકૂફ રાખવા માટે સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. એડિશનલ સેશન્સ જજ એ.એ. કુલકર્ણીએ ૪ માર્ચે વર્માની અરજી ફગાવી દીધી હતી અને કોર્ટ સમક્ષ હાજર થવા તેની વિરુદ્ધ બિનજામીનપાત્ર વૉરન્ટ જારી કર્યું છે. ઉપરાંત સજા મોકૂફ રાખવાની તેની અરજી નકારી કાઢી છે. આ મામલો વૉરન્ટની અમલબજવણી માટે ૨૭ જુલાઇ પર મોકૂફ રખાયો છે. આરોપી કોર્ટ સમક્ષ હાજરી આપ્યા બાદ જામીન માટે અરજી કરી શકે છે, એમ જજે કહ્યું હતું. વર્માની કંપની વિરુદ્ધ ફરિયાદી કંપનીએ વર્ષ ૨૦૧૮માં ચેક બાઉન્સ અંગે ફરિયાદ નોંધાવી હતી. એડવોકેટ રાજેશ કુમાર પટેલ ફરિયાદીની કંપની વતી હાજર રહ્યા હતા. તેમણે મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ એફિડેવિટ નોંધાવી હતી કે કંપની છેલ્લાં અનેક વર્ષથી હાર્ડ ડિસ્ક્સ પૂરી પાડવાના વ્યવસાયમાં સંકળાયેલી છે.

આરોપીની વિનંતી પર તેને ફેબ્રુઆરી, ૨૦૧૮ અને માર્ચ, ૨૦૧૮ વચ્ચે હાર્ડ ડિસ્કસ પૂરી પાડવામાં આવી હતી, જેને આધારે ૨.૩૮ લાખ રૂપિયાના વિવિધ ટેક્સ ઇન્વોઇસ ઊભાં કરાયાં હતાં.

આરોપીએ ફરિયાદીને ૧ જૂન, ૨૦૧૮ના રોજ ચેક આપ્યો હતો, જે અપૂરતા ભંડોળને કારણે બાઉન્સ થયો હતો, એમ એડવોકેટે જણાવ્યું હતું. વર્માની કંપનીના ધ્યાનમાં આ વાત લવાતાં તે જ રકમનો બીજો ચેક જારી કરાયો હતો, જે પણ બાઉન્સ થયો હતો. તેમાં કારણ ‘અદાકર્તા દ્વારા પેમેન્ટ રોકવામાં આવ્યું છે’ એવો સંદેશ આપવામાં આવ્યો હતો. બાદમાં ફરિયાદીએ કાનૂની લડતનો માર્ગ અપનાવ્યો હતો. (પીટીઆઇ)

## બર્ડ ફ્લૂનું જોખમઃ 300 મરઘાંની કતલ

છત્રપતિ સંભાજીનગરઃ બર્ડ ફ્લૂ માટેની ટેસ્ટના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ ધોકી વિસ્તારમાં અંદાજે ૩૦૦થી વધુ મરઘાંની ધારાશિવ (અગાઉ ઓસ્માનાબાદ)ના વહીવટીતત્ર દ્વારા કતલ કરવામાં આવી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ કતલ ૧૦ કિલોમીટરના પરીઘમાં કરાઇ હોવાનું તેમણે જણાવ્યું હતું. બર્ડ ફ્લૂનો રોગ સૌથી પહેલા પક્ષીઓ (મરઘાં વગેરે)ને થતો હોય છે અને ત્યાર બાદ તે માનવોમાં ઊતરે છે. ધોકી વિસ્તારમાં ગયા મહિને અનેક કાગડાઓ મૃત અવસ્થામાં મળી આવ્યા બાદ ચિંતા વધી હતી. ભોપાલ સ્થિત આઇસીએઆર-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓપ હાઇ સિક્યોરિટી એનિમલ ડીસીઝ દ્વારા નમૂનાની તપાસ કરાતા બર્ડ ફ્લૂ હોવાનું જણાયું હતું, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ સિવાય સ્થાનિકો દ્વારા ચલાવવા ઉછેરવામાં આવતા મરઘાંનો નમૂના પણ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા જેમાંથી અમુકના તપાસ અહેવાલ પોઝિટિવ આવ્યા હતા. ત્યાર બાદ ધોકીના ૧૦ કિલોમીટરના વિસ્તારને ઘેરીને મરઘાંઓની કતલ શરૂ કરવામાં આવી હતી. કતલ માટેની પાંચ ટીમ દ્વારા ઓછામાં ઓછા ૨૯૫ મરઘાંને મારી નાખવામાં આવ્યા હતા.

## જામીન પર છૂટી ‘બાપ તો બાપ રહેગા’ મેસેજ સાથેની રીલ વાયરલ કરનારો ફરી જેલમાં!

નાગપુરઃ નાગપુરના રીઢા આરોપીને જેલમાંથી બહાર આવી શેખી હાંકવાનું ભારે પડી ગયું હતું. એમસીઓસીએ હેઠળના એક કેસમાં જામીન પર છૂટ્યા પછી ઈન્સ્ટાગ્રામ પર ‘બાપ તો બાપ રહેગા’ મેસેજવાળી રીલ પોસ્ટ કરનારા આરોપીને પોલીસે ફરી જેલભેગો કરી દીધો હતો.

સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સુમિત ઠાકુર તરીકે થઈ હતી. અનેક ગંભીર ગુનામાં સંડોવાયેલા ઠાકુર વિરુદ્ધ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) પણ લગાવવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક મહિનાથી તે જેલમાં બંધ હતો અને તાજેતરમાં જ જામીન પર છૂટ્યો હતો. જેલમાંથી બહાર આવેલા ઠાકુરે ઈન્સ્ટાગ્રામ પર એક રીલ પોસ્ટ કરી હતી. આ રીલ સાથે તેણે ‘વેલકમ ભાઈ, બાપ તો બાપ રહેગા’ એવો મેસેજ મૂક્યો હતો. આ વીડિયો ઝડપથી વાયરલ થયો હતો, જેની પોલીસે નોંધ લીધી હતી. પોતાનું વર્ચસ જમાવવાને ઇરાદે ઠાકુરે પોસ્ટ કરેલી આ રીલ બાદ નાગપુરની સાયબર પોલીસે મંગળવારે ગુનો નોંધ્યો હતો. . (પીટીઆઈ)

## છેલ્લા પાનાનું ચાલુ

### રાજકીય રમખાણ

***ઓળખ હોય છે.***

#### આદિત્ય ઠાકરે પર પણ નિશાન સાધ્યું

શિવસેના (યુબીટી) ના નેતા આદિત્ય ઠાકરેએ આ નિવેદન સામે સખત વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, મરાઠી મુંબઈ અને મહારાષ્ટ્રની પ્રથમ ભાષા છે. જેમ તમિલનાડુમાં તમિલ ભાષાનું મહત્વ છે. મરાઠી આપણી સંસ્કૃતિ અને ગૌરવનું પ્રતીક છે. ઘાટકોપરને ગુજરાતી બહુમતી ધરાવતો વિસ્તાર કહેવું અસ્વીકાર્ય છે. મુંબઈની ભાષા મરાઠી છે અને રહેશે.

#### આ સહન નહીં કરાયઃ આવ્હાડ

શરદ પવાર જૂથના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડે પણ આ મુદ્દે ભૈયાજી જોશી પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે, હવે એવું લાગે છે કે મુંબઈમાં ફક્ત ‘કેમ છો, કેમ છો’ જ સંભળાશે. આ નિવેદન મુંબઈને ભાષાકીય આધારે વિભાજીત કરવાનો પ્રયાસ છે, જેને સહન કરવામાં આવશે નહીં.

#### ઈરાદાપૂર્વકનું વિધાનઃ કૉંગ્રેસ

આરએસએસ અને ભાજપને કાયમ મુંબઈ પ્રત્યે દ્વેષભાવના છે અને મુંબઈ અને મરાઠીનું મહત્ત્વ સતત ઓછું કરવા માટે તેઓ પ્રયત્નશીલ હોય છે. સંઘના ભૈયાજી જોશી દ્વારા મુંબઈ અને મરાઠી ભાષા અંગે જે નિવેદન કરવામાં આવ્યું છે તે ઈરાદાપૂર્વક કરવામાં આવ્યું છે અને મુંબઈ તેમ જ મરાઠી ભાષાનું અપમાન છે. ભૈયાજી જોશીએ જાહેરમાં માફી માગવી એવી માગણી મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસ કમિટીના મુખ્ય પ્રવક્તા અતુલ લોંઢેએ કરી છે.

#### એમવીએનું વિરોધ પ્રદર્શન

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના નેતા સુરેશ ભૈયાજી જોશીની ટિપ્પણી સામે વિપક્ષી એમવીએના નેતાઓએ ગુરુવારે મુંબઈમાં વિરોધ પ્રદર્શન કરી મરાઠી મુંબઈની ભાષા હોવાનું જણાવીને સૂત્રોચ્ચાર કર્યા હતા.

બુધવારે મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં એક કાર્યક્રમમાં જોશીએ એમ કહ્યું હતું કે મુંબઈમાં કોઈ એક ભાષા નથી બોલાતી. શહેરના દરેક ભાગમાં અલગ અલગ ભાષા બોલાય છે. ઘાટકોપર વિસ્તારની ભાષા ગુજરાતી છે. એટલે જો તમે મુંબઈમાં રહેતા હો એટલે મરાઠી આવડવું જ જોઈએ એ જરૂરી નથી.’

ગુરુવારે શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે, કોંગ્રેસ નેતાઓ વિજય વડેટ્ટીવાર, ભાઈ જગતાપ, નીતિન રાઉત અને એનસીપી (એસપી)ના પ્રદેશ પ્રમુખ જયંત પાટીલ સહિતના મહા વિકાસ અઘાડીના નેતાઓએ દક્ષિણ મુંબઈના હુતાત્મા ચોક ખાતે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

### સીએસએમટીના

માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેની હાલત સ્થિર હોવાનું અધિકારીએ કહ્યું હતું. શરૂઆતમાં યુવતીની ઓળખ થઇ નહોતી, પણ બાદમાં તપાસ દરમિયાન તેની ઓળખ થઇ હતી.

તરુણીએ પોલીસને જણાવ્યું હતું કે તે થાણેમાં રહે છે અને બાંદ્રાની કોલેજમાં અભ્યાસ કરે છે. તે હતાશ રહેતી હતી અને તેને સતત આત્મહત્યાના વિચાર આવતા હતા. આથી ગુરુવારે બપોરે તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, એવું તેણે પોલીસને જણાવ્યું હતું.

### ૯-૧૦ માર્ચે મુંબઈ,

નોંધાયું હતું .જે સામાન્ય કરતાં ૨.૫ ડિગ્રી અને ૪.૧ ડિગ્રી વધુ હતું. સાંતાક્રુઝમાં બુધવારના ૩૭.૪ ડિગ્રી કરતા થોડું ઓછું હતું. થોડા દિવસ અગાઉ મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ટ્રફને કારણે ગરમીમાં રાહત મળી હતી. વારંવાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે એન્ટિસાયક્લોન નબળું પડે છે અને તાપમાન ઓછું રાખવામાં મદદ મળે છે. જોકે, હવે કોઈ મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર ભારતમાંથી નથી. નિષ્ણાતોના કહેવા મુજબ માર્ચની શરૂઆતમાં અસ્થિર પશ્ચિમી પવનોને કારણે તાપમાનમાં તીવ્ર વધઘટ સામાન્ય છે. જ્યાં સુધી દરિયાઈ પવન બપોરે એકથી અઢી વાગ્યાની આસપાસ ન ફૂંકાય ત્યાં સુધી મુંબઈ મેટ્રોપોલિટન ઘણા ભાગોમાં તાપમાન ઘણીવાર ૩૮-૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી જાય છે. આ પેટર્ન સપ્તાહના અંતે અને આવતા અઠવાડિયા સુધી ચાલુ રહેવાની ધારણા છે, કારણ કે પૂર્વીય પવનો મુંબઈ પર પ્રભુત્વ ધરાવે છે, જેના કારણે બપોરના સમયે ભેજ ઓછો રહે છે.

### પોતાની જાતિ વિશે

આદેશમાં જણાવ્યું હતું. અદાલતે અરજદાર દેવેન્દ્ર પાટીલ સામે ઓગસ્ટ ૨૦૧૯માં છત્રપતિ સંભાજી નગર જિલ્લામાં દોલતાબાદ પોલીસ સમક્ષ ભારતીય દંડ સંહિતા અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની જોગવાઈઓ હેઠળ નોંધાયેલી કાર્યવાહી અને એફઆઈઆર રદ કરી હતી.

ફરિયાદ અનુસાર આરોપીએ ફરિયાદીને બોલાવીને બ્રાહ્મણ સમુદાય વિરુદ્ધ સોશ્યિલ મીડિયા પોસ્ટ માટે ઠપકો આપ્યો હતો. આરોપીએ ફરિયાદીને અપશબ્દો કહ્યા હતા અને ડો.બાબાસાહેબ આંબેડકરની બદનામી કરી હતી. અદાલતે નોંધ્યું હતું કે, આરોપી અને ફરિયાદી વચ્ચેની વાતચીતમાં ડો.આંબેડકર પ્રત્યે કોઈ અનાદર વ્યક્ત નથી થયો. (પીટીઆઈ)

## જૈન મરણ

સાયલા નિવાસી હાલ કેમ્પસ કોર્નર મુંબઇ નરેન્દ્રભાઇ લક્ષ્મીચંદ શાહ (ઉં. વ. ૮૯) તા. ૨-૩-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. રંભાબેન અને સ્વ. લક્ષ્મીચંદ શાહના પુત્ર. સ્વ. સુરેન્દ્રભાઇના ભાઇ. પૂર્વી, શીતલ, સપના, શિવાનીના પિતા. અતુલ આહુજા, અજય પટેલ અને રોહિત ગોયલના સસરા. નલિનીબેન ગાંધી, વત્સલાબેન અને વિનોદભાઇ સંઘવીનાભાઇ. પ્રાર્થનાસભાઃ ૮ માર્ચ, ૨૫ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. વિવારિયા ટાવર ઇ, બેન્કવેટ હોલ, ૨૫-એ, સાને ગુરુજી માર્ગ, જેકોબ સર્કલની નજીક, મુંબઇ-૧૧.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડોણના રાઘવજી રવજી માલશી છેડા (ઉં. વ. ૮૦) તા. ૪-૩-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મંઠાબાઇ/વેલબાઇ રવજીના સુપુત્ર. ઉર્મીલાના પતિ. કેસરબેન (સાકરબેન), ઝવેરબેન, રમેશ, ભગવતીના ભાઇ. મોટા આસંબીયાના કંકુબેન દામજી કેશવજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુભાઇ નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. ચક્ષુદાન કરેલ છે.

ડુમરા હાલે અગાસના શ્રી કાંતિલાલ લાલજી મુરજી કારાણી (ઉં. વ. ૭૮) તા. ૧-૩-૨૦૨૫ ના અવસાન પામેલ છે. પાનબાઈ મુરજીના પૌત્ર. મીઠીબાઈ લાલજી મુરજી કારાણીના પુત્ર. હીરજી, અમૃત, દેવજી, તલકશી, ખુશાલના ભાઈ. દેઢીઆના હાંસબાઈ લીલાધર ભુલા છેડાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ દેવજી કારાણી, હાઉસ નં. ૭૯૮, લવ કુશ, ગાયત્રી કોલોની, કોઠાવાડા, વરંગલ-૫૦૬૦૦૨.

નાની તુંબડીના માતુશ્રી નેણબાઈ શીવજી સાવલા (ઉં. વ. ૯૩) તા.૫-૩-૨૫ ના બિદડા મુકામે અરિહંતશરણ પામેલ છે. નાની તુંબડીના માતુશ્રી માંકબાઈ નાનજી સાવલાના પુત્રવધુ. ચુનડીના માતુશ્રી દેવકાંબાઈ જીવરાજ દેઢિયાના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ.નેણબાઈ શીવજી સાવલા. પટેલ ફરીયો. નાની તુંબડી. કચ્છ. ૩૭૦૪૮૫.

પત્રીના વાલજી આણંદજી દેઢિયા (ઉં. વ. ૯૩) ૫-૩ના અવસાન પામેલ છે. જીવામા આણંદજી લખમશીના સુપુત્ર. સ્વ. મોંઘીબેન વાલજીના પતિ. હરખચંદ, ચંદન, જ્યોતિ, દિપકના પિતાશ્રી. વાંકી સોનબાઇ વશનજી હીરજીના ભાઇ. પત્રી વેલબાઇ દેવરાજ ઉદેશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક દેઢીયા, ૪૦૧, ઓટોમેટિક સોસાયટી, પાંચપખાડી, થાણા (વે.) ૬૦૨.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

લીંબડી નિવાસી સ્વ. બળવંતરાય ચીમનલાલ ગાંધીના ધર્મપત્ની ગં. સ્વ રસીલાબેન (ઉં. વ. ૮૮) તે ૩/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સંદીપભાઈ, વીણાબેન, દીપ્તિના માતુશ્રી. પ્રજ્ઞા, કમલેશકુમારના સાસુ. ઇન્દુબેન રસિકલાલ તથા મધુબેન દિનેશચંદ્રના ભાભી, પિયરપક્ષે બોટાદ નિવાસી હાલ લંડન સ્વ. કાંતાબેન રતિલાલ નાનચંદ દેસાઈના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

શિહોર નિવાસી હાલ મલાડ અશોક કપૂરચંદ શાહ તથા કિરણબેનની પૌત્રી તથા ચૈતાલી તેજસ શાહની દીકરી હેત્વી શાહ (ઉં. વ. ૧૨) તે ૪/૩/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે કોમલબેન નિમેષકુમાર પારેખ તથા ભાવિનીબેન નિપુર્ણકુમાર મહેતાના ભત્રીજી. ઋત્વી, ધ્યાન, વીર, દેવ, માનવ, મેહેર, આરોહી, રિદ્ધિ, ઉન્નતિ, દિવિતના બહેન. મોસાળપક્ષે સાંગાણાવાળા હાલ મુલુન્ડ સુરેખાબેન જયસુખભાઇ પ્રભુદાસ વોરાના દોહિત્રી. હિતેશ તથા ચિરાગના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સ્થા. જૈન**

બગસરા નિવાસી હાલ કાંદિવલી સ્વ. કલાવતી સુખલાલ કામદારના પુત્ર મહેશભાઈ (ઉં. વ. ૬૯) તે મહેન્દ્રભાઈ, ગીતાબેન, નરેશભાઈ, સ્વ. રજનીભાઇના ભાઈ. અમદાવાદ નિવાસી સ્વ. હસમુખબાળા યોગેશભાઈ રાઈજીના જમાઈ. માલાબેનના પતિ. ધ્વનિ તથા વિનેશના પિતા. ઓચ્છવલાલ અમરચંદ શેઠના ભાણેજ, મિનળના સસરા તે ૧/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વેરાવળ વિશા ઓસવાલ જૈન**

હાલ ભાઈખાલા મુંબઈ નિવાસી તારાબેન શાહ (ઉં. વ. ૯૨) જે સ્વ.પ્રવિણચંદ્ર હરિલાલ શાહના પત્ની, મયંક અને અનુજના માતુશ્રી,સુવર્ણા અને લીનાના સાસુ. વિરાગ-પૂજા, વિનીત-સિધ્ધી, શ્વેતા-કેયુર, કૃપા-મંથનના દાદી. તે સ્વ. કરસનભાઈ, સ્વ. શશિકાન્તભાઈ, સુશીલાબેનના ભાભી. તે સ્વ. ગુલાબચંદ ફૂલચંદના પુત્રી. તાઃ ૬ માર્ચ ૨૦૨૫, ના ગુરુવાર ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગોવિંદપુર નિવાસી હાલ મિરારોડ, કિશોરભાઈ ઝવેરચંદ પાટલીયા (ઉં. વ. ૮૭) શનિવાર તા. ૧-૦૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. વિપુલ ત્થા ફાલ્ગુનીના પિતા. દીપ્તિ ત્થા દેવાંગભાઈના સસરા. સ્વ. મધુભાઈ, નવીનભાઈ, સ્વ. તારાબેન મહેતા, સ્વ. ઈન્દુબેન શેઠના ભાઈ. લાઠી નિવાસી સ્વ. મગનલાલ હેમચંદ તુરખીયાના જમાઈ. દેવમ ત્થા મિશાના દાદા. પ્રાર્થનાસભા શનિવાર તા. ૮-૩-૨૫ સાંજે ૫ થી ૭, સ્થળ- રાધા ક્રિષ્ના બેન્કવેટ હૉલ, પૂનમ સાગર, કાસાડેલાની બાજુમાં, મિરારોડ ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અમરેલી નિવાસી હાલ અમેરિકા હરીશભાઇ મહેતા તે સ્વ. ઇંદુલાલ ભોગીલાલ મહેતા તથા સ્વ. પ્રભાવતીના પુત્ર (ઉં. વ. ૮૩) તા. ૫-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. કારીનના પતિ. આન્દ્રે, સોન્યાના પિતા. નરેન્દ્ર, હેમંત, કલ્પના, મહેશના ભાઇ. અમરેલી નિવાસી દલીચંદ હેમચંદ ધ્રુવના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘોઘા નિવાસી હાલ અંધેરી તરુલતા જગત સંઘવી (ઉં.વ.૭૮) તા. ૬-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જગત મનુભાઇ સંઘવીના પત્ની. સ્વ. મનસુખલાલ ચુનીલાલના દીકરી. ફિયોનિકા, ધ્વની, જેસલના માતુશ્રી. પરેશભાઇ, સુકેતુભાઇ, મૃદુલાબેન અનંતભાઇ શાહના ભાભી. પ્રતિભાબેન, ઇલાબેનના જેઠાણી. દ્રુપદ, મિતાલી, દેશના, અક્ષયના મમ્મીજી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૮૦૨, ૯૦૨, કલ્પચંદ્ર બિલ્ડિંગ, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ).

**ધાણધાર વિશા પોરવાલ જૈન**

પીંપળગામ નિવાસી હાલ સાંતાક્રુઝ રમણીકલાલ મોતીલાલ શાહ (ઉં. વ. ૯૧) તે ઇંદુબેનના પતિ. તે રાજુભાઇ, જયોત્સનાબેન, પ્રદીપભાઇના પિતાશ્રી. તે સ્વ. અનિલાબેન, સ્મિતુબેન, જયોતિબેન, સંજયકુમાર, નાથાલાલના સસરાજી. તે સૌરીન, અમિલ, આદિશ, સ્નેહા, મોની, પ્રિયાના દાદા. તે મીરા, ઋષભ, પૂજા, ચિરાગકુમાર, હેમાલી, ભાવિનકુમારના નાનાજી તા. ૫-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એ-૧૧૦૧, મેફેર હેરિટેજ, બેસંટ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

## પારસી મરણ

મેહેર મયાર ઇરાની તે મરહુમો મયાર તથા હોમાય ઇરાનીના દીકરા. તે નરગીશ એ. કોલાહી તથા મરહુમ જહાંગીર, કેટી નોશીર ફિટરના ભાઇ. તે આફતાબ જે. ઇરાની ને હવોવી ઇરાનીના કાકા. તે નેવીલ, ફિરોઝ, માહાનાઝ, મેહેરંગીઝ ને પીનાઝના મામા. તે ડેલનાઝ નેવીલ ફીટર ને ઓઝીટા ફીરુઝ કોલાહીના મામા સસરા. (ઉં. વ. ૭૭) રે. ઠે. ડો. દાજી બિલ્ડિંગ, ૧લે માળે, ફ્લેટ નં. ૦૬, એમ. એમ. સી. રોડ, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ (કોદગરા ફળીયા) હાલ મલાડ સ્વ. દિલીપ બાબુભાઈ પટેલ (ઉં. વ. ૪૫) તે જિજ્ઞાશાના પતિ. તે સમીક્ષાના પિતા. તે રમેશભાઈ, જીતેન્દ્રભાઈના ભાઈ. તે પૂજા તુકારામ, મંજુલાબેનના ભાઈ. તેમનું બંને પક્ષનું બેસણું શુક્રવાર, તા. ૭-૩-૨૫ના બપોરે ૨ થી ૫ તેમના નિવાસસ્થાને રાખેલ છે. બારમાની પુચ્છપાણીની ક્રિયા શુક્રવાર, તા. ૧૪-૩-૨૫ના રોજે બપોરના ૩ થી ૫ ઠે. પ્લોટ નં. ૩૪૨, રૂમ નં. ૨, સરસ્વતી મંત્રી ચાલ, ચિંચોલી બંદર, બી.એમ.સી. સ્કૂલ સામે, મલાડ (વેસ્ટ), મુંબઈ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ સમઢિયાળા હાલ મુંબઇ નાલાસોપારા નિવાસી સ્વ. ધીરજબેન તથા સ્વ. ત્રિભોવનદાસ મથુરાદાસ પટેલીયાના પુત્ર. પ્રવીણભાઇ પટેલીયા (ઉં. વ. ૭૫) તે મધુબેનના પતિ. દેવાંગી કેતનકુમાર શાહ, સ્વ. ચેતન, ભાવેશના પિતા. સ્વ. પ્રમોદભાઇ, મહેશભાઇ, સ્વ. મુકેશભાઇ, બિપીનભાઇના મોટાભાઇ. સ્વ. કરુણાબેન હરેશકુમાર, અ. સૌ. ગીતાબેન અમરકુમારના ભાઇ. સ્વ. વાલીબેન નારાયણભાઇ રાડિયાના જમાઇ તા. ૬-૩-૨૫ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૫ના શનિવારે ૪.૩૦થી ૬. ઠે. કે. ટી. વાડી, કે. ટી. વિલેજ, ૬૦ ફૂટ રોડ, વસઇ (વેસ્ટ).

**કપોળ**

મહુવાવાળા હાલ સાંતાક્રુઝ સુશીલાબેન મહેતા (ઉં.વ.૮૭) તે સ્વ. નરેન્દ્રભાઇ મહેતાના પત્ની. તે સ્વ. લીલાવતી જયંતિલાલ મહેતાના પુત્રવધૂ. તે સ્વ. પ્રભુદાસ નારણદાસ વોરાના પુત્રી. તે જાગૃતિ-હેમંત, ફાલ્ગુની-શિલ્પ, મીનળ-અમિત, હેમા-કેતન, ઉદય-તેજલના માતુશ્રી. તે મૈત્રી-ઉમંગ તથા હર્ષના દાદી તા. ૫-૩-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૩-૨૫ના શુક્રવારે ૫થી ૭. ઠે. શ્રીમતી બેન્કવેટ હોલ, ટેગોર રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**પાંચ ગામ લેઉઆ પટેલ**

ઉત્તરસંડા ગામના નિવાસી ભાયખલા સ્વ. વીણાબેન નવનીતલાલનો પુત્ર દિપેશ (ઉં.વ.૪૪) તા. ૨૫-૨-૨૫ના અવસાન પામ્યા છે. ગં. સ્વ. આશાનો પતિ. ચિ. તીર્થના પિતા. ચિ. આશિષનો નાનો ભાઇ. અ. સૌ. રૂપલનો દિયર. બેસણુ તથા સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ વાપી હાલ કાંદિવલી સ્વ. કાંતિલાલ છગનલાલના પત્ની સ્વ. પૂર્ણિમાબેન પંચાલ (ઉં. વ. ૭૨), સોમવાર, તા. ૩-૩-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે જીજ્ઞા તેમ જ સ્વ. અમીતના મમ્મી. સંજયકુમાર અને ધર્માંગીના સાસુ. અભિષેક અને કેયાના નાની-દાદી. તે જયોતિના દાદી સાસુ. સ્વ. રમેશભાઇ, શશીકાંતભાઇના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ માધવપૂર ઘેડ નિવાસી હાલ મીરારોડ સ્વ નરસીદાસ મુલજી વિઠલાણીના ધર્મપત્ની ગં. સ્વ. ગીરાજબેન વિઠલાણી (ઉં. વ. ૯૫) તે ૫/૩/૨૫ના ગૌલોકવાસી થયેલ છે. તે સ્વ. પ્રાગજીભાઈ તથા છગનલાલ મુલજી વિઠલાણીના ભાઈના પત્ની. અરવિંદ, નિલેશ, કીર્તિબેન, વિલાશ્રી તથા મીનાના માતુશ્રી. સ્વ. પરષોત્તમદાસ કરસનદાસ રાયચુરાના દીકરી. વનિતા, સ્વ. નવીનચંદ્ર તન્ના તથા કિશોરકુમાર સોનપાલના સાસુ. પ્રાર્થનાસભા ૭/૩/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ. વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**દમણીયા દરજી**

મનીષ દેવેન્દ્ર દમણિયા (ઉં. વ. ૪૫) તે તા. ૩/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દેવેન્દ્ર ભોગીલાલ દમણિયા તથા રમીલા દેવેન્દ્ર દમણિયાના પુત્ર. હિમાંશુના ભાઈ. ડિમ્પલના દિયર. જુમાનાના પતિ. શૌર્યના પિતા. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, ૭/૩/૨૦૨૫, સાંજે ૪ થી૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ સિનેમા સામે, બોરીવલી વેસ્ટ, મુકામે રાખેલ છે.

**વિસા સોરઠિયા વણિક**

જાંબુવાળા,હાલ બોરીવલી, જસવંતીબેન(કુમીબેન) ભુપેન્દ્રભાઈ શાહ, (ઉં. વ. ૭૭) તા. ૪-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેઓ ડિમ્પલબેન, સંદીપ તથા ગૌરાંગના માતુશ્રી. નિલેશભાઇ માવાણી, પાયલ તથા નીપાના સાસુ. રિશી તથા વંશના દાદી. મનાલી અભિષેક સોનાર તથા ઈન્દ્રના નાની. મોટી ખિલોરીવાળા સ્વ.હરખબેન દામોદર મોતીચંદના સુપુત્રી. નિરુપમા કમલેશના જેઠાણી. તેમની પ્રાર્થના સભા તા.૭-૩-૨૦૨૫, શુક્રવારના સાંજે ૫ થી ૭ કલાકે વૈષ્ણવ બેન્કવેટ હોલ,૬એ, પારેખ નગર, વૈષ્ણવનગર, શતાબ્દી હોસ્પિટલની સામે. એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઇ.

**કપોળ**

ભાવનગરવાળા હાલ મલાડ ઉષાબેન રમણલાલ મહેતા (ઉં. વ. ૮૫) તે સ્વ. દીલીપભાઇ, માધવી સંજયભાઇ દોશી, ગં. સ્વ. બીનાબેન જિતેન્દ્રભાઇ મહેતા અને ચેતનભાઇના માતુશ્રી. તે ગં. સ્વ. પારૂલબેન તથા જિજ્ઞાબેનના સાસુ. તે ત્રાપજવાળા સ્વ. ગીરજાલક્ષ્મી, જયંતીલાલ મહેતા (વીમાવાળા)ના સુપુત્રી. સ્વ. હંસાબેન જશવંતરાય મહેતા, સ્વ. વિલાસબેન પ્રમોદભાઇ મહેતા, સ્વ. વિમળાબેન નગીનદાસ સંઘવી, સ્વ. દમયંતીબેન મનમોહનદાસ મહેતાના ભાભી. ઝલક, પરી, ભૂષણ, સૂરજ, મંથનના બા તા. ૫-૩-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૫ના શનિવાર ૪થી ૬. ઠે. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

લાતુરના સ્વ. લક્ષ્મીબેન રામદાસ તોડાઇના પુત્ર અને ઘાટકોપરના સ્વ. રૂક્ષ્મણીબેન ગોવિંદજી વધનના જમાઇ. પ્રતાપ રામદાસ તોડાઇ (ઉં. વ. ૮૫) મુલુંડ અને હાલ ન્યૂ જર્સી અમેરિકા નિવાસી તા. ૧-૩-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે દિવ્યાબેનના પતિ. પૂર્વી, પારુલ, શ્વેતાના પિતાશ્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ધારવાડ નિવાસી હાલ વસઇ રોડ સ્વ. નંદલાલ માધવજી તન્નાના ધર્મપત્ની પ્રતિભાબેન (ઉં.વ.૮૯) તા. ૨-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મણીબેન કાકુભાઇ ઉનડકટના દીકરી. તે સ્વ. દિપકભાઇ નંદલાલ તન્ના તથા નયના સુભાષકુમાર રતનધાયરાના માતોશ્રી. તથા સુભાષકુમાર ગં. સ્વ. હર્ષાબેનના સાસુ. તે ડિમ્પલ (મરીયમ) સ્વ. જીગરના દાદી. લૌકિક પ્રથા બંધ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# મુક્તાંગણ: વંચિત બાળકોના શિક્ષણ માટેનું સરનામું

મુંબઈ: મુક્તાંગણ શાળા તેની સ્થાપના બાદ વિકસિત અને હવે ૭ અંગ્રેજી માધ્યમની મ્યુનિસિપલ શાળાઓ, પ્રિસ્કૂલથી ૧૦મા ધોરણ સુધી સંકલિત શિક્ષક અને શાળા શિક્ષણ કાર્યક્રમના તેના અનોખા મોડેલ સાથે કાર્યરત છે. આ તમામ ૭ સ્કૂલ મુંબઈના વરલી અને પરેલ પહેલી વિસ્તારમાં આવેલી છે. સંસ્થાઓ ૩૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે ફ્રેન્ડલી વાતાવરણ અને હાઈ ક્વોલિટીનું ઈંગ્લિશ-મીડિયમનું શિક્ષણ પૂરું પાડે છે. જરૂરિયાતમંદ ૨૧૦૦થી વધુ વંચિત જાતિના વિદ્યાર્થીઓને ટેકો અને માર્ગદર્શન પૂરાં પાડીએ છીએ.

અમે અમારા પ્રિ-સર્વિસ ટીચર એજ્યુકેશન સેન્ટરમાં ૧૦૦૦થી વધુ કોમ્યુનિટીના સભ્યો (મોટા ભાગની મહિલા)ને તાલીમ આપીને આજીવિકા અને વ્યાવસાયિક મળી રહે એવું કામ કરીએ છીએ. આમાંથી ૬૫૦થી વધારેને શિક્ષક અને શિક્ષણને લગતી નોકરીઓ આપી છે. અમારી સ્કૂલમાં ટીચર અને વિદ્યાર્થીઓ એક જ જગ્યાએથી આવી રહ્યા હોવાથી તેઓ વચ્ચે સારો સુમેળ છે અને તેઓ પોતાની તમામ વાતોની આપ-લે કરતા ખચકાતા નથી, એમ ૨૦૦૩માં પત્ની સાથે સંસ્થાની સ્થાપના કરનાર સુનીલ મહેતાએ જણાવ્યું હતું.

છેલ્લાં ૨૧ વર્ષના પ્રવાસ દરમિયાન મુક્તાંગણે ઝડપથી પ્રગતિ હાંસલ કરી છે અને તે તેના અનેક નવા પ્રોજેક્ટમાં વ્યસ્ત છે. આ ડોનર્સોને કારણે શક્ય બન્યું છે. હવે સંસ્થા પોતાના કામને મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તાર સુધી વિસ્તારવા માગીએ છીએ.

કોમ્યુનિટી અને મ્યુનિસિપલ કમિશનરના સમર્થનથી જાહેર-ખાનગી ભાગીદારી મોડમાં પ્રથમ શાળા પાલિકા પાસેથી લેવામાં આવી હતી. માતા-પિતા અને તેમનાં બાળકોના ઉત્સાહ દ્વારા વ્યાખ્યાયિત આ શાળાની અદ્‌ભુત સફળતાને કારણે મુંબઈ પાલિકાની વધુ છ શાળા સોંપવા કહેવાયું છે. આ સમગ્ર પ્રોજેક્ટ એ માન્યતા પર આધારિત હતો જેમાં સામાન્ય પુરુષ અને સ્ત્રી યોગ્ય માન્યતાઓ અને કુશળતાથી સશક્ત, તેમની મહત્ત્વાકાંક્ષી કોમ્યુનિટીનાં બાળકો માટે અસાધારણ પરિણામ લાવી શકે છે.આ ઉપરાંત શાળાની જેની સાથે ભાગીદારી છે એમાં એનઆઈપીયુએન ભારત પ્રોજેક્ટ હેઠળ ૨૬ પાલિકાની શાળાઓ પાયાની સાક્ષરતા અને આંકડાકીય માટે મુક્તાંગણ મોડેલ પર આધારિત છે. આ સાથે ધર્મા ભારતી મિશન ચાઈલ્ડહૂડ એજ્યુકેશન અને અંગ્રેજી ભાષાના વિકાસના ક્ષેત્રમાં શિક્ષકોના વિકાસને ટેકો આપશે. આ ઉપરાંત શાળા સાથે અનેક સંસ્થા જોડાયેલી છે જે બાળકોના વિકાસ માટે કામ કરશે. ■

# ફેરિયાઓ પાસેથી હપ્તા લેનારા ધારાવીના ચાર કોન્સ્ટેબલ સસ્પેન્ડ

મુંબઈ: ફેરિયાઓ પાસેથી કથિત હપ્તા વસૂલી કરનારા ધારાવી પોલીસ સ્ટેશનના ચાર કોન્સ્ટેબલને તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.ફેરિયાઓ પાસેથી રૂપિયા લેનારા ચારેય કોન્સ્ટેબલનો વીડિયો તાજેતરમાં સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.ફૂટપાથ અને રસ્તાને કિનારે અડિંગો જમાવી બેસેલા ફેરિયાઓ સામે કોઈ કાર્યવાહી ન કરવા માટે તેમની પાસેથી નાણાં પડાવવામાં આવતા હતા. કોન્સ્ટેબલોની આ હરકત મુંબઈ પોલીસની પ્રતિષ્ઠાને કલંક લગાડનારી હોવાનું અધિકારીનું કહેવું છે. ■

# મુંબઈમાં જોખમી અને જર્જરિત ઈમારતોના પુનર્વિકાસને વેગ અપાશે: એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિધાનસભામાં એવી ખાતરી આપી હતી કે, મુંબઈ શહેરમાં જોખમી, જૂની અને જર્જરિત સેસ્ડ ઇમારતોના ઝડપી પુનર્વિકાસ માટે જનપ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવશે અને ઇમારતોના પુનર્વિકાસમાં રહેલા અવરોધો દૂર કરવામાં આવશે અને આ પુનર્વિકાસને વેગ આપવામાં આવશે.

વિધાન સભ્ય અમીન પટેલે આ સંદર્ભમાં એક રસપ્રદ સૂચન કર્યું હતું. તેમને જવાબ આપતાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બોલી રહ્યા હતા.

નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ જણાવ્યું હતું કે, જો બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા સક્ષમ અધિકારી કોઈ ઇમારતને જોખમી જાહેર કરે છે, તો પહેલા ઇમારત માલિકને પુનઃવિકાસ કરવાની તક આપવામાં આવે છે. જો માલિક છ મહિનાની અંદર દરખાસ્ત રજૂ ન કરે, તો આ તક રહેવાસીઓ અથવા ભાડૂઆતોની સહકારી હાઉસિંગ સોસાયટીને આપવામાં આવે છે. જો તેઓ પણ છ મહિનાની અંદર દરખાસ્ત રજૂ ન કરે, તો મુંબઈ મકાન સમારકામ અને પુનર્નિર્માણ બોર્ડ દ્વારા જમીન સંપાદન અને પુનર્વિકાસની જોગવાઈ છે. આ પ્રક્રિયા મુજબ, મુંબઈ મકાન સમારકામ અને પુનર્નિર્માણ બોર્ડે ૮૫૪ મકાન માલિકોને નોટિસ ફટકારી છે. આમાંથી ૬૭ માલિકોએ પુનર્વિકાસ દરખાસ્તો રજૂ કરી હતી, જેમાંથી ૩૦ માલિકોને નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) આપવામાં આવ્યું છે. રાજ્ય સરકાર એક નવી હાઉસિંગ પોલિસી લાવી રહી છે, જે સામાન્ય માણસને પોસાય તેવા આવાસ ઉપલબ્ધ કરાવવાની ખાતરી કરશે. ■


પ્રોસ્ટેટ ગ્રંથિ, કિડનીમાં પથરી
સ્ત્રી-પુરુષનાં મૂત્રવિકાર
Urethral Stricture
ઑપરેશન વગર ઉપચાર

- પ્રોસ્ટેટ ગ્રંથિ
- સ્ત્રીઓના મૂત્રવિકાર
- ખાંસી કે છીંકતી વેળા અજાણતા પેશાબ થવો
- વારંવાર પેશાબ થવો
- કિડનીમાં પથરી
- મુત્રમાર્ગમાં વારંવાર ઈન્ફેક્શન
- Urethral Stricture

વિશેષતા: ઑપરેશન, કાપકૂપ, એડમીટ થવાની મૂંઝવણમાં પડવાની જરૂર નથી.
૨૦ વર્ષનો અનુભવ
ડૉ. સુનીલ પાટીલ કહાલેકર
કહાલેકર યુરોલોજી સેંટર
(આયુર્વેદિક મૂત્રવિકાર ઉપચાર કેંદ્ર)
મુંબઈ, પૂના, ઔરંગાબાદ, નાંદેડ
મુંબઈ વિઝીટ: રવિવાર, ૯ માર્ચ ૨૦૨૫
મહિનાનો દર બીજો અને ચોથો રવિવાર
પૂના વિઝીટ: સોમવાર, ૧૦ માર્ચ ૨૦૨૫
(સમય: સવારે ૯.૦૦થી બપોરે ૪.૦૦)
સ્થળ: પાલકર પૉલિક્લિનિક, રાનડે રોડ, દાદર (પ)
95031 16222
94221 88788
www.readycureayurveda.com




## વિદ્યાર્થીઓનું વેકેશનનું પ્લાનિંગ બગડશે

# પહેલાથી નવમા ધોરણની પરીક્ષા પચીસ એપ્રિલ સુધીમાં

### આ વર્ષથી નિર્ણય અમલી: પ્રિન્સિપાલ, શિક્ષક સંગઠનોનો ઉગ્ર વિરોધ: વાલીઓ ટેન્શનમાં

મુંબઈ: એપ્રિલના બીજા અઠવાડિયા સુધીમાં છોકરાઓની વાર્ષિક પરીક્ષા પૂરી થાય કે જે લોકો બહારગામ જવાનો પ્લાન કરી રહ્યા છે એ થોડા થોભી જજો. સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગે (એસસીઈઆરટી) રાજ્યની તમામ શાળામાં ધોરણ પહેલાથી નવમાની વાર્ષિક પરીક્ષા અને સંકલિત મૂલ્યાંકન પરીક્ષણોનું આયોજન હવે આ વર્ષે એક જ પચીસ એપ્રિલ સુધીમાં સમયે કરવાનો નિર્ણય કર્યો છે. તેમના ટાઈમટેબલ અનુસાર પહેલાથી નવમાની વાર્ષિક પરીક્ષા થશે. આ નિર્ણયને પ્રિન્સિપાલ, શિક્ષક સંગઠને વિરોધ કર્યો છે. બીજી બાજુ રજાઓનું પ્લાનિંગ બગડે એવી શક્યતા હોવાથી વાલીઓ પણ અસ્વસ્થ થઇ ગયા છે.

રાજ્યનું શૈક્ષણિક વર્ષ ૩૦મી એપ્રિલ સુધી ચાલતું હોય છે. એપ્રિલના પહેલા અઠવાડિયામાં પરીક્ષા લેવા માટે શાળાનો કોર્સ સંપૂર્ણ રીતે પૂરો કરવામાં આવતો હોય છે. ૧૪મી એપ્રિલ બાદ તમામ શાળા ખાલી રહેતી હોવાનું અને ૩૦મી એપ્રિલ સુધી એવા જ દિવસો જતા હોય છે. આ બાબત એસસીઈઆરટીના ધ્યાનમાં આવ્યા બાદ આ વર્ષથી જ આમાં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય અનુસાર રાજ્ય શિક્ષણ વિભાગની તમામ શાળાઓમાં પહેલા ધોરણથી નવમા ધોરણની વાર્ષિક પરીક્ષા અને વિદ્યાર્થીઓની પ્રથમ ભાષા, વિજ્ઞાન-ગણિત, અંગ્રેજી અને સામાજિક શાસ્ત્ર વિષયોને સંકલિત અને સમયાંતરે એસેસમેન્ટ ટેસ્ટ આઠમી એપ્રિલથી પચીસમી એપ્રિલ સુધી આયોજિત કરવામાં આવશે. જોકે એસસીઈઆરટીના આવા નિર્ણયથી પ્રિન્સિપાલ અને શિક્ષક સંગઠને વિરોધ કર્યો હતો અને બહારગામ જવાનું પહેલાંથી જ પ્લાનિંગ કરી ચૂકેલા વાલીઓમાં પણ અસ્વસ્થતા જોવા મળી હતી. ■

# માટુંગા સ્ટેશન પાસે ફૂલ માર્કેટની બાવન ગેરકાયદે દુકાન તોડાઈ

મુંબઈ: માટુંગા રેલવે સ્ટેશન અને ભંડારકર માર્ગ પર આવેલી ફૂલ માર્કેટ વિસ્તારમાં આવેલી બાવન અનધિકૃત દુકાન પર પાલિકાના એફ (ઉત્તર) વિભાગ તરફથી બુધવારે ખાલી કરાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. નાયબ કમશિનર (ઝોન-ટૂ) પ્રશાંત સપકાળે અને એફ (ઉત્તર) વિભાગના આસિસ્ટન્ટ કમિશનર નીતિન શુક્લાના નેતૃત્વ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ વિસ્તારમાં અનધિકૃત બાંધકામો થઇ રહ્યાં હોવાનું પાલિકાના ધ્યાનમાં આવ્યું હતું. એ પાર્શ્વભૂમિને આધારે પાલિકાએ દુકાનોને ખાલી કરાવવા માટેની કાર્યવાહી કરી હતી. ■


પ્રથમ પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ





ગં. સ્વ. લક્ષ્મીબેન (હીરાબેન) હીરજી મથરાવાલા
(ઘાટકોપર)
જન્મ : ૧૧-૦૪-૧૯૨૯ * સ્વર્ગવાસ : ૦૭-૦૩-૨૦૨૪
કુટુંબ માટે ફૂલો પાથરી ગયા.
જીવન એવું જીવી ગયા કે સૌના માર્ગદર્શક બની ગયા.
મહેનત કરી હંમેશ સમગ્ર પરિવારનું ભલું કર્યું.
સમર્પણ અને સંસ્કારની જ્યોત જલાવી
સત્કર્મોની સુવાસ પ્રસરાવી ગયા.
હીરજી મથરાવાલા પરિવાર


# ‘છાવા’ ફિલ્મ જોઈ બોરીવલીના પાર્કમાં રોકાઈ ગયેલી બે બાળકીએ પોલીસને દોડતી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છાવા ફિલ્મ જોઈને બોરીવલીના જ એક પાર્કમાં રોકાઈ ગયેલી ખારની ૧૨ વર્ષની બે બાળકીએ પોલીસને દોડતી કરી દીધી હતી. નિર્મલ નગર પોલીસના જણાવ્યા મુજબ ખાર પૂર્વમાં અડોશપડોશમાં રહેતી બન્ને બાળકી જૂહુ ચોપાટી જતી હોવાનું તેમની બહેનોને કહીને બુધવારની સાંજે છ વાગ્યાની આસપાસ ઘરેથી નીકળી હતી. રાત થયા છતાં બન્ને બાળકી ઘરે પાછી ન ફરતાં વડીલોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. તેમની કોઈ ભાળ ન મળતાં આખરે પોલીસમાં ફરિયાદ કરી હતી.

પોલીસે બે બાળકી ગુમ થઈ જવાની માહિતીને ગંભીરતાથી લઈ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. બાળકીની શોધ માટે પોલીસ અધિકારીઓની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. એક ટીમ બદલાપુર પહોંચી હતી, જ્યારે બીજી ટીમ રેલવે સ્ટેશનો પર લાગેલા સીસીટીવી તપાસી રહી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે બન્ને બાળકી ખાર સ્ટેશનેથી બોરીવલી ગઈ હતી. ત્યાં અજંતા થિયેટરમાં રાતે ૧૦ વાગ્યે છાવા ફિલ્મ જોવા ગઈ હતી. ફિલ્મ પત્યા પછી બન્ને નજીકના એક પાર્કમાં જ રાતે રોકાઈ ગઈ હતી. બીજી સવારે આઠ વાગ્યે રિક્ષામાં બન્ને જણ ગોરાઈ જેટી ગઈ હતી. પોલીસે એ રિક્ષા ડ્રાઈવરની પણ પૂછપરછ કરી હતી. ગોરાઈ જેટીથી ફેરીમાં બન્ને જણ વૉટર કિંગડમ ગઈ હતી. પોલીસે બન્ને બાળકી વૉટર કિંગડમમાં હોવાની ખાતરી કરી ગોરાઈ પોલીસની મદદથી તેમને તાબામાં લીધી હતી. બન્ને બાળકીને તેમના વડીલોના તાબામાં સોંપાઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■


દુઃખદ નિધન





શ્રી નરેન્દ્રભાઇ લક્ષ્મીચંદ શાહ
૦૨.૧૦.૧૯૩૫ - ૦૨.૦૩.૨૦૨૫
મૂળ વતન સાયલા, હાલ કેમ્પસ કોર્નર, મુંબઈ.તા. ૦૨.૦૩.૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામ્યા છે.
પુત્ર: સ્વ. રંભાબેન અને સ્વ. લક્ષ્મીચંદ શાહ.
ભાઈ : સ્વ. સુરેન્દ્રભાઈ શાહ
પ્રાર્થના સભા
તા. ૮ માર્ચ, ૨૦૨૫
સમય: સાંજે ૪.૩૦ થી ૬.
Venue : Vivarea Tower E, Banquet Hall 25A, Sane Guruji Marg, Near Jacob Circle, Mumbai - 11
-: સદેવ હૃદયમાં વસતા :-
પુત્રી : પૂર્વી, શીતલ , સપના, શિવાની
જમાઈ: અતુલ આહુજા, અજય પટેલ અને રોહિત ગોયલ.
પૌત્ર - પૌત્રી : અર્જુન, કર્ણ, આરિયા, દિયા, ક્રિશ,રિષભ અને રેયાંશ
બહેન - બનેવી: નલિનીબેન ગાંધી, વત્સલાબેન અને વિનોદભાઈ સંઘવી
પરમાત્મા એ આત્માને પરમ શાંતિ અર્પે તે પ્રાર્થના


# સમાચારની સત્યતા ચકાસવા સરકાર રચશે મીડિયા સેન્ટર

મુંબઈ: પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ મીડિયાની સમાચારની સામગ્રીને ચકાસવા માટે મહારાષ્ટ્ર સરકાર મીડિયા મોનિટરિંગ સેન્ટરની સ્થાપના કરશે અને આ માટે ૧૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. પ્રિન્ટ અને બ્રોડકાસ્ટ મીડિયામાં સાચા અને ગેરમાર્ગે દોરનારા સમાચારના અહેવાલોને ભેગા કરી કેન્દ્ર દ્વારા તેનું વિશ્લેષણ કરવામાં આવશે તથા તેના આધારે સત્ય અહેવાલ તૈયાર કરાશે, એમ બુધવારે સરકારી ઠરાવ (જીઆર)માં જણાવાયું હતું.

જો કોઇ ગેરમાર્ગે દોરતા સમાચાર હશે તો તેને સમયસર સુધારી શકાશે. આ સિવાય જો કોઇ નાકારાત્મક સમાચાર હશે તો તેની સ્પષ્ટતા પણ ઝડપથી કરવામાં આવશે, એમ તેમાં વધુમાં જણાવાયું હતું. હાલમાં અખબારો, ન્યૂઝ ચેનલો અને ડિજિટલ પ્લેટફોર્મમાં વધારો થયો હોવાથી કેન્દ્રને આ મીડિયા સેન્ટર બનાવવાની જરૂર લાગી હતી. સરકારી નીતિઓ અને યોજનાઓ વિશે કેવી રીતે સમાચાર આપવામાં આવે છે તેની ચકાસણી એક છત નીચે થઇ શકે એ માટે સેન્ટર બનાવવામાં આવશે, એમ સરકારી આદેશમાં જણાવાયું હતું.

આ મીડિયા સેન્ટર સવારે આઠ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી કાર્યરત હશે અને તેનું સંચાલન ડિરેક્ટોરેટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ પબ્લિસિટી દ્વારા કરવામાં આવશે. આ માટે પ્રોફેશનલ સલાહકારની નિમણૂક કરાશે જે સરકાર સંબંધિત સમાચારના પીડીએફ ફોર્મેટ કલેક્ટ કરશે. ત્યાર બાદ સમાચારને સકારાત્મક, નકારાત્મક, વિભાગીય, સંબંધિત મુદ્દાઓ-ઘટનાઓ અને વ્યક્તિઓને આધારે વર્ગીકરણ કરવામાં આવશે. ■




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિઝન આધુનિક ગુજરાતનું
મિશન ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસનું

કૃષિ ક્ષેત્રે AI થકી DATA મેળવવા નવી યોજના
AI થકી ખરીફ અને રવિ ઋતુમાં પાકની માહિતી મેળવી તેની Crop Productivity Prediction કરી શકાય તે માટે ડિજિટલ ક્રોપ સરવેની નવી યોજના શરૂ કરવા માટે ₹૪૦ કરોડની જોગવાઈ

કૃષિ વીજ પુરવઠા માટે ખાસ જોગવાઈ
ખેડૂતોને વીજ સહાય માટે ₹૧૦,૭૧૩ કરોડની જોગવાઈ

કૃષિમાં આધુનિકતાને પ્રાધાન્ય
કૃષિ યાંત્રિકીકરણ હેઠળ ટ્રેક્ટર ખરીદી સહાય માટે ₹૮૦૦ કરોડ અને કૃષિ સંલગ્ન વિવિધ ઓજારોની ખરીદી માટે ₹૫૯૦ કરોડની જોગવાઈ
કૃષિ ક્ષેત્રે અદ્યતન ડ્રોન ટેક્નોલોજી ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સીડ રિપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવાની યોજના માટે ₹૮૨ કરોડ જોગવાઈ


આદિજાતિ વિસ્તારના ખેડૂતો માટે સહાય
રાજ્યના ૫૩ તાલુકાના આદિજાતિ ખેડૂતોની સહાયતા માટે કૃષિ સુવિધા રથ શરૂ કરાશે. જેના માટે ₹૧૯ કરોડની જોગવાઈ

ફૂડ પાર્કનું નિર્માણ
રાજ્યમાં કચ્છ, અમદાવાદ, જૂનાગઢ, વડોદરા, હાલોલ એમ પાંચ જિલ્લાઓમાં મેગા ફૂડ પાર્કનું નિર્માણ

મૂલ્યવર્ધન સાથે એક્સપોર્ટ ફેસિલિટી
કૃષિ ઉત્પાદનનું મૂલ્યવર્ધન કરી ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવા એગ્રો પ્રોસેસિંગ એન્ડ એક્સપોર્ટ પ્રમોશન માટે ₹૧૦૦ કરોડની જોગવાઈ

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન
પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે ₹૩૧૬ કરોડ અને નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ માટે ₹૯૦ કરોડની જોગવાઈ

કિસાન ક્રેડિટ કાર્ડની સહાયમાં વધારો
કેન્દ્રિય બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા ₹૩ લાખથી વધારી ₹૫ લાખ કરવામાં આવેલ છે જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ૪% વ્યાજ રાહત આપવા માટે ₹૧,૨૫૨ કરોડની જોગવાઈ



કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ₹૨૨,૪૯૮ કરોડની જોગવાઈ

## ઓલરાઉન્ડર બ્રાઈડન કાર્સ આઈપીએલ ૨૦૨૫માંથી બહાર

હૈદરાબાદઃ દક્ષિણ આફ્રિકાના વિયાન મુલ્ડરને ગુરુવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમમાં ઇગ્લેન્ડના ઓલરાઉન્ડર બ્રાયડન કાર્સેની જગ્યાએ લેવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડનો ઓલરાઉન્ડર કાર્સ પગના અંગૂઠામાં ઇજાના કારણે આઇપીએલ ૨૦૨૫માંથી બહાર થઈ ગયો છે.

બુધવારે ન્યૂ ઝીલેન્ડ સામે ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઇનલમાં રમનાર દક્ષિણ આફ્રિકાના ૨૭ વર્ષીય ઓલરાઉન્ડર મુલ્ડરને ૨૦૧૬ની ચેમ્પિયન અને ગયા વર્ષના રનર્સ-અપ સનરાઇઝર્સે ૭૫ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો.

આઇપીએલએ એક રિલીઝમાં જણાવ્યું હતું કે ''કાર્સ ઈજાને કારણે આઇપીએલ ૨૦૨૫માંથી બહાર થઈ ગયો છે અને તેના સ્થાને ઓલરાઉન્ડર મુલ્ડરને ૭૫ લાખ રૂપિયામાં સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.'' મુલ્ડરે અત્યાર સુધીમાં દક્ષિણ આફ્રિકા માટે ૧૮ ટેસ્ટ, ૨૫ વનડે અને ૧૧ ટી-૨૦ મેચ રમી છે.

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઈંગ્લેન્ડના ખેલાડી કાર્સને ઓસ્ટ્રેલિયા સામેની મેચ દરમિયાન પગના અંગૂઠામાં ઈજા થઈ હતી.

# શમીએ એનર્જી ડ્રિંક પીતા થઈ બબાલઃ મૌલાનાએ વખોડ્યો, તો રાજકારણીઓએ કર્યો બચાવ

દુબઈઃ ભારત ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં પહોંચી ચૂક્યું છે. સેમિફાઇનલમાં ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. આ મેચની એક તસવીર હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. જેમાં તે એનર્જી ડ્રિંક પીતો નજરે પડી રહ્યો છે. જેને લઈ ભારે વિવાદ થયો છે. કારણ કે હાલમાં મુસ્લિમોનો પવિત્ર મહિનો રમઝાન ચાલી રહ્યો છે. આ મહિનામાં મુસ્લિમો રોઝા રાખતા હોય છે. અનેક મૌલાના દ્વારા શમી રોઝા નહીં રાખતાં વિરોધ કરી રહ્યા છે. શમીની આ તસવીરને લઈ રાજકારણ પણ ગરમાયું છે. ભાજપ આ મામલે શમીના બચાવમાં ઉતર્યું છે.

શમીની એનર્જી ડ્રિંક પીતી તસવીર પર ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રાજવીએ નિવેદન બહાર પાડીને કહ્યું, ઈસ્લામમાં રોઝાને એક ફરજ ગણાવવામાં આવી છે. જો કોઈ જાણી જોઈને ન રાખે તો તે ગુનેગાર છે. શમીએ રોઝા નથી રાખ્યા, જ્યારે રોઝા રાખવા તેની નૈતિક ફરજ છે. આમ ન કરવાથી તેણે મોટો ગુનો કર્યો છે. શરીયતની નજરમાં તે ગુનેગાર છે.



આ મુદ્દે ભાજપ પ્રવક્તા રાકેશ ત્રિપાઠીએ કહ્યું, આસ્થા કોઈપણ વ્યકિતનો અંગત મુદ્દો છે. ક્યું વ્રત રાખવું, કેવી રીતે પૂજા કરવી તેઓ ખુદ નક્કી કરશે. રોઝા રાખવા કે નહીં તે વ્યક્તિની અંગત ઈચ્છા પર નિર્ભર કરે છે. ક્રિકેટર દેશ માટે રમી રહ્યો છે તે વાત મૌલાનાથી સહન થતી નથી. આ મુદ્દે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય રોહિત પવારની પણ પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું, દેશનું પ્રતિનિધિત્વ કરતી વખતે મોહમ્મદ શમીને લાગે છે કે રોઝાના કારણે તેના પ્રદર્શન પર થોડી પણ અસર પડશે કે કંઈ થશે તો ઊંઘી નહીં શકે. તે એક કટ્ટર ભારતીય છે, તેણે ઘણી વખત ટીમને જીત અપાવી છે. રમત ગમતમાં ધર્મને વચ્ચે ન લાવવો જોઈએ. જો તમે આજે કોઈપણ મુસ્લિમ વ્યક્તિને પૂછશો તો કહેશે કે તેમને મોહમ્મદ શમી પર ગર્વ છે. મોહમ્મદ શમીની આ તસવીરને લઈ સોશિયલ મીડિયા પર ચર્ચા થઈ છે. કેટલાક યુઝર્સ શમીનું સમર્થન કરી રહ્યા છે તો કેટલાક રોઝા રાખવાની વાત કરતી વખતે પહેલા ધર્મને માનવાની સલાહ આપી રહ્યા છે. શમીના ફેંસનું કહેવું છે કે દેશ માટે રમવું સૌથી મોટી વાત છે. કોઈ ખેલાડીએ મેચ દરમિયાન તેમને કેવી રીતે ફિટ અને ફ્રેશ રાખવા તેમનો નિર્ણય છે. આને લઈ કોઈ વિવાદ ન થવો જોઈએ. ઈજામાંથી મુક્ત થઈને પરત ફર્યા બાદ શમી ચેમ્પિયન્સ ટ્રોફીમાં બુમરાહની ગેરહાજરીમાં ભારતીય ટીમની ફાસ્ટ બોલિંગનું નેતૃત્વ કરી રહ્યો છે. તેણે હર્ષિત રાણા અને હાર્દિક પંડ્યા સાથે નવા બોલથી બોલિંગ કરી છે. રાણા નવોદિત છે અને પંડ્યા ઓલરાઉન્ડર છે, જે વન ડે મેચમાં સામાન્ય રીતે ૧૦ ઓવરનો સ્પેલ પૂરો કરતો નથી. શમીએ અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં આઠ વિકેટ ઝડપી છે. શમીને વર્લ્ડ કપ ૨૦૨૩ દરમિયાન ઈજા થઈ હતી અને ત્યારથી ટીમ બહાર હતો.

## ફાઈનલ અગાઉ રચિન રવીન્દ્રએ કહ્યું, અમારે દુબઈની પિચને અનુકૂળ થવું પડશે

લાહોરઃ ન્યૂઝીલેન્ડના આક્રમક ઓપનર રચિન રવીન્દ્રનું માનવું છે કે તેમની ટીમે રવિવારે ભારત સામેની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ માટે દુબઈની અજાણી પિચ પર અનુકૂળ થવું પડશે. નોંધનીય છે કે ન્યૂઝીલેન્ડે દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત સામે માત્ર એક મેચ રમી હતી અને બાકીની મેચો પાકિસ્તાનમાં રમી હતી. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ન્યૂઝીલેન્ડે લાહોરમાં પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા સામે બે ત્રિકોણીય મેચ રમી હતી. બીજી તરફ ભારતે તેની તમામ મેચ દુબઈમાં રમી છે અને તે ત્યાંની પરિસ્થિતિથી સારી રીતે વાકેફ છે.

રવીન્દ્રએ કહ્યું હતું કે, અમે દુબઈની પિચ વિશે વધુ જાણતા નથી. અમે ત્યાં ભારત સામે મેચ રમી હતી અને પછી બોલ ઘણો ટર્ન થઈ રહ્યો હતો જ્યારે બીજી મેચમાં અમે જોયું કે બોલ વધુ ટર્ન થઇ રહ્યો નહોતો. અમે પરિસ્થિતિઓને અનુકૂળ થઈને અમારી રમત એ જ રીતે રમી અને અમારે રવિવારે ફરીથી એવું જ કરવું પડશે.

બુધવારે બીજી સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકા સામે ન્યૂઝીલેન્ડની ૫૦ રને જીત બાદ તેણે કહ્યું હતું કે, ''અમે આગામી બે દિવસમાં તેના પર નજર રાખીશું અને આશા છે કે ક્રિકેટ માટે સારી પિચ હશે.''

રવીન્દ્રએ ટુર્નામેન્ટમાં અત્યાર સુધીમાં બે સદી ફટકારી હોવા છતાં દુબઈમાં રમાયેલી ભારત સામેની લીગ તબક્કાની મેચમાં તે હાર્દિક પંડ્યાના બોલને અપર કટ કરવાનો પ્રયાસ કરતી વખતે માત્ર છ રન કરીને આઉટ થયો હતો.

## ખેલાડીઓ માટે એક સમાન પસંદગી નીતિ અને ફરિયાદ નિવારણ સિસ્ટમ બનેઃ રમતગમત મંત્રાલય

નવી દિલ્હીઃ જવાબદારી અને સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે રમતગમત મંત્રાલયે નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન (એનએસએફ) માટે તેમની પસંદગી નીતિઓને પ્રમાણિત કરવા, ખેલાડીઓને ટ્રાયલ માટે ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉ જાણ કરવા અને અન્યાયની લાગણીને કારણે થતા મુકદ્દમા ઘટાડવા માટે ફરિયાદ નિવારણ પ્રણાલી સ્થાપિત કરવાનું ફરજિયાત બનાવ્યું છે.

પસંદગી મામલા પર નિર્દેશ ત્યારે આપવામાં આવ્યા જ્યારે રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ રાષ્ટ્રીય ફેડરેશનોને સ્પષ્ટ કર્યું હતું કે તેઓ ઇચ્છે છે કે એનએસએફ એથ્લેટ્સ સાથે કાનૂની ટકરાવથી બચે. તાજેતરના સમયમાં કુસ્તી, શૂટિંગ અને કેટલીક અન્ય રમતગમત સ્પર્ધાઓમાં જોવા મળ્યું છે.

પીટીઆઈ પાસે રહેલા આ પરિપત્રને ભારતીય ઓલિમ્પિક એસોસિએશન, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશનને મોકલવામાં આવ્યો છે.

નવા નિર્દેશો અનુસાર, એનએસએફને પોતાની વેબસાઇટ પર પસંદગી નીતિઓની જાણકારી આપવી ફરજિયાત છે અને તેમાં કોઈપણ સુધારો ત્યારે જ શક્ય બનશે જ્યારે સ્પર્ધાના આયોજન માટે ઓછામાં ઓછા ત્રણ મહિના બાકી હોય. પસંદગી ટ્રાયલ્સની વીડિયોગ્રાફી પણ ફરજિયાત બનાવવામાં આવી છે.

પાંચ પાનાના આ દસ્તાવેજમાં એનએસએફ માટે દરેક ટ્રાયલ પહેલાં મંત્રાલયને જાણ કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. આ મુજબ, ''નાણાકીય સહાય માટે દરખાસ્ત સબમિટ કરતી વખતે પસંદગી સમિતિની બેઠકની સહી કરેલી માહિતી સાથે પસંદગી ટ્રાયલનું વીડિયો રેકોર્ડિંગ એસએઆઇને મોકલવામાં આવશે.''

મંત્રાલયે એનએસએફને ઓલિમ્પિક્સ, પેરાલિમ્પિક્સ, એશિયન ગેમ્સ, પેરા એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધાઓ માટે પસંદગીના માપદંડ ઓછામાં ઓછા બે વર્ષ અગાઉ જાહેર કરવા જણાવ્યું છે. શૂટિંગ જેવી રમતમાં આ માગ ઘણા સમયથી કરવામાં આવી રહી હતી. પ્રખ્યાત પિસ્તોલ કોચ જસપાલ રાણાએ કહ્યું છે કે પ્રમાણિત નીતિઓનો અભાવ ખેલાડીઓ પર નકારાત્મક અસર કરે છે.

આ મુખ્ય સ્પર્ધાઓ માટેની યાદીમાં ખેલાડીઓ, કોચ, સપોર્ટ સ્ટાફ અને અધિકારીઓને મંત્રાલયને જાણ કર્યા વિના સામેલ કરી શકાય નહીં અને પ્રસ્તાવિત નામો માટે 'તર્ક' અને 'આધાર' પણ આપવા પડશે. આ યાદી સબમિટ કરવાની છેલ્લી તારીખના ઓછામાં ઓછા ૩૦ દિવસ પહેલા મંત્રાલય/એસએઆઇને મોકલવી જોઈએ.

આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે જ્યાં ખેલાડીઓને રાષ્ટ્રીય શિબિરનો ભાગ બનવું જરૂરી છે, મંત્રાલયે નિર્દેશ આપ્યો છે કે એનએસએફ તેમને તાલીમ શરૂ થવાના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલા જરૂરી આવશ્યકતાઓ વિશે જાણ કરે. જો કોઈ ખેલાડી હજુ પણ સિસ્ટમથી નારાજ હોય તો એનએસએફને ફરિયાદ નિવારણ સમિતિ અથવા અપીલ સમિતિની રચના કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે જે ફરિયાદના સાત દિવસની અંદર નિર્ણય લેશે.

## ડેવિડ મિલરે સેમિફાઇનલમાં હાર બાદ આઇસીસી પર સાધ્યું નિશાન

લાહોરઃ દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન ડેવિડ મિલરે આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીના કાર્યક્રમ પર સવાલ ઉઠાવતા કહ્યું કે દુબઈથી પરત ફર્યા બાદ લાહોરમાં બીજી સેમિફાઇનલ રમવી તેમની ટીમ માટે આદર્શ પરિસ્થિતિ નહોતી. નોંધનીય છે કે દક્ષિણ આફ્રિકાની ટીમ સેમિફાઇનલમાં ન્યૂઝીલેન્ડ સામે ૫૦ રનથી હારી ગઈ હતી. કરાચીમાં ગ્રૂપ સ્ટેજની છેલ્લી મેચ રમ્યા પછી તરત જ દક્ષિણ આફ્રિકાની ટીમને બીજા દિવસે વહેલી સવારે દુબઈ જવા માટે ફ્લાઇટ પકડવાની હતી. હાઇબ્રિડ મૉડેલ પર રમાઈ રહેલી આ ટુર્નામેન્ટમાં દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાની ટીમોએ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી ગ્રુપ સ્ટેજ મેચનું પરિણામ આવે ત્યાં સુધી દુબઈમાં રહેવું પડ્યું હતું. દક્ષિણ આફ્રિકા ગ્રૂપ બીમાં ટોચ પર રહ્યું હતું અને ભારત ગ્રુપ એમાં ટોચ પર હોવાથી સેમિફાઇનલ રમવા માટે પાકિસ્તાન પરત ફરવું પડ્યું હતું. મેચમાં અણનમ સદી ફટકારનાર મિલરે કહ્યું હતું કે, ''તે એક કલાક અને ૪૦ મિનિટની ફ્લાઇટ હતી પરંતુ મારો કહેવાનો અર્થ એ છે કે અમારે તે કરવું જ પડ્યું. મેચ પછી તરત જ અમારે બીજા દિવસે વહેલી સવારે ફ્લાઇટ પકડવાની હતી જેથી અમે સમયસર દુબઈ પહોંચી શકીએ અને સવારે ૭.૩૦ વાગ્યે અમારે પાછા આવવું પડ્યું, ઇએસપીએનક્રિકઇન્ફોએ મિલરને ટાંકીને લખ્યું હતું કે આ સારી પરિસ્થિતિ નહોતી. એવું નથી કે અમે પાંચ કલાક ફ્લાઇટની મુસાફરી કરી અને અમને મેચની સંપૂર્ણ તૈયારી કરવા માટે પૂરતો સમય મળ્યો હતો પરંતુ તેમ છતાં તે આદર્શ પરિસ્થિતિ નહોતી. મિલરની આ ટિપ્પણી તેના સાથી ખેલાડી રાસી વાન ડેર ડુસેનના તે નિવેદન બાદ આવી છે જેમાં તેણે કહ્યું હતું કે ભારતને તેમની બધી મેચ એક જ સ્થળે રમવાથી ફાયદો થશે. મિલરે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ફાઇનલ મેચ વિશે કહ્યું હતું કે, ''બંને ખૂબ સારી ટીમો છે. ભારતે દુનિયાને બતાવી દીધું છે કે તેમની ટીમ કેટલી સારી છે.'' તેઓ છેલ્લાં ઘણાં વર્ષોથી સતત સારું ક્રિકેટ રમી રહ્યા છે અને તેમની પાસે કેટલાક ખરેખર સારા ખેલાડીઓ છે. આ એક શાનદાર મેચ હશે.

## આજે મહિલા પ્રીમિયર લીગમાં દિલ્હી કેપિટલ્સ સામે જીત મેળવી પ્લેઓફનો દાવો મજબૂત કરશે ગુજરાત જાયન્ટ્સ

લખનઊઃ સતત બે જીત સાથે મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યૂપીએલ) પ્લેઓફમાં સ્થાન મેળવવાની પોતાની તકો મજબૂત કર્યા પછી ગુજરાત જાયન્ટસ શુક્રવારે દિલ્હી કેપિટલ્સ સામે રમશે. ગુજરાત જાયન્ટ્સ મહિલા પ્રીમિયર લીગના પોઈન્ટ ટેબલમાં સૌથી છેલ્લે હતું પરંતુ બે મોટી જીત (રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે છ વિકેટથી અને યુપી વોરિયર્સ સામે ૮૧ રનથી) તેમને પાંચ ટીમોના પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચાડી દીધી છે.

ગુજરાત જાયન્ટ્સના છ મેચમાં છ પોઈન્ટ છે અને દિલ્હી કેપિટલ્સ સામે જીત મેળવીને તે પ્લેઓફમાં પહોંચવાનો પોતાનો દાવો મજબૂત કરવા માગશે. દિલ્હી હાલમાં ૧૦ પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર છે. દિલ્હી કેપિટલ્સ પહેલાથી જ પ્લેઓફમાં સ્થાન મેળવી ચૂકી છે. જીત સાથે દિલ્હી પોતાના નેટ રન રેટમાં સુધારો કરવાનો પણ પ્રયાસ કરશે.

ગુજરાત જાયન્ટ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને એક રોમાંચક મેચમાં હરાવી હતી. જેમાં કેપ્ટન એશલી ગાર્ડનર (અણનમ ૫૮) અને ફોબી લિચફિલ્ડ (અણનમ ૩૦)એ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ જાયન્ટ્સે બેથ મૂનીના અણનમ ૯૬ રન અને તેમના બોલરો શાનદાર પ્રદર્શનની મદદથી યુપી વોરિયર્સને ૮૧ રનથી કચડી નાખ્યું હતું. આ મોટી જીતથી તેમનો નેટ રન રેટ -૦.૪૫૦ થી વધીને ૦.૩૫૭ થયો હતો. જે ત્રીજા સ્થાને રહેલી મુંબઈ ઈન્ડિયન્સ (૦.૧૬૬) કરતાં સારો છે. મુંબઈ પણ છ પોઈન્ટ સાથે તેમની બરાબર છે.

મુંબઈ ઈન્ડિયન્સ પાસે હજુ ત્રણ મેચ બાકી છે, તેથી ગુજરાતની ટીમ પોતાનો નેટ રન રેટ વધુ સારો રાખવા માગશે અને અન્ય મેચોનાં પરિણામો પર આધાર રાખશે નહીં.

## ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગમાં સચિન તેંડુલકરની તોફાની ઈનિંગ એળે ગઈઃ ભારત સામે ઓસ્ટ્રેલિયાનો વિજય

વડોદરા : મહાન ક્રિકેટર સચિન તેંડુલકરની ૬૪ રનની શાનદાર ઇનિંગ છતાં ઓસ્ટ્રેલિયાએ અહીં રમાયેલી ઇન્ટરનેશનલ માસ્ટર્સ લીગ (આઇએમએલ)ની મેચમાં ભારતને ૯૫ રનના મોટા માર્જિનથી હરાવ્યું હતું.

સચિન તેંડુલકરે પોતાની ઇનિંગમાં સાત ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા હતા. સચિનની શાનદાર ઇનિંગ છતાં ભારતીય ટીમ ૨૦ ઓવરમાં ૧૭૪ રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી. ભારતને જીતવા માટે ઓસ્ટ્રેલિયાએ ૨૭૦ રનને લક્ષ્યાંક આપ્યો હતો. સચિન સિવાય યુસુફ પઠાણે ૧૫ બોલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૨૫ રન ફટકાર્યા હતા.

ઓસ્ટ્રેલિયાએ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. કેપ્ટન શેન વોટસન (અણનમ ૧૧૦) અને બેન ડંક (અણનમ ૧૩૨) એ બીજી વિકેટ માટે ૨૩૬ રનની ભાગીદારી કરી હતી, જેના કારણે ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં એક વિકેટના નુકસાન પર ૨૬૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.

ભારતીય ટીમના કેપ્ટન તેંડુલકરે પોતાની ટીમ માટે એકલા હાથે લડત આપી હતી પરંતુ તેમના પ્રયત્નો પૂરતા ન હતા. તેંડુલકરે ૨૭ બોલમાં પોતાની અડધી સદી પૂર્ણ કરી હતી. ભારતે ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ ૧૦૦ રન કર્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી સ્પિનર ઝેવિયર ડોહર્ટીએ ચાર ઓવરમાં ૨૫ રન આપીને પાંચ વિકેટ લીધી હતી. જ્યારે બેન હિલ્ફેનહોસ, બેન લોફલિન, બ્રાઇસ મૈકગેન, ડેન ક્રિશ્ચિયન અને નાથન રિયરડને એક-એક વિકેટ ઝડપી હતી.

ચાર મેચમાં ભારતનો આ પહેલો પરાજય છે. સચિન તેંડુલકરની ટીમ પહેલાથી જ સેમિફાઇનલમાં પહોંચી ગઈ છે.

## ક્લાસિફાઈડ


### ૪. ધાર્મિક સંબંધી

**જૈન - હિન્દુ**
ધાર્મિક સમાચાર આપવા જૈનાચાર Jainam24.com, 9819669108. (૧૫૩૨૪-સી)

### ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.) (૧૫૬૬૪-બી)

### ૧૦. મહિલાઓ માટે



(બી-૧૫૫૩૩)

### ૧૪. નોકરી ખાલી છે

**''ફીમેલ સ્ટાફ જોઈએ...''**
ફોન ઉપર માર્કેટીંગના કામ માટે.. (ગુજરાતીમાં - અંગ્રેજીમાં - મરાઠીમાં બોલી શકે..) ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'' કાંદીવલી - 8291225710. (બી-૧૫૬૫૪)

### ૧૭. જગ્યા આપવી છે

**2 BHK FLAT ON 3RD FLOOR in Juhu Tara, Kishore Kumar Lane for Rent, Rs. 80000 Negotiable, No Lift. Contact - 9869960115 / 9920022074. (B-15590)**

**KANDIVALI EAST**
**2 BHK, Thakur Village, Reputed Builder, Higher Floor, One minute WEH, Metro Station, Thakur College, Bus Stop, Rickshaw Stand, Temple, Chemist, Doctor, Grocery Store Below Building (Broker excuse) Call Owner: 9820112323. (15550-A)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**માટુંગા પશ્ચિમ**
માટુંગા પશ્ચિમમાં 600 sqft + 400 sqft મેઝેનાઈન ઓફિસ / વર્કશોપ ભાડે ઉપલબ્ધ છે કૉલ 9820557620. (બી-૧૫૬૫૩)

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા-૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦-બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. -7021222104, -8450941119. (બી-૧૫૬૪૨)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૬૫૧)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ગિલેસ્પીએ પાકિસ્તાનના હેડ-કોચ અકીબ જાવેદને 'જોકર' ગણાવ્યો!

સિડનીઃ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત સામે પછડાટ ખાધા બાદ આખી ટૂર્નામેન્ટમાંથી જ આઉટ થઈ ગયેલા પાકિસ્તાનની ટીમના હેડ-કોચ અકીબ જાવેદે તાજેતરમાં નિવેદન આપ્યું એ બદલ પાકિસ્તાનના ભૂતપૂર્વ કોચ જેસન ગિલેસ્પીએ અકીબને 'જોકર' તરીકે ઓળખાવીને આકરા શબ્દોમાં તેને વખોડી કાઢ્યો છે.

પાકિસ્તાનની ટીમના મેનેજમેન્ટમાં અને કોચિંગ સ્ટાફમાં વારંવાર ફેરફારો થતાં પાકિસ્તાની ટીમના પર્ફોર્મન્સ પર વિપરીત અસર પડી એ વિશે અકીબ જાવેદે તાજેતરમાં પત્રકારોને કહ્યું હતું કે 'છેલ્લા બે વર્ષમાં અમે ૧૬ કોચ અને ૨૬ સિલેક્ટર બદલ્યા.'

અકીબ જાવેદે એવું પણ જણાવ્યું હતું કે 'આવી ફોર્મ્યુલા વિશ્વની કોઈપણ ટીમને લાગુ પાડવામાં આવે તો એ ટીમ પણ આવી જ (અમારા જેવી જ) સ્થિતિમાં આવી જાય. ક્રિકેટ બોર્ડમાં ઉપરથી નીચે સુધી (ચેરમેનથી માંડીને નીચેના સ્તરના હોદ્દેદાર સુધી) જો સાતત્યતા ન જળવાય તો ક્રિકેટ ટીમની પ્રગતિ થાય જ નહીં.'

જોકે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર જેસન ગિલેસ્પીએ અકીબ જાવેદના નિવેદનને હાસ્યાસ્પદ ગણાવતા એવું પણ જણાવ્યું છે કે 'પાકિસ્તાનની ત્રણેય ફોર્મેટની ટીમ માટે મેં અને ગેરી કર્સ્ટને જે કંઈ કર્યું એની જાણે કંઈ કિંમત જ નથી, કોઈ મતલબ જ નથી એવા અર્થમાં અકીબ દ્વારા કહેવામાં આવ્યું છે.'

## બેટિંગમાં આવવાના બદલે ડ્રેસિંગ રૂમમાં સૂઈ રહ્યો પાકિસ્તાની બેટ્સમેનઃ અમ્પાયરે 'ટાઈમ આઉટ' આપ્યો

રાવલપિંડીઃ ભારત સામે તાજેતરમાં ચેમ્પિયન્સ ટ્રોફી મેચમાં અડધી સદી ફટકારનાર પાકિસ્તાની બેટ્સમેન સઈદ શકીલને અહીં પ્રેસિડેન્ટ કપ ફર્સ્ટ-ક્લાસ ટુર્નામેન્ટની ફાઇનલ દરમિયાન બેટિંગ માટે પોતાનો વારો આવવાની રાહ જોતા કથિત રીતે સૂઈ જવાના કારણે 'ટાઇમ આઉટ' આપવામાં આવ્યો હતો.

શકીલ 'ટાઇમ આઉટ' આપવામાં આવ્યો હોય તેવો કુલ સાતમો અને પાકિસ્તાન ક્રિકેટના ઇતિહાસમાં પ્રથમ બેટ્સમેન છે. આ મેચ મંગળવારે રાત્રે સ્ટેટ બેન્ક અને પીટીવી વચ્ચે રમાઈ હતી.

રમઝાનને કારણે આખી મેચ ફ્લડલાઇટ્સ હેઠળ રમાઈ હતી. આ મેચ સાંજે ૭:૩૦ થી રાત્રે ૨:૩૦ વાગ્યા સુધી રમાવાની હતી.

પાકિસ્તાનના ઘરેલુ ક્રિકેટમાં પહેલીવાર આ સમયે મેચ રમાઈ હતી. શકીલ ફાઇનલમાં સ્ટેટ બેન્ક તરફથી રમી રહ્યો હતો અને પોતાની બેટિંગની રાહ જોઈ રહ્યો હતો ત્યારે ઝડપી બોલર મોહમ્મદ શહઝાદે ઉમર અમીન અને ફવાદ આલમને સતત બે બોલ પર આઉટ કર્યા હતા.

મેચ અધિકારીએ જણાવ્યું હતું કે, ''નવા બેટ્સમેનને ક્રીઝ પર આવવા માટે મંજૂર કરાયેલી ત્રણ મિનિટની સમય મર્યાદા પછી સઇદ ક્રીઝ પર આવ્યો હતો.''

અધિકારીએ જણાવ્યું કે જ્યારે શકીલ ક્રીઝ પર પહોંચ્યો ત્યારે પીટીવીના કેપ્ટન અમ્માદ બટ્ટે અમ્પાયરને તેને ટાઇમ આઉટ કરવાની અપીલ કરી હતી અને આ અપીલને સ્વીકાર કરી લેવામાં આવ્યો હતો.

ત્યારબાદ પાકિસ્તાનના ખેલાડી ઇરફાન ખાન નિયાઝી ક્રીઝ પર આવ્યો અને શહજાદે તેને બોલ્ડ કરીને પોતાની હેટ્રિક પુરી કરી હતી.

આ અગાઉ કોઇ બેટ્સમેનને ૨૦૨૩ના વર્લ્ડ કપમાં બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચેની મેચ દરમિયાન ટાઇમ આઉટ આપવામાં આવ્યો હતો. જ્યારે શાકિબ અલ હસને એન્જેલો મેથ્યુઝ સામે અપીલ કરી હતી. પાંચ વિકેટ ઝડપ્યા બાદ શહઝાદે પીટીવી તરફથી સદી પણ ફટકારી હતી.

## ચેમ્પિયન્સ ટ્રોફીમાં ખરાબ પ્રદર્શન કરનારી બાંગ્લાદેશની ટીમને વધુ એક ઝટકોઃ મુશફિકુર રહીમે વન-ડેમાંથી લીધી નિવૃત્તિ

ઢાકાઃ બાંગ્લાદેશના અનુભવી ખેલાડી મુશફિકુર રહીમે વનડેમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. ચેમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું અને ટીમ ગ્રૂપ સ્ટેજમાં જ બહાર થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયન બેટ્સમેન સ્ટીવ સ્મિથ બાદ મુશફિકુરે પણ વન-ડેમાંથી નિવૃતિ જાહેર કરી હતી.

મુશફિકુરને ૨૦૨૫ માટે બાંગ્લાદેશના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની કેટેગરી-એમાં સામેલ કરવામાં આવ્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફીમાં મુશફિકુરનું નિરાશાજનક પ્રદર્શન રહ્યું હતું અને તેણે ભારત અને ન્યૂઝીલેન્ડ સામે શૂન્ય અને બે રન કર્યા હતા.મુશફિકુરને તેના પ્રદર્શનને કારણે ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ આઇસીસી ટૂર્નામેન્ટમાં બાંગ્લાદેશ એક પણ મેચ જીતી શક્યું ન હતું અને સેમિફાઇનલની રેસમાંથી બહાર થઈ ગયું હતું.

મુશફિકુરે સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટમાં કહ્યું હતું કે તેણે દેશને આગળ વધારવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા પરંતુ તેને પડકારોનો પણ સામનો કરવો પડ્યો.

મુશફિકુરે ઇન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે , હું આજે વન-ડે ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરું છું. વૈશ્વિક સ્તરે આપણી સિદ્ધિઓ મર્યાદિત હોઈ શકે છે, પરંતુ એક વાત ચોક્કસ છે કે, જ્યારે પણ હું મારા દેશ માટે મેદાનમાં ઊતર્યો ત્યારે મેં સમર્પણ અને પ્રામાણિકતા સાથે ૧૦૦ ટકાથી વધુ આપ્યું છે. છેલ્લાં કેટલાંક અઠવાડિયાં મારા માટે પડકારજનક રહ્યાં છે અને મને સમજાયું કે આ મારું ભાગ્ય છે. હું મારા પરિવાર, મિત્રો અને ચાહકોનો આભાર માનું છું જેમના માટે હું ૧૯ વર્ષથી ક્રિકેટ રમી રહ્યો છું.

મુશફિકુરે ૨૦૦૫માં હરારેમાં ઝિમ્બાબ્વે સામે ડેબ્યૂ કર્યું હતું. તેણે એક વર્ષ કરતા પણ ઓછા સમયમાં પોતાની વન-ડે કરિયરમાં પ્રગતિ કરી હતી. ૨૦૦૭ના વન-ડે વર્લ્ડ કપ દરમિયાન મુશફિકુરે અણનમ ૫૬ રન કરી બાંગ્લાદેશને ભારત સામે જીત અપાવી હતી. તેણે ૨૭૪ મેચોમાં ૩૬.૪૨ ની સરેરાશથી ૭૭૯૫ રન કર્યા હતા જેમાં નવ સદી અને ૪૯ અડધી સદીનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રીનો સંકલ્પ

# સૌને અન્ન...સૌને પોષણ...





માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્ર મોદીના

વરદ્હસ્તે





પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત
ગંગાસ્વરૂપા, વૃદ્ધ, દિવ્યાંગ સહાય યોજના તથા
ગરીબ લાભાર્થી પરિવારોના અંદાજિત
૨,૦૦,૦૦૦ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજનું

## લાભ વિતરણ

:: પ્રેરક ઉપસ્થિતિ ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માન. મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સી.આર.પાટીલ**
માન. કેન્દ્રીય મંત્રી, જળશક્તિ મંત્રાલય

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અંત્યોદય કલ્યાણની વિચારધારાને
કેન્દ્રમાં રાખી સમાજના વંચિત જૂથને સીધો લાભ પહોંચે તે હેતુથી

**સુરત જિલ્લા અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ અભિયાન**

ગંગાસ્વરૂપા સહાય યોજના, વૃદ્ધ સહાય યોજના,
દિવ્યાંગ સહાય યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા તથા અન્ય ગરીબ પરિવારોને

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ આપવાનો સંકલ્પ**

૭ માર્ચ ૨૦૨૫, શુક્રવાર બપોરે ૩-૦૦ વાગે નીલગીરી સર્કલ, લિંબાયત, સુરત



અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતના છ જિલ્લાની ૧૩૮ કંપની સામે સ્થાનિકોને નોકરી ન આપવા મુદ્દે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત, સમગ્ર દેશમાં વિકાસના મોડેલ તરીકે ઓળખાય છે, જોકે સમૃદ્ધ રાજ્યમાં પણ બેરોજગારીની સમસ્યા વધુ વકરતી જાય છે. ગુજરાતનો વિકાસદર ઊંચો હોવા છતાં, યુવાનો માટે નોકરી મળવી મુશ્કેલ બની રહી છે.

રાજ્યના છ મહત્ત્વના જિલ્લાઓમાં ૧૩૮ કંપનીઓ સામે સ્થાનિકોને નોકરી ન આપવાના આરોપસર ફરિયાદ નોંધાઈ હતી. આ શહેરોમાં અમદાવાદ, સુરત, વડોદરા, સુરેન્દ્રનગર, સાબરકાંઠા અને મહેસાણાનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં વિદેશી રોકાણ વધવા છતાં યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. ૨૦૨૩માં ૬૦, ૨૦૨૪માં ૭૮ અને ૨૦૨૫માં ૧૩૮ કંપનીઓ સામે ફરિયાદ નોંધાઈ છે, જે સ્થાનિકોને નોકરી ન આપતી હોવાનો આરોપ છે. આ મામલે ઉદ્યોગ કમિશનર અને રોજગાર કચેરીએ પણ વિગતો મેળવી સરકાર સુધી રજૂઆત કરી છે. સરકાર દ્વારા કંપનીઓ માટે ખાસ પરિપત્ર અને નીતિ બાબતે વિચારણા ચાલી રહી છે, જેથી સ્થાનિકોને વધુ રોજગાર મળી શકે.

ઉચ્ચ શિક્ષિત યુવાનો માટે રોજગારી મેળવવાનું પડકારજનક છે લાયકાત મુજબ નોકરી અને યોગ્ય પગાર નહીં મળતાં યુવાનો વિદેશ જવાની દિશા તરફ વળી રહ્યા છે. અમેરિકા, કેનેડા, યુકે અને ઑસ્ટ્રેલિયામાં રોજગાર માટે યુવાનોની સંખ્યા વધી રહી છે. ગુજરાતનાં મહાનગરોમાં રોજગારની તકો ઓછી થતી જતી હોવાનાં કારણોસર નોકરી માટે યુવાનો વિવિધ કંપનીઓના ચક્કર મારી રહ્યા છે.

# આજે સુરતમાં વડા પ્રધાન મોદીનો રોડ શો યોજાશેઃ આઠમી માર્ચે નવસારીમાં લખપતિ દીદી સંમેલનમાં ભાગ લેશે

અમદાવાદઃ આગામી સાતમી અને આઠમી માર્ચે વડા પ્રધાન મોદી ગુજરાતના પ્રવાસે આવશે. આઠમી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે વડા પ્રધાન નવસારી જિલ્લાની મુલાકાત લેશે.

નવસારીમાં વાંસી-બોરસી ખાતે 'લખપતિ દીદી સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન વડા પ્રધાનના હસ્તે રાજ્યની ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને ૪૫૦ કરોડથી વધુની સહાય આપવામાં આવશે. લખપતિ દીદી એ સ્વસહાય જૂથની મહિલા સભ્યો છે જેઓ મહિલા સ્વાવલંબન થકી આવકના વિવિધ સ્રોત જેવા કે કૃષિ, પશુપાલન, લઘુ ઉદ્યોગ વગેરેમાંથી માસિક ૧૦,૦૦૦ કે તેથી વધુની આવક અને વાર્ષિક ૧ લાખ કે તેથી વધુ આવક મેળવે છે. ગુજરાતમાં ૧ લાખ ૫૦ હજાર જેટલી મહિલાઓની વાર્ષિક આવક એક લાખ થતાં તેઓ લખપતિ દીદીઓ બની છે. આ સખી બહેનોને સન્માનિત કરવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વડા પ્રધાન મોદી દ્વારા રાજ્યના ૨૫ હજાર સ્વસહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ૪૫૦ કરોડથી વધુની નાણાકીય સહાય આપવામાં આવશે.

નવસારીમાં વાંસી બોરસી ખાતે યોજાનાર લખપતિ દીદી સંમેલનમાં નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાની ૧ લાખ મહિલાઓ ભાગ લેશે. આ મહિલાઓમાં મોટા ભાગે સ્વસહાય જૂથોની સભ્ય મહિલાઓ, જેઓ લખપતિ દીદી બની છે અથવા તો બનવાની ઇચ્છા ધરાવે છે, તેઓ સામેલ થશે. પસંદ કરવામાં આવેલ ૧૦ લખપતિ દીદીઓ સાથે વડા પ્રધાન મોદી સંવાદ કરશે અને ૫ લખપતિ દીદીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરશે. આ દરમિયાન બે મહત્ત્વપૂર્ણ રાજ્ય વિશિષ્ટ યોજનાઓ પણ લોન્ચ કરવામાં આવશે. તે ઉપરાંત સાતમી માર્ચે શુક્રવારે વડા પ્રધાન સુરતની મુલાકાત લેશે. દિલ્હીથી સુરત ઍરપૉર્ટ અને સેલવાસાથી હેલિકૉપ્ટરમાં પર્વત પાટિયા વિસ્તારમાં બનાવેલા હેલિપેડ ખાતે આવશે. ત્યાંથી અંદાજે ત્રણ કિમી સુધીનો રોડ શો કરી લિંબાયતના નીલગીરી ગ્રાઉન્ડ પહોંચશે. શુક્રવારે સાંજે ૪થી ૬ વાગ્યા સુધી લિંબાયત નીલગીરી ગ્રાઉન્ડ ખાતે લાભાર્થીઓ માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બે લાખથી વધુ લાભાર્થીઓને નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ આવરી લેવાની સાથે વિશાળ જનસભાને સંબોધિત કરશે. શનિવારે સવારે તેઓ નવસારી જવા રવાના થશે.

# દીવમાં મધદરિયે બોટ-જહાજ વચ્ચે અકસ્માતઃ ત્રણ ખલાસીનું રેસ્ક્યૂ, ચાર હજુ પણ લાપતા

અમદાવાદઃ દીવના વણાકબારાથી ૭૦ કિમી દૂર મધદરિયે નિરાલી ફિશિંગ બોટ અને એક મોટા જહાજ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ઉલ્લેખનીય છે કે આ બોટમાં ૭ ખલાસીઓ સવાર હતા જેમાંથી ૩ ખલાસીનો આબાદ બચાવ કરવામાં આવ્યો હતો. જ્યારે ૪ ખલાસીઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બોટ હાલ દરિયામાં ગુમ છે, જેને શોધવા માટે તંત્ર દ્વારા કામગીરી તેજ કરાઈ હતી. સૂત્રો પાસેથી મળતી જાણકારી પ્રમાણે ૧૬ દિવસથી દરિયામાં ફિશિંગ કરીને ૪ માર્ચની રાત્રે પરત ફરી રહી હતી. ત્યારે રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યાની આસપાસ અચાનક એક મોટા જહાજ સાથે અથડાતાં બોટ પલટી મારીને ડૂબી ગઈ. બોટ સાથે દુર્ઘટનામાં ૭ ખલાસીઓ ગુમ થયા હતા અને તમામ માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાંથી ૩ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ૩ ખલાસીઓને હાલ સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. જ્યારે બોટના કપ્તાન અને બીજા ૩ સાથી ખલાસી લાપતા છે. દીવ ખાતે બનેલી આ દુર્ઘટના બાદ તંત્ર, માછીમારો તેમ જ ફિશરીઝ ડિપાર્ટમેન્ટ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# ગુજરાત એટીએસની તપાસમાં ઘટસ્ફોટઃ રામમંદિરને ટાર્ગેટ કરનાર આતંકીના નિશાને અન્ય ધાર્મિક સ્થળો પણ હતાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં ગુજરાત એટીએસ અને હરિયાણા એસટીએફના સંયુક્ત ઓપરેશનમાં ફરિદાબાદના પાલીથી ઝડપી લેવાયેલા શંકાસ્પદ આતંકી અબ્દુલ રહેમાનની પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન તેણે અનેક ખુલાસાઓ કર્યા હતા. તેને અયોધ્યાના રામ મંદિર સહિત અન્ય ધાર્મિક સ્થળો પર હુમલા કરવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે તપાસ એજન્સીઓને કહ્યું હતું કે, જો ગુજરાત એટીએસ અને હરિયાણાની એસટીએફ સમયસર પહોંચી ના હોત તો તે ફરીદાબાદથી ગ્રેનેડ લઈને પરત દિલ્હી અને ત્યાંથી અયોધ્યા જવાનો હતો. તેણે લાકડા અને પાઈપથી એકે૪૭ જેવું મોડલ તૈયાર કર્યું હતું. ૧૯ વર્ષના અબ્દુલ રહમાનને આ હુમલા માટે પૂરી રીતે તૈયાર કરવામાં આવ્યો હતો. જોકે, અયોધ્યા માટે નીકળે તે પહેલાં જ ગુજરાત એટીએસની ટીમે તેને ઝડપી પાડ્યો હતો.

ગુજરાત એટીએસની ટીમે શંકાસ્પદ આતંકી અબ્દુલ રહેમાનની પૂછપરછ કરી હતી. આ દરમિયાન તેણે કહ્યું હતું કે, રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા બાદ આતંકી ઘટનાને અંજામ આપવા માટે તેનું બ્રેઈનવોશ કરવામાં આવ્યું હતું. અયોધ્યાના મિલ્કીપુરમાં દુકાન ચલાવનાર અબ્દુલ રહમાન રામમંદિરની લાંબા સમયથી રેકી કરતો હતો. તેણે વીડિયો કોલ પર ટ્રેનિંગ લીધી હતી. આ આતંકી કોના સંપર્કમાં હતો તે જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

એટીએસની પૂછપરછમાં તેણે એવું પણ જણાવ્યું હતું કે, રામમંદિર સિવાય દેશનાં કેટલાંક ધાર્મિક સ્થળો પણ આતંકીઓનાં નિશાને હતાં. તપાસ એજન્સીઓને આતંકી અબ્દુલ રહેમાનના મોબાઇલમાં કેટલાંક અન્ય ધાર્મિક સ્થળોની તસવીરો અને વીડિયો મળ્યાં છે. આગામી દિવસોમાં કેટલાક મોટા ખુલાસા થઈ શકે છે.

# સુરેન્દ્રનગરના થાનમાં મગફળીના ગોડાઉનમાં ભીષણ આગઃ ૫૦,૦૦૦ કિલોથી પણ વધારેની મગફળી બળીને ખાક

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં મગફળીના ગોડાઉનમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. જેમાં પ્રાથમિક માહિતી અનુસાર, ટેકાના ભાવે મગફળીની ખરીદી કરી અને એફસીઆઈના ગોડાઉનમાં મૂકવામાં આવી હતી. આગની આ ગોઝારી ઘટનામાં ૫૦૦૦૦ કિલોથી પણ વધારેની મગફળી બળીને ખાક થઈ ગઈ હતી, જેમાં અંદાજે કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું.

થાનગઢ અને ચોટીલાની ફાયરબ્રિગેડની ટીમ દ્વારા જેસીબી સહિતનાં સાધનો વડે ગોડાઉનની દીવાલ અને બે શટર તોડી આ વિકરાળ આગ બુઝાવવાની કાર્યવાહી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. આ આગની ઘટનાના પગલે લોકોનાં ટોળેટોળાં બનાવના સ્થળે દોડી આવ્યાં હતાં. સવારનો સમય હોવાથી ગોડાઉનમાં કોઈ હાજર નહીં હોવાથી સદનસીબે કોઈ જાનહાનિનો બનાવ નહીં બનતાં દુર્ઘટના ટળી હતી. મામલતદાર સહિતના અધિકારીઓની ટીમે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે થાનગઢ મામલતદારે જણાવ્યું હતું કે આ સરકારી ગોડાઉનમાં ટેકાના ભાવે ખરીદી કરેલી ૨૫,૦૦૦ બૅગ મગફળીનો જથ્થો રાખવામાં આવ્યો હતો. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જાણવા મળ્યું હતું.

# ગુજરાત હાઈ કોર્ટમાં ધ્વનિ પ્રદૂષણ મુદ્દે કન્ટેમ્પ્ટ અરજી દાખલઃ અધિકારીઓને નોટિસ ફટકારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધ્વનિ પ્રદૂષણ મુદ્દે સુપ્રીમ કોર્ટ સહિત હાઈ કોર્ટના નિર્દેશો અને સરકારના ૨૦૧૯ના જાહેરનામાના ભંગ બદલ ગુજરાત હાઈ કોર્ટમાં કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરાઈ હતી. અરજદારે આ અરજીમાં રજૂઆત કરી હતી કે, રાજ્યમાં સતત વધી રહેલા ધ્વનિ પ્રદૂષણનો મુદ્દો ગંભીર બની રહ્યો છે. જેમાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના આદેશ તથા સરકારના વર્ષ ૨૦૧૯ના જાહેરનામાનો ભંગ થઈ રહ્યો છે. અરજદારે અરજીમાં મુદ્દો ઉઠાવ્યો હતો કે, સાઉન્ડ લિમિટ વગરના લાઉડ સ્પીકર, ડીજે, વાંજિત્રોના વેચાણ કે ઉપયોગના કારણે ધ્વનિ પ્રદૂષણનું સ્તર વધી રહ્યું છે. હાલમાં શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ સહિત સ્પર્ધાત્મક પરીક્ષાઓ પણ ચાલી રહી છે. આ દરમિયાન ધ્વનિ પ્રદૂષણથી વિદ્યાર્થીઓ અને ઉમેદવારોને ખલેલનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ વૃદ્ધ, બીમાર વ્યક્તિઓ, નાનાં બાળકોને પણ માનસિક અને શારીરિક અસરો થઈ રહી છે. આ અંગેના પ્રવર્તમાન કાયદા અને જોગવાઈઓની અમલવારીમાં નિષ્ફળતા દાખવવા બદલ સત્તાવાળાઓ વિરુદ્ધ કાર્યવાહી થવી જોઈએ.હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના આદેશોમાં સાઉન્ડ સિસ્ટમમાં સાઉન્ડ લિમિટર લગાવવાના સ્પષ્ટપણે આદેશ આપવામાં આવ્યા છે, પણ તેનો અમલ થઈ રહ્યો નથી. સાઉન્ડ લિમિટર વગરના સાઉન્ડ સિસ્ટમની ખરીદી, વેચાણ, ઉપયોગ કરી શકાય નહીં. નિયમો મુજબ રહેણાક વિસ્તારમાં સાઉન્ડ લિમિટ દિવસના સમયની ૫૫ ડેસિબલ અને રાત્રિના સમયની ૪૫ ડેસિબલ છે. અરજદારે ધ્વનિ પ્રદૂષણના સમાચારમાં આવેલ ત્રણ ઘટનાઓ પણ કોર્ટ સમક્ષ મૂકી હતી. જેમાં ગુજરાતના એક ગામમાં લગ્નમાં બે ડીજે સામસામે આવી ગયા હતા અને લગ્ન અટકી પડ્યાં હતાં. ડીજેના વધુ અવાજથી વિદ્યાર્થીઓ હેરાન થાય છે. હાઈ કોર્ટે સુપ્રીમ કોર્ટ, હાઈ કોર્ટ અને સરકારના જાહેરનામાના અમલવારીના ભંગ બદલ પોલીસ અને તંત્રને નોટિસ આપીને કોર્ટના નિર્દેશોના પાલન માટે તૈયાર કરાયેલ પૉલિસી રજૂ કરવા હુકમ કર્યો હતો.

# ગુજરાત ભાજપના જિલ્લા-શહેર પ્રમુખોની યાદી જાહેરઃ હોળી પછી પ્રદેશ પ્રમખની જાહેરાતની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપનું સંગઠન પર્વ ચાલી રહ્યું છે. જે અંતર્ગત ભાજપે ૫૮૦ મંડળ પ્રમુખોની નિયુક્તિ પૂર્ણ કરી દીધી છે. ગુરુવારે ભારતીય જનતા પાર્ટીના સંગઠનના જિલ્લા-શહેરના પ્રમુખોનાં નામોની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપે જાહેર કરેલાં નામોમાં મોટા ભાગના પ્રમુખ સંઘ પરિવાર, તેમની સંસ્થા કે તેમના વિચારો સાથે જોડાયેલા છે. એટલે કે ભાજપમાં આંતરિક કલહ કે જૂથબંધી ટાળવા માટે સંઘના અગ્રણીઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોય તેવું લાગી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જાહેર કરાયેલા પ્રમુખોમાં પાંચ પ્રમુખ એવા છે જે ફક્ત ધોરણ ૧૦ પાસ છે, જ્યારે ત્રણ પ્રમુખ ધોરણ ૧૨ પાસ છે. બાકીના ઘણા પ્રમુખ સ્નાતક, અનુસ્નાતક છે. તો કોઈ ડબલ ડિગ્રી ધરાવે છે.

ભાજપ દ્વારા ૩૫ જિલ્લા-શહેર પ્રમુખ પૈકી ૧૩ જિલ્લા શહેરમાં ભાજપ પ્રમુખોને રિપીટ કરાયા હતા, જેમાં નવસારી, વલસાડ, ગાંધીનગર, મહીસાગર, મહેસાણા, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગરનો સમાવેશ થતો હતો. ભાજપે શહેર-જિલ્લા પ્રમુખોની જે યાદી બહાર પાડી હતી, તેમાં કેટલાંક શહેર અને એક જિલ્લાના પ્રમુખની જાહેરાત કરવામાં આવી ન હતી, જેમ કે, વડોદરા જિલ્લા પ્રમુખ, ગાંધીનગર, અમદાવાદ, પોરબંદર, અને પંચમહાલ શહેરના પ્રમુખના નામની જાહેરાત બાકી છે. જાહેર થયેલી યાદી મુજબ જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે ચંદુભાઈ મકવાણાની વરણી કરવામાં આવી હતી, જ્યારે અમરેલીમાં અતુલ કાનાણી, બનાસકાંઠામાં કીર્તિસિંહ વાઘેલા, સુરતમાં ભરતભાઈ રાઠોડ, ગાંધીનગરમાં અનિલ પટેલની પસંદગી થઈ હતી. મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ ગિરિશ રાજગોર, નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નીલભાઇ પ્રેમશંકર રાવ, જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ ગૌરવ રૂપારેલિયા, ભાવનગર શહેર પ્રમુખ કૃણાલ શાહના નામની જાહેરાત થઈ હતી. વડોદરા શહેર ભાજપ પ્રમુખ તરીકે ડૉ. જયપ્રકાશ સોનીના નામની જાહેરાત કરવામાં આવી હતી. બોટાદ જિલ્લા પ્રમુખ તરીકે બીજી મુદત માટે મયૂર પટેલની નિમણૂક કરવામાં આવી હતી.

# વહાલી દીકરી યોજના હેઠળ ૨.૭૮ લાખથી વધુ દીકરીઓને લાભ અપાશેઃ પ્રફુલભાઈ પાનસેરિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભા ગૃહ ખાતે કચ્છ અને અમદાવાદ જિલ્લામાં વહાલી દીકરી યોજના અંગે પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં મહિલા અને બાળ કલ્યાણ પ્રધાન વતી જવાબ આપતાં પ્રફુલભાઈ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, આ યોજના અંતર્ગત રાજયની ૨.૭૮ લાખથી વધુ દીકરીઓને લાભ અપાશે. જેમાં કચ્છ જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં ૧,૧૨૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં આ યોજના હેઠળ ૭,૪૩૪ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે.

વહાલી દીકરી યોજનાના હેતુ વિશે પુછાયેલા પેટા પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રધાને જણાવ્યું હતું કે, સમાજમાં દીકરીના જન્મને પ્રોત્સાહન આપવા, સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા, ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા, દીકરીઓનો સર્વાંગી વિકાસ તથા મહિલા સશક્તિકરણ માટે વર્ષ ૨૦૧૯થી ગુજરાતમાં 'વહાલી દીકરી યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યની પાત્રતા ધરાવતી દીકરીઓને રૂા. ૧,૧૦,૦૦૦ ત્રણ હપ્તામાં ડીબીટી મારફતે ચૂકવાય છે. વહાલી દીકરી યોજના અંતર્ગત ૨ ઑગસ્ટ ૨૦૧૯ પછી પ્રથમ ત્રણ સંતાન પૈકીનાં તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળે છે.

આ ઉપરાંત લાભાર્થી દીકરીનાં માતા-પિતાની વાર્ષિક આવક ૨ લાખ રૂપિયાથી ઓછી હોય તેઓ આ યોજનાનો લાભ મેળવી શકે છે. જે અંતર્ગત દીકરી જ્યારે પહેલા ધોરણમાં પ્રવેશ મેળવે તે સમયે પ્રથમ હપ્તો રૂા. ૪૦૦૦ ચૂકવવામાં આવે છે. દીકરી જ્યારે નવમા ધોરણમાં પ્રવેશે ત્યોરે યોજનાનો બીજો હપ્તો રૂા. ૬૦૦૦ ચૂકવાય છે. દીકરીની ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ માટે એક લાખ રૂપિયા ત્રીજા હપ્તા તરીકે ડીબીટી મારફતે ચૂકવાય છે.

# ગુજરાતમાં નાગરિકોને ગુણવત્તાયુક્ત દવાઓ ઓછા ભાવે ઉપલબ્ધ કરાવવા ૭૫૦ જનઔષધીય કેન્દ્રો કાર્યરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૭મી માર્ચ જન ઔષધિ દિવસ તરીકે સમગ્ર દેશમાં ઊજવાય છે. રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકોને ગુણવત્તાયુક્ત દવાઓ ઓછામાં ઓછા ભાવે ઉપલબ્ધ કરાવવા જન ઔષધિ કેન્દ્ર આશીર્વાદરૂપ છે. જે માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના શરૂ કરાઈ છે. જેના પરિણામે સસ્તી દવાઓ દ્વારા દેશમાં આરોગ્ય ક્રાંતિ આવી છે. છેલ્લાં ૧૦ વર્ષમાં જન ઔષધિ કેન્દ્રોની સંખ્યામાં ૧૮૦ ગણો વધારો થયો છે અને વેચાણમાં પણ ૨૦૦ ગણો વધારો થયો છે.

આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે વિગતે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં માત્ર ૮૦ કેન્દ્રો હતાં અને ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીની સ્થિતિએ સમગ્ર દેશમાં ૧૫,૦૦૦ જન ઔષધિ કેન્દ્રો અને પ્રાથમિક કૃષિ ધિરાણ સોસાયટી શ્રેણીમાં ૭૧૯ જન ઔષધિ કેન્દ્રો કાર્યરત છે. જ્યારે ગુજરાતમાં ૭૫૦થી વધુ કેન્દ્રો સેવારત છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આ કેન્દ્રોએ ૧,૪૭૦ કરોડનું વેચાણ કર્યું છે. જેના કારણે નાગરિકોને આશરે ૭,૩૫૦ કરોડ રૂપિયાની બચત થઈ છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આ કેન્દ્રોમાં ૩૧.૦૧.૨૦૨૫ સુધીમાં ૧,૬૦૬ કરોડનું વેચાણ કર્યું છે.

આ યોજનાના પરિણામે નાગરિકો માટે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ શક્ય બન્યું છે. આ કેન્દ્રોના ઉત્પાદન બાસ્કેટમાં કુલ ૨૦૪૭ દવાઓ અને ૩૦૦ સર્જિકલ સાધનોનો સમાવેશ થાય છે, જે રિટેલ દુકાનો પર બ્રાન્ડેડ દવાઓ કરતાં ૫૦થી ૮૦ ટકા સસ્તા ભાવે વેચાય છે. પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના હેઠળ, કેન્દ્ર સરકારે આગામી તા. ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં દેશભરમાં ૨૫,૦૦૦ નવાં જન ઔષધીય કેન્દ્ર ખોલવાનું લક્ષ્ય રાખ્યું છે.

# ગુજરાતની મેડિકલ કૉલેજોમાં ૧૫૦૦ સીટોને મંજૂરી અપાશેઃ આરોગ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં રાજ્યની મેડિકલ કૉલેજમાં ડૉક્ટર ઑફ મેડિસિન અને માસ્ટર ઑફ સર્જરીની કુલ સીટો અને છેલ્લાં બે વર્ષમાં થયેલ વધારા સંદર્ભે પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, હાલ રાજ્યની મેડિકલ કૉલેજોમાં એમડીની ૨,૦૪૪ અને એમએસની ૯૩૨ સીટો ઉપલબ્ધ છે. છેલ્લાં બે વર્ષમાં એમડીની ૪૪૬ અને એમએસની ૨૧૧ સીટો વધી છે. તેમણે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્યના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કૉલેજ કાર્યરત થવાનું સ્વપ્ન પૂર્ણતાના આરે છે. રાજ્યમાં નેશનલ મેડિકલ કમિશન ભારત સરકાર દ્વારા માન્યતાપ્રાપ્ત પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રીની ૨૦૪૪, પી.જી. ડિગ્રીની ૯૩૨, પી.જી. સુપર સ્પેશિયાલિટીની ૧૨૪ અને પી.જી ડિપ્લોમાની ૩૯ મળીને કુલ ૩૧૩૯ સીટો ઉપલબ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે, ડિપ્લોમેટ ઑફ નેશનલ બોર્ડ સ્પેશિયાલિટીની ૧૪૮, ડીએનબી સુપર સ્પેશિયાલિટીની ૭૬ અને ડીએનબી ડિપ્લોમાની ૫૮ બેઠકો મળીને કુલ ૨૮૨ તેમ જ કૉલેજ ઑફ ફિઝિશિયન એન્ડ સર્જન ઇન મુંબઇ ડિપ્લોમાની કુલ-૨૯૮ બેઠકો ઉપલબ્ધ છે. આમ કુલ મળીને રાજ્યમાં કુલ-૩૭૧૯ જેટલી અનુસ્નાતક અભ્યાસ માટેની બેઠકો ઉપલબ્ધ છે.

# રોજગાર કચેરીઓ દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતના ૧૩.૮૬ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શ્રમ અને રોજગાર પ્રધાન બલવંતસિંહ રાજપૂતે વિધાનસભા ગૃહ ખાતે જણાવ્યું હતું કે, રોજગાર કચેરીઓના માધ્યમથી રોજગારવાંચ્છુ યુવાઓને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં વર્ષ ૨૦૦૨થી સતત પ્રથમ રહ્યું છે. માત્ર છેલ્લા પાંચ વર્ષમાં જ ગુજરાતની રોજગાર કચેરીઓ દ્વારા ૧૩.૮૬ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે.

સ્થાનિક રોજગારીની ટકાવારી અંગે પ્રધાને કહ્યું હતું કે, ખેડા જિલ્લામાં કાર્યરત કુલ ૧૫૦ ઉદ્યોગ એકમો દ્વારા ૨૩,૮૯૬ પૈકી ૨૨,૬૮૦ એટલે કે ૯૫ ટકા રોજગારી સ્થાનિકોને આપવામાં આવી છે. તેવી જ રીતે, સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત ૬૭ ઉદ્યોગો દ્વારા ૧૧,૮૯૨ પૈકી ૧૦,૫૬૩ એટલે કે ૮૯ ટકા રોજગારી સ્થાનિકોને આપવામાં આવી છે.

રાજ્ય સરકારના પરિપત્ર મુજબ ખાનગી ઉત્પાદનલક્ષી એકમોમાં મૅનેજર/સુપરવાઈઝરી કક્ષામાં ૬૦ ટકા તેમ જ કામદાર કક્ષામાં ૮૫ ટકા મળી એકંદરે ઓછામાં ઓછી ૮૫ ટકા રોજગારી સ્થાનિકોને આપવાની જોગવાઈ છે.

# ગુજરાત સરકારે વિધાનસભામાં વિગતો આપીઃ નર્મદા અને છોટા ઉદેપુર જિલ્લામાં ૭૧૩ આંગણવાડીઓ પાસે મકાન નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના સત્રમાં પ્રશ્નોત્તરી કાળમાં ધારાસભ્ય દ્વારા પૂછવામાં આવેલા સવાલનો જવાબ આપતાં સરકારે કબૂલ્યું હતું કે, રાજ્યમાં નર્મદા અને છોટા ઉદેપુર જિલ્લામાં ચાલતી આંગણવાડીઓ પાસે પાકાં મકાન નથી. નર્મદા જિલ્લામાં ૩૫૪ આંગણવાડી કેન્દ્રો પાસે પોતાનું મકાન નથી તો છોટા ઉદેપુર જિલ્લાનાં ૩૭૯ આંગણવાડી કેન્દ્રો પાસે પોતાનાં મકાન નથી. આ કેન્દ્રો ભાડાં અથવા દાતાઓનાં મકાનોમાં ચાલી રહ્યાં હોવાનું સરકારે જણાવ્યું હતું. સરકારે વિધાનસભામાં ધારાસભ્યના સવાલનો જવાબ આપતાં કહ્યું હતું કે, નર્મદા જિલ્લામાં ૧૯૭ આંગણવાડી કેન્દ્રો બાંધકામ હેઠળ છે જ્યારે ૧૩૭ કેન્દ્રો માટે ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે. ૯૯ કેન્દ્રોને વહીવટી મંજૂરી અપાઈ છે જ્યારે ૧૦ કેન્દ્રો માટે જગ્યા ઉપલબ્ધ નથી. તે ઉપરાંત છોટા ઉદેપુર જિલ્લા ૧૦૦ કેન્દ્રો બાંધકામ હેઠળ અને ૯૮ કેન્દ્રોની ટેન્ડર પ્રક્રિયા શરૂ કરાઈ છે. જ્યારે ૩૭૯ મકાન પ્રગતિમાં હોવાનો સરકારે જવાબ આપ્યો હતો.

રાજ્યમાં પાંચ વર્ષથી નાની ઉંમરના બાળકોના શિક્ષણ અને પોષણ માટે કેન્દ્ર સરકારના સહયોગથી આંગણવાડી કેન્દ્રો ચલાવાય છે. આ માટે દર વર્ષે રાજ્યના બજેટમાં બાળકોનાં વિકાસ માટે ભંડોળ ફાળવવામાં આવે છે તેમ છતાં આંગણવાડી કેન્દ્રોની દુર્દશા પ્રકાશમાં આવી રહી છે. ક્યાંક આંગણવાડીનું મકાન જ નથી તો ક્યાંક પાણી કે સ્વચ્છતાની કોઈ સુવિધા નથી.

# વડોદરામાં રોગચાળો વકર્યોઃ ૪૮ કલાકમાં તાવના ૮૦૦ દર્દીઓ, ડેન્ગ્યૂના 31 કેસ

અમદાવાદઃ છેલ્લા ૨ દિવસથી રાજ્યભરના વાતાવરણમાં અચાનક આવેલા પલટાને કારણે રોગચાળો વકર્યો છે. વાતાવરણમાં ઠંડીનું વાતાવરણ જામતાં ગરમીના તાપમાનનો પારો નીચે ગગડ્યો હતો. ડબલ ઋતુના અહેસાસ વચ્ચે વડોદરામાં ઘરે ઘરે બીમારી જોવા મળી રહી છે. શહેરની ખાનગી કે સરકારી હૉસ્પિટલમાં શરદી, ખાંસી, તાવ, ટાઈફોઈડની સાથે મચ્છરોના ઉપદ્રવને કારણે મલેરિયા, ડેન્ગ્યૂના દર્દીઓમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. વડોદરાની એસએસજી હૉસ્પિટલમાં તાવ, ખાંસી, શરદીના દર્દીઓ ભરમાર જોવા મળી રહી છે, એસએસજી હૉસ્પિટલમાં વહેલી સવારથી જ દર્દીઓની લાઈનો જોવા મળી રહી છે. હૉસ્પિટલમાં છેલ્લા બે દિવસથી રોજની ૧૭૦૦ દર્દીઓની ઓપીડી ચાલી રહી છે. વડોદરામાં છેલ્લા ૪૮ કલાકમાં તાવના ૮૦૦ દર્દીઓ, શંકાસ્પદ ડેન્ગ્યૂના ૩૧ કેસ જ્યારે શરદી, ખાંસી અને તાવ જેવા મલેરિયાનાં લક્ષણો સહિતના ૧૫૦૦ દર્દીઓ નોંધાયા છે. શંકાસ્પદ ટાઈફોઈડના ૫૦થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

# ધ્રાંગધ્રા-માલવણ હાઇવે પર અકસ્માતઃ કાર ટ્રકમાં ઘૂસી જતાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે મોત, ચાર ઘાયલ

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના હરિપર બ્રિજ નજીક હાઈવે પર ઈકો કાર ટ્રકની પાછળ ઘૂસી જતાં મોડી રાત્રે ગોઝારો અકસ્માત સર્જાયો હતો, જેમાં અકસ્માત સમયે કારમાં સાત લોકો સવાર હતા. એમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ચાર વ્યક્તિ ઇજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડવામાં આવી છે. ઘટનાની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈને પી.એમ. માટે ધ્રાંગધ્રા સરકારી હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત અંગે મળતી માહિતી મુજબ ધ્રાંગધ્રાનો પરિવાર અમદાવાદ ખાતે લગ્ન પ્રસંગમાં આવ્યો હતો. જે લગ્ન પ્રસંગ પતાવીને પરત ધ્રાંગધ્રા જઈ રહ્યો હતો, ત્યારે મોડી રાત્રે ધ્રાંગધ્રા તાલુકાના હરિપર બ્રિજ પાસે હાઈવે પર ઈકો કારે ટ્રકની પાછળ ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો.

# મેટિની

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

## કલાઈમેક્સની કમાલ

### વિકી કૌશલની ફિલ્મ ‘છાવા’ને મળેલી અણધારી, પણ ફાંકડી સફળતામાં અનપેક્ષિત ક્લાઈમેક્સનું વિશેષ યોગદાન માનવામાં આવે છે

આજની તારીખમાં ફિલ્મ મેકરોએ ચિત્રપટ સંબંધિત વિવિધ પાસાં શ્રેષ્ઠ હોય એની તકેદારી રાખવા ઉપરાંત એની રિલીઝ ડેટ - સિનેમાઘરોમાં રજૂ કરવાની તારીખ અંગે પણ ચીવટ રાખવી પડે છે.

વિકી કૌશલની ‘છાવા’ના નિર્માતાએ સાઉથની ધમાકેદાર ‘પુષ્પા ૨’ સાથેની બોક્સ ઓફિસ ટક્કર ટાળવા તેમજ છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી(૧૯ ફેબ્રુઆરી)નું નિમિત્ત સાધવા ફિલ્મ ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ કરવાનું નક્કી કર્યું. આ ગણતરી સવળી પડી છે અને આ લખાય છે ( ૫ માર્ચ-૨૫) ત્યાં સુધીમાં દેશ - વિદેશના બોક્સ ઓફિસ કલેક્શન (વકરો) ૬૪૦ કરોડને પાર કરી ગયો છે.

‘છાવા’ને મળેલા જબરદસ્ત આવકારનું ચોક્કસ કારણ શું છે એ નક્કી કરવું મુશ્કેલ જ નહીં, નામુમકિન છે. જોકે, એને મળેલી અસાધારણ સફળતામાં ફિલ્મના ક્લાઈમેક્સનો સિંહફાળો છે એવી પ્રતિક્રિયા અનેક ફિલ્મ અભ્યાસુઓએ વ્યક્ત કરી છે.

લક્ષ્મણ ઉતેકર દિગ્દર્શિત ‘છાવા’ નાટ્ય તત્ત્વથી છલોછલ ઐતિહાસિક કથાવસ્તુ ધરાવે છે. ચિત્રપટમાં છત્રપતિ શિવાજી મહારાજના


‘છાવા’માં વિકી કૌશલ


‘ફૌજી’માં આલિયા માટે પ્રભાસ ઉત્સુક

શૂરવીર સુપુત્ર છત્રપતિ સંભાજી મહારાજના શૌર્ય અને સાહસ તેમજ મરાઠા સામ્રાજ્યની ગૌરવ ગાથા વણી લેવામાં આવી છે. ઈતિહાસને વફાદાર રહેવાની દિગ્દર્શકની તકેદારી અને વિકી કૌશલના અફલાતૂન અભિનય ઉપરાંત લોહી ઉકળાવી દેતો ક્લાઈમેક્સ દર્શકોની આંખોમાં વસી હૃદય સોંસરવો ઊતરી ગયો છે. ક્લાઈમેક્સમાં મુઘલ સૈન્ય છત્રપતિ સંભાજી મહારાજને બંદી બનાવી એના પર હેવાન બની ક્રૂરતા આચરે છે. ઔરંગઝેબ છત્રપતિ સંભાજી મહારાજને પારાવાર શારીરિક પીડા આપવાની સાથે એમની આંતરિક શક્તિ, એમના મનોબળનો ભાંગીને ભુક્કો કરવા મક્કમ છે, પણ સંભાજી મહારાજ દરેક અત્યાચાર પચાવી સહેજ પણ મચક નથી આપતા અને ધોળે ધરમે ઈસ્લામ અંગીકાર નહીં કરવાનો અડગ નિર્ણય જાહેર કરે છે. જે લોહીમાં શક્તિ અને દ્રઢ નિર્ધાર વહેતા હોય એ ઘૂંટણિયે થોડું પડે? અસ્સલ ‘પુષ્પા ૨’ના ‘ઝુકેગા નહીં સાલા’નો જ પડઘો અહીં ઝીલાયો હોય એવું લાગે!

ફિલ્મના ક્લાઇમેક્સમાં કથાનકનો પાવર અને એની પ્રામાણિકતાની સાથે વિકીની અફલાતૂન અદાકારી અને ડિરેક્ટરની ફિલ્માંકનની કાબેલિયત ઉપરાંત એ સીન શૂટ કરવા માટે ઝીણી ઝીણી વિગતો માટે રાખવામાં આવેલી ચીવટ ઊડીને આંખે વળગે છે. ચામડી ઉતરડવી, નખ ખેંચી કાઢવા જેવી ઘટના ખરેખર એમ થઈ રહ્યું હોવાનો દર્શકોને અનુભવ થાય છે. છત્રપતિ સંભાજી મહારાજ, એમની પારાવાર વેદના, ક્રૂરતાનું આચરણ વગેરે વાસ્તવિક લાગે એ માટે નેશનલ એવોર્ડ વિજેતા મેકઅપ અને પ્રોસ્થેટિક આર્ટિસ્ટ પ્રીતિશીલ સિંહ ડિસોઝાનું યોગદાન મહત્ત્વનું છે.

ફિલ્મનો ક્લાઈમેક્સ ધારદાર સાબિત થાય એ માટે ફિલ્મમેકરો વિવિધ અખતરા કરતા હોય છે. પ્રભાસની આગામી ફિલ્મ ‘ફૌજી’ મૂળ તો તમિળ ભાષામાં બની રહી છે. જોકે, મૂળ ભાષા ઉપરાંત સાઉથની અન્ય ભાષાઓમાં અને હિન્દીમાં તેમજ વિદેશી ભાષાઓમાં પણ ડબ કરવાની પ્રથા પડી છે. સાઉથના મેકરો સમજી ગયા છે કે હિન્દી ફિલ્મો જોતા દર્શકો તગડો વકરો કરાવી આપે છે. એટલે તમિળ ફિલ્મ હોવા છતાં ‘ફૌજી’માં સની દેઓલ, જયા પ્રદા, અનુપમ ખેર, મિથુન ચક્રવર્તીને સાઈન કરવામાં આવ્યા છે. તાજા સમાચાર એવા છે કે ફિલ્મનો ક્લાઈમેક્સ કળશ સાબિત થાય એ માટે આલિયા ભટ્ટને પણ સાઈન કરવામાં આવી છે. નાના રાઈના દાણા જેવી આલિયાની ભૂમિકા પર્વતની ગરજ સારે એવી કોશિશ કરવામાં આવશે. એટલું જ નહીં, સની દેઓલની એન્ટ્રી ઈન્ટરવલ પછી રાખવામાં આવી છે જે ક્લાઈમેક્સ સુધી ખેંચાશે એ અનુમાન અસ્થાને નથી. યાદ કરો, ‘દામિની’માં ઈન્ટરવલ પછી એન્ટ્રી મારી સની દેઓલ ફિલ્મ પર કેવો છવાઈ ગયો હતો.

છેલ્લા દસકાની કેટલીક સફળ ફિલ્મોની ધૂંઆધાર સફળતામાં એ ફિલ્મોના ક્લાઈમેક્સએ કેવો ભાગ ભજવ્યો એ જાણવા જેવું છે. સૌ પ્રથમ ઉદાહરણ છે ‘બાહુબલી: ધ બિગિનિંગ’ (૨૦૧૫)નું. અલબત્ત, આની નોંધ અગાઉ ‘મુંબઈ સમાચાર’માં લીધી છે, પણ અહીં ઉલ્લેખ જરૂરી હોવાથી ફરી કર્યો છે. ફિલ્મના અંતે ‘કટપ્પાને બાહુબલી કો ક્યોં મારા’ ટેગ લાઈન જ લોહચુંબક સાબિત થઈ ‘બાહુબલી: ધ કનકલુઝન’ માટે દર્શકોને ખેંચી લાવી હતી. ‘પુષ્પા: ધ રાઈઝ’ (૨૦૨૧)ના ક્લાઈમેક્સમાં ભંવર સિંહ શેખાવત અને પુષ્પા વચ્ચે શારીરિક યુદ્ધને બદલે ખેલાયેલું માનસિક યુદ્ધ સિક્વલ માટે મોકળું મેદાન તૈયાર કરવામાં કારણભૂત બન્યું હતું એ હકીકત છે.

એ કેવી રસપ્રદ વાત છે કે વિશાળ ફલક પર તૈયાર થયેલી સાઉથની બે ફિલ્મના ક્લાઈમેક્સ સિક્વલ માટે ભૂમિ તૈયાર કરે છે અને બંને સિક્વલ મૂળ ફિલ્મ કરતાં વધુ સફળતા મેળવવામાં સફળ રહે છે. ક્લાઈમેક્સની કમાલના આ કેવાં ગજબનાક ઉદાહરણ છે.

અમિતાભ બચ્ચન - તાપસી પન્નુની ‘બદલા’ (૨૦૧૯) પણ ‘તીન પત્તી’ના ખેલમાં શો કરાવ્યા પછી પત્તાબાજનું ત્રીજું પત્તુ ખુલ્યું ન હોય ત્યારે ઉત્સુકતાનો જે સળવળાટ હોય એનું વિલક્ષણ ઉદાહરણ છે. સ્પેનિશ ફિલ્મ ‘ધ ઈન્વિઝિબલ ગેસ્ટ’ની રિમેક ‘બદલા’ મિસ્ટ્રી થ્રિલર છે. ફિલ્મમાં તાપસીના પાત્ર નૈના પર હત્યાનો આરોપ છે અને જાતને નિર્દોષ સાબિત કરવા નૈના બાહોશ વકીલ અમિતાભ બચ્ચનની મદદ લે છે. ક્લાઈમેક્સમાં રહસ્ય પરથી પડદો ઊંચકાયા પછી જે જોવા મળે છે એ જાણી દર્શકો સ્તબ્ધ - અવાચક બની જાય છે. ફિલ્મને હિટ સાબિત કરવામાં ક્લાઇમેક્સનું યોગદાન મહત્ત્વનું માનવામાં આવ્યું હતું. ■

---

**સ્ટાર-ચાર-કલાકાર**
**સંજય છેલ**


## સાચા ને સારા કલાકાર બનવાની ફૉર્મ્યુલા જોઈએ છે?

‘**Roar..** Roar like a Lion’ ‘સાવજની જેમ ત્રાડ પાડો!’

-અધારું ઊતરતું હોય ત્યારે પોલૅન્ડના ઓપોલ શહેરની એક ઇમારતમાં એકસાથે ૧૦૦-૧૫૦ સિંહની ગર્જના ને સાપના ફુત્કાર સંભળાયા. ત્યાંના લોકો સહમી ગયા, પણ પછી ખબર પડી કે એમના નગરમાં વિશ્વની શ્રેષ્ઠ ‘નાટક લેબોરેટરી’ જન્મી રહી હતી. ૧૫૦ લોકોની લાલઘૂમ આંખોને, એમનાં તેજ શ્વાસ-ઉચ્છ્વાસોને એક માણસ રિંગમાસ્ટરની જેમ રમાડી રહ્યો હતો.

એ માણસ એટલે જેર્ઝી ગ્રોટોવસ્કી, નિર્દેશક-અભિનેતા અને ક્રાન્તિકારી વિચારક. જે આપણી એકટિંગ વિષેની જૂની માન્યતાઓ કે ટિપિકલ સમજણને હલાવી કે બદલી શકે.

આપણે ત્યાં લાંબા-ટૂંકા વાળ ઓળીને, થોડું ફિગર બનાવીને રાતોરાત એક્ટર બનવા નીકળેલાં છોકરાછોકરીઓને અભિનય શીખવતી અનેક પ્રાઇવેટ કે સરકારી સ્કૂલો ગલી ગલીમાં છે. નિર્માતા-નિર્દેશક સુભાષ ઘાઇની ‘વ્હિસલિંગ વૂડ્ઝ’ હોય કે અભિનેતા અનુપમ ખેરની ‘એક્ટર પ્રીપેર્સ’ જેવી ઇન્સ્ટિટ્યૂટ હોય. આવી એકટિંગ ‘શીખવતી’ શાળામાં અનેક લોકો રૂપિયા ૧૦થી ૨૫ લાખ ખર્ચીને એક્ટર બનવા આવે છે ને મોટા ભાગે હતાશ થઈ ને કે છેતરાઈને જતાં રહે છે. દિલ્હીની ‘નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા’ કે પુનાની ‘ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ’માંથી અમુક સારા કલાકારો બહાર આવ્યા છે, પણ મોટે ભાગે ભારતમાં




શાહરૂખ, ઇરફાન, મનોજ બાજપાઇ હોય કે રાજ કપૂર, અમિતાભ કે રાજેશ ખન્ના, પરેશ રાવલ કે અમજદ ખાન હોય.. એ બધાં રંગમંચમાંથી જ આવ્યા છે. તો ટીવી કે સિનેમામાં ‘સ્ટાર કલાકાર’ બનતાં પહેલાં, નાટકના સ્ટેજ પર સાચા ને સારા કલાકાર બનવા જેર્ઝી ગ્રોટોવસ્કીને ફરજિયાત ભણાવવો જોઇએ, એમનું ‘Towards Poor Theatre' પુસ્તક કાન પકડીને વંચાવવું જોઈએ. જોકે ‘બાબુલ કે આંગનમેં બુલબુલ બોલે’; જેવી સિરિયલો કે ‘પપ્પા પાછાં પરણો નહીં’ જેવાં નાટકોમાં છવાઈ જવા માંગતા એકટરો માટે ગ્રોટોવસ્કી અઘરો શિક્ષક છે અને ‘પુષ્પા-૨’ શું સોલિડ પિક્ચર હતું, બોસ!’ એવી પાનને ગલ્લે


નિર્દેશક-અભિનેતા જેર્ઝી ગ્રોટોવસ્કી,

ચર્ચા કરનારાઓ માટે ગ્રોટોવસ્કી કાતિલ કડવી દવા છે. ગ્રોટોવસ્કી અકળાવી મૂકે એવી વાતો કરે છે. માત્ર મનોરંજન માટે આવતા પ્રેક્ષકોને ‘ટોળું’ કહે છે. કલાકારને કે પ્રેક્ષકોને, બેઉને પોતપોતાની ખોજ કરવાનું એ કહે છે. ગ્રોટોવસ્કી માટે કલા એ અંધકારથી પ્રકાશ તરફ જવાની વાત નથી, પણ અંધકારમાંથી પારદર્શક તરફ જવાની વાત છે!

ભારતીય યોગવિદ્યાથી જેર્ઝી ગ્રોટોવસ્કીથી ખૂબ પ્રભાવિત છે. એ યોગ વિશે કહે છે: ‘યોગશક્તિ સંપૂર્ણ ધ્યાન તરફ લઈ જાય છે. કલાકારને એકાગ્રતા આપે છે, પણ એ એકાગ્રતા અંતર્મુખી હોય છે. એ એવી સ્થિરતા છે, જ્યાં બધી ક્રિયા સમાપ્ત થાય છે. યોગની શક્તિથી શ્વાસ, વિચાર અને વાચા વિરમે છે અને એનો અતિરેક પણ કલાકાર માટે બહુ સારો નહીં ’

જોકે યોગનાં અમુક સારાં પાસાં આવરી લઈને ગ્રોટોવસ્કીએ શ્વાસોચ્છ્વાસના ફાયદા શીખવે છે, પણ એનું માનવું છે કે : ‘વધુપડતો વ્યાયામ કે તાલીમ ના કરવી. કલાકારે તાલીમની ચરમસીમા પર પહોંચતાં પહેલાં જ અટકવું પડે, નહીં તો એને કારણે એક ભૂખ જન્મે છે- ‘વાઘ પોતાની પૂંછડીને ચાવી જાય છે, એવી ભૂખ!’

ગ્રોટોવસ્કી કહેતા: ‘સાચી કલામાં નીતિમત્તા જેવું કશું છે જ નહીં.. ઊલટાનું કલામાં આપણે આપણી રોજિંદી નબળાઈને સ્માર્ટલી છુપાવીએ છીએ! સાચા કલાકાર માટે નિખાલસ થવું એ પહેલી ચેલેન્જ છે. કલાકારે પોતાનાં જીવનની ઘરેડમાંથી નીકળવું એ બીજી ચેલેન્જ છે. આ કોઈ મોટી ફિલોસોફિકલ વાત નથી, પણ બેઝિક-પ્રાથમિક વ્યવસાયી ફરજ છે!’

આપણા ‘મહાભારત’ જેવા ગ્રંથને ૯૯ કલાક સુધી ભવ્ય નાટકરૂપે પેશ કરનાર નાટ્યદિગ્દર્શક પીટર બ્રુકસ કહે છે: ‘ગ્રોટોવસ્કીના મતે અભિનય એક ‘‘વાહન’’ છે. થિયેટર એ પલાયનવાદ નથી, માણસનું છેલ્લું શરણ છે. જીવન જીવવાની સાચી રીત છે!’

આવા વિચિત્ર ગ્રોટોવસ્કી નવા કલાકારોને તાલીમ આપતી શિબિરોમાં સૌથી પહેલાં તો કલાકારને શોક કે આઘાત આપે છે. નવા કલાકારોને પોતાની સ્ટાઇલ કે અદાને ભૂંસી નાખવા કહે છે. એક્ટરને પોતાની જાત વિશે સવાલો પૂછવા કહે છે. સૌથી પાયાનો પ્રશ્ન એ કલાકાર બનવા આવનારને વારંવાર પૂછે છે કે : ‘તમારે અદાકાર શા માટે થવું છે?’

ગ્રોટોવસ્કી કહે છે કે કલાકાર પાસે બે જ સંભાવના છે. એક: એ પ્રેક્ષકો માટે જ ભજવે. પોતાની નામના- પૈસો-કીર્તિ-કમાવા માટે..

અને બીજી: એ પોતાના માટે નાટક ભજવે છે, એવું માનીને કે કલાકાર કોઈ ઊંડી ખોજ કરે છે... ‘પણ કઈ ખોજ? ઈશ્વરની ખોજ?’

‘ના. આ યુગમાં એ શક્ય નથી’

‘તો કુદરતની ખોજ?’

‘ના!’

‘તો પછી શું?’

‘માણસ બીજાની હાજરીમાં, બીજા દ્વારા પોતાને સમજી શકે, અનુભવી શકે એવી સંપૂર્ણતાની ખોજ!’

ગ્રોટોવસ્કીએ કલાકારો માટે એક પ્રૅક્ટિકલ આચારસંહિતા ઘડી છે: ‘કલાકારે હંમેશાં બિનજરૂરી મુલાકાતો ટાળવી. એકાંત એ કલાકારનો રિયાઝ છે. જે અર્થમાં હું તરકીબોથી દૂર રહેવા કહું છું તે આ જ છે. ખોટી મૈત્રી-મુલાકાતો અને સમાજિક વહેવારનો અભિશાપ માણસને સાધન-વસ્તુ બનાવી દે છે. ઘણીવાર મને અજાણી વ્યક્તિઓ પાર્ટીમાં ઘસડી જાય છે. થોડું પીધાં પછી એ આવેશમાં આવીને અંગત વાતોની કબૂલાત કરવા માંડે છે. મને એક જજની ભૂમિકામાં મૂકી દે છે. જેમ કોઈ ઘરાક દુકાનમાં જાય એમ. જ્યારે મૂળ વાતો તો એ છે કે માણસ માટે દુકાન છે, દુકાન માટે માણસ નહિ. લોકોની ભીડમાં પોતાની જાતથી દૂર થઈ જવાય છે. સૌની પ્રતિક્રિયા જાણવાથી કલાકાર પોતે બંધ થઈ જાય છે. મૌન-એકાંત એ જરૂરી છે. ડૉક્ટરો-વકીલો માટે જેમ નિયમો છે એમ કલાકારની આંતરખોજ એ પણ એક શરત છે.’

ગ્રોટોવસ્કીએ રંગમંચ પર કમાલના પ્રયોગો કરેલા. એકવાર એણે એના એક નાટકનો પ્રયોગ ભોંયતળિયે રાખેલો અને પ્રેક્ષકો બીજે માળે હતા! પ્રેક્ષકો ઉપરથી ગેલેરીની રેલિંગ પર નીચે વાંકા વળીને નાટક જોઈ રહ્યા હતા! આની પાછળ નાટકના ઊંડાણમાં ઊતરવાની વાત હતી.

જે રીતે કોઈ થિએટર કે સભાગૃહમાં નાટક ભજવાય છે એને એ ‘રીચ થિયેટર’ કહે છે. એના મત મુજબ સાચા નાટકને જીવાડવા ‘પૂઅર થિયેટર’ની વધુ જરૂર છે. પૂઅર એટલે ગરીબ નહિ, પણ અલ્પ- ઓછાં સાધનો વડે ભજવાતું નાટક. સાચું નાટક એ કે જેમાં માત્ર બે જ વસ્તુ જોઈએ: કલાકાર અને પ્રેક્ષક!

ગ્રોટોવસ્કીની કિતાબ ‘ટુવર્ડઝ પુઅર થિયેટર’માં કલાકાર વિશે લખે છે : ‘આપણે આપણું સત્ય શોધવા, આપણો રોજબરોજનો મુખવટો ઉતારવા માટે સદાય લડીએ છીએ અને રંગમંચ એ માટે સાધન છે. સાચા કલાકાર પાસે બે જ અંતિમ છે: યા તો એ વેચાઈ જાય અથવા તો જાત ઘસી નાખે’

ગ્રોટોવસ્કી પોલૅન્ડના માત્ર ૬૦,૦૦૦ની વસતિવાળા શહેરમાં આપણું સંસ્કૃત નાટક ‘અભિજ્ઞાન શાકુંતલમ્’ ભજવી શકેલા માટે જ એ સવાયો ભારતીય કલાકાર છે. તાલીમ આપતી વખતે આપણી ‘અહં બ્રહ્માસ્મિ’ જેવી ફિલોસોફી શીખવીને કહે છે:

'Sing your name..ask, who are you? what are you? Sing your name' ■

---

**સાત્વિકમ્ શિવમ્**
**અરવિંદ વેકરિયા**

## ભૂમિ ને ભાગ્યનો સ્વભાવ એક જ: વાવશો એ મળશે..!

‘હું પૈસા નહી લઉં!’ એવું પ્રવીણ ભોસલેએ કહ્યું એટલે બે ઘડી હું અવાક થઈ ગયો. પૈસાનો હિસાબ કરનાર ડૉલર પટેલને જો હું આ વાત જણાવું તો એ તો રાજીનો રેડ થઈ જાય. ત્યારે સેટ લગભગ ૨૦ થી ૩૦ હજારમાં બનતા. ઈમ્તિયાઝના આ નાટકમાં બે સેટ હતા - એક ઘરનો અને બીજો ઑફિસનો. દરેક કલાકાર પોતાની કૅપેસિટી અને સિનિયારિટી મુજબ ‘કવર’ લેવાનો જ હતો.

હું પણ એમાં આવી ગયો. તો પછી સેટ સાવ ‘મફત’માં પ્રવીણ બનાવે એ મારું મન સ્વીકારે જ નહી. હું ઓળખીતા પાસે કંઈ લઉં તો કહું કે બીજા કરતાં ઓછા લે, પણ તારો પ્રોફિટ બીજા કરતાં ઓછો, પણ લે જે.. તો આ પ્રવીણ શા માટે મને સેટ મફતમાં કરી આપવા તૈયાર થાય? મેં જ્યારે ફલી મિસ્ત્રી પાસે સેટ-ડિઝાઇન બનાવેલી ત્યારે ક્યારેક ગફુરભાઈ તો ક્યારેક શમ્સુભાઈ પાસે કરાવતો. (હાલ કોઈ હયાત નથી) મેં પ્રવીણને આ ‘મફત’નું કારણ પૂછ્યું. એને પોતાની સાથે મારો સંઘર્ષ પણ યાદ હતો. આ કદાચ એના મનમાં મારા માટે ઊભી થયેલી લાગણી અને સંબંધ જાળવી રાખવાની નેમ હોઈ શકે. અહીં પ્રવીણ પણ માનતો હશે કે સંબંધ જાળવવા જોઈએ. સાચું જ કહ્યું છે કે સંબંધો જો ટકાવવા હોય તો ૫૦ ગ્રામની જીભને ૮૦ કિલોના શરીર પર હાવી ન થવા દો.


લેખક-દિગ્દર્શક ઈમ્તિયાઝ પટેલ

પ્રવીણે પણ એ જ વાત અમલમાં મૂકી મને પ્રેમથી કહ્યું, ‘સેટ ચોક્કસ બનાવીશ, પણ પૈસા નહી લઉં.’ મેં ફરી કારણ પૂછ્યું તો કહે, ‘દાદુ, મૈને આપકે સાથ બહોત કામ કિયા હૈ, કરતા હું.. અબ જબ ખુદકા કામ શુરુ કર રહા હું તો મૈં આપશે કરું.. પૈસા તો આગે કમા લુંગા. બસ, મેરી ઔર શૈલેશ કી ઇચ્છા હૈ કી આપશે કામ શુરુ કરે. આપ કે આશીર્વાદ મિલેંગે.. હા, સેટ બનાનેકા પૈસા નહી લુંગા બાકી સર્વિસ કા ‘કવર’ જરૂર લુંગા.’

હું સાંભળી જ રહ્યો. ગમતાં-ચાહતાં ને પામતાં ભલે આવડે, પણ નિભાવતાં આવડે એ જ સાચો સંબંધ જે આજે પ્રવીણે નિભાવ્યો એટલે નહીં કે મને અને નિર્માતાને લાભ થાય છે...પણ એક સામાન્ય માણસ આવી અસામાન્ય વાત કરી શકે એ માટે કોઈ પણ જમાનામાં ૫૬ની છાતી જોઈએ..

પ્રવીણ ભોસલે સાથે બહુ રકઝક થઈ. છેવટે મેં કહ્યું કે ‘હું સેટ માટે એક પૈસો નહી આપું બસ, પણ તારા નવા સાહસ માટે ગૂડ-લક રૂપે ૫૦૦૧/- આપીશ એ તારે લેવા પડશે અને તારા ‘સર્વિસ’ના કવરમાં તારા બજાર ભાવ કરતાં ૨૫૦/- રૂપિયા વધુ આપીશ. તું પ્રાર્થના કરજે કે નાટકના વધુ શો થાય અને મને સેટ માટે થોડા પૈસા હું આપી શક્યો એનો સંતોષ થાય’ માંડ-માંડ મારી વાત પ્રવીણે કબૂલ કરી.

પ્રવીણ એક સામાન્ય ગજાનો માનવી. બીજા જયારે ભાવમાં રકઝક કરે ત્યારે આ સાવ મફતમાં. માત્ર મારા પ્રત્યેનો લગાવ-લાગણી. સારા સંસ્કાર કોઈ મોલમાંથી નહી, પરિવારના માહોલમાંથી મળે. આ કદાચ એને પરિવારના મળેલા સંસ્કારનું જ પ્રતિબિંબ હતું.

મેં વાત ડોલર પટેલને અથથી ઈતિ, જે પ્રવીણ સાથે થયેલ એ બધી વાત કરી. નિર્માતા બોલ્યો, ‘દાદુ, તારે ૫૦૦૧ની વાત કરવાની શું જરૂર હતી? તારા પ્રત્યેની લાગણીને લઈ મફત કરી આપવા તૈયાર હતોને!’

મને એમ કે ડોલર ખુશ થશે પણ... ગમે એટલી લાગણીઓ વરસાવો, રેઈનકોટ પહેરેલા લોકો ન ભીંજાય. ત્યારે ડોલર મને રેઈનકોટ પહેરેલ નિર્માતા લાગ્યો.

ખેર! આખા નાટકની કોસ્ટમાં સેટ પેટે માત્ર ૫૦૦૧ જ ગણાશે. નાટકના બે અંક તૈયાર થઈ ગયા. મૂળ વસ્તુ હવે ‘કાસ્ટિંગની. મુખ્ય ભૂમિકા યુવાન દંપતી અને એક મોડલની આસપાસ ફરતી વાર્તા હતી. એ સમયે એક સારો અભિનેતા મારી બાજુમાં રહેતો હતો, અનિલ ઉપાધ્યાય. ઘણી વાર કહેતો, ‘ દાદુ, મારે તમારી સાથે કામ કરવું છે.’ (આજે હયાત નથી.) મેં એને નાટકની કથાવસ્તુ કહી. ‘બોલ્ડ’ સામે એને વાંધો પડ્યો. મને કહે ‘મારે તો પ્રવીણ જોશી જેવા રોલ કરવા છે. આવા ચિરકુટ, બોલ્ડ અને ગંદા રોલ નહીં’ મને ડોલરની વાત યાદ આવી ગઈ. ‘તમારું કામ નાટકમાં અભિનય કરવાનું છે, પછી વિષય કોઈ પણ હોય.’

ખેર, એની ‘ના’ આવી ગઈ. પછી એ જ અનીલે મારી સાથે ‘જલ્દી કર કોઈ જોઈ જશે’ નામનો બોલ્ડ પ્લે કર્યો! કહું છું જીવનમાં ક્યારેય કોઈની મજાક ન ઉડાવો કે ન કોઈને નીચું દેખાડો. ભલે તમે શક્તિશાળી હો, પરંતુ તમારાં કરતાં પણ કોઈ શક્તિશાળી છે, જેનું નામ છે સમય. જયારે અનીલે ‘જલ્દી કર કોઈ જોઈ જશે’ કર્યું ત્યારે એના સમયે જ એ નાટક કરવા એને મજબૂર કરેલો, ખેર!

મેં અને ડોલરે પાત્ર માટે ઘણી કોશિશ કરી, પણ જોઈએ એવું જામતું નહોતું. છેવટે મેં ઈમ્તિયાઝને કહ્યું કે ‘ યુવા દંપતીને બદલે આપણે પ્રૌઢ જોડી બનાવીએ અને દીકરાના પાત્રને નાના ભાઈમાં ફેરવી નાખીએ તો?’ ઈમ્તિયાઝ કહે, ‘એમાં બહુ પ્રોબ્લેમ નહીં થાય. એ તો બે દિવસમાં થઈ જશે, પણ જે મોડલ તરીકે જોઈએ છે એમાં તો પ્રૌઢ નહીં ચાલે. એના માટે શું કરીશું?’ મેં કહ્યું, ‘એ થઈ રહેશે. મેં બધે સારું વાવી રાખ્યું છે. બધા સાથે હંમેશા સારું વર્તન જ રાખ્યું છે. ભૂમિ અને ભાગ્યનો સ્વભાવ એક જ છે વાવશો એ મળશે, કોઈ તો મદદ કરશે જ! ■

**ડબલ રિચાર્જ**

*પિતા એના દીકરાને ‘પરીક્ષા’નો નવો અર્થ સમજાવતા હતા:*


*‘જો બેટા, મન લગાવીને ભણશે તો ‘પરીક્ષા’ના પહેલા બે અક્ષર મુજબ ‘પરી’ મળશે અને નહી ભણે તો છેલ્લા બે અક્ષર મુજબ ‘રિક્ષા’ મળશે, હવે નક્કી કરી લે!*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# - તો બેગમ અખ્તરનો જન્મ જ ન થયો હોત!

**સોન્ગ રેકોર્ડિંગ અપશુકન મનાતું હતું. રેકોર્ડિંગ વખતે ઈલેક્ટ્રિક ગેજેટ્સને કારણે ફેફસાં નબળાં પડી જવાથી ગાયકની આવરદા ઘટી જાય એવી માન્યતા ફેલાઈ હતી!**



બેગમ અખ્તર અને ફિલ્મ 'ધૂપછાંવ'

ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં બોલપટનો દોર 'આલમ આરા' (૧૯૩૧) ફિલ્મથી થયો એ ખરું, પણ રેકોર્ડેડ સોંગ્સની પ્રથાની વિધિવત શરૂઆત ચાર વર્ષ પછી થઈ હતી. ત્યાં સુધી સોંગના પિક્ચરાઈઝેશન વખતે જ ગીત સાજિંદાઓની હાજરી સાથે ગાવામાં આવતું હતું. સાજિંદા અને એક્ટર જો ગાયક ન હોય તો ગાયક પણ કેમેરામાં ન ઝડપાઈ જાય એની તકેદારી રાખવામાં આવતી હતી. ૯૦ વર્ષ પહેલાં એટલે કે ૧૯૩૫માં પ્રથમ પ્લેબેક સોન્ગ રેકોર્ડ કરવામાં આવ્યું હતું. નીતિન બોઝ દિગ્દર્શિત ફિલ્મ 'ધૂપછાંવ' માટે સંગીતકાર આર. સી. બોડાલ અને પંકજ મલ્લિકે આ સિદ્ધિ મેળવી હતી. ફિલ્મ સિવાય પહેલું રેકોર્ડેડ સોંગ (ધ્વનિમુદ્રિત ગીત) ગૌહર ખાનનું માનવામાં આવે છે. એમની ગણના ભારતના પ્રથમ રેકોર્ડિંગ સ્ટાર તરીકે થાય છે.

કારણ ગમે તે હોય, નવા આવિષ્કારનો વિરોધ સમાજમાં સદીઓથી થતો આવ્યો છે. સોંગ રેકોર્ડિંગ પણ એમાં અપવાદ નહોતું.

વાચકોને જાણીને નવાઈ લાગશે કે આ નવી ટેકનોલોજી ફરતે કેટલીક અંધશ્રદ્ધા વીંટળાયેલી હતી અથવા કોઈ કાલ્પનિક કથા જોડી દેવામાં આવતી હતી. વાત તો એ હદે પહોંચી ગઈ હતી કે સોન્ગ રેકોર્ડિંગ અપશુકન માનવામાં આવતું હતું. કેટલાક પ્રોફેશનલ સિંગર એવું માનતા હતા કે સોંગ રેકોર્ડિંગ વખતે ઈલેક્ટ્રિક ગેજેટ્સને કારણે ફેફસાં નબળા પડી જવાથી ગાયકની આવરદા ઘટી જાય! કેટલાક ગાયકો તો એ હદ સુધી ગયા કે માઈક્રોફોનનો ઉપયોગ કરવાથી ગાયકના ગળામાં રહેલું માધુર્ય ગાયબ થઈ જાય છે! એવું કહેવાય છે કે શાસ્ત્રીય સંગીતનાં સિદ્ધહસ્ત ગાયિકા કેસરબાઈ કેરકરે એમની કારકિર્દી દરમિયાન મ્યુઝિક કંપની માટે સમ ખાવા પૂરતું એક ગીત સુધ્ધાં રેકોર્ડ નહોતું કરાવ્યું. ઉસ્તાદ બડે ગુલામ અલી ખાં સાહેબ પણ એક યા બીજા કારણસર સોંગ રેકોર્ડિંગ કરવાનું ટાળ્યા કરતા હતા ('મુઘલ - એ - આઝમ' માટે કે. આસિફ બે શાસ્ત્રીય શૈલીના ગીત ગાવા સમજાવી શક્યા હતા એ વિશિષ્ટ અપવાદ ગણાય ). અવાજની ગુણવત્તા હણાઈ જશે એ ભય લગભગ ગાયકને સતાવતો હતો. 'મલ્લિકા - એ - ગઝલ' બેગમ અખ્તર (મૂળ નામ અખ્તરીબાઈ ફૈઝાબાદી) સુધ્ધાં સોંગ રેકોર્ડિંગ અંગેની કાલ્પનિક કથા અને અંધશ્રદ્ધાથી દૂર નહોતાં રહી શક્યાં . ૧૯૩૩માં પહેલી વાર એમણે ગઝલનું રેકોર્ડિંગ કર્યું હતું. આ ગઝલને આવકાર મળ્યા પછી એમનાં સંગીત શિક્ષક અને ગુરુએ બેગમ અખ્તરનાં માતુશ્રીના મગજમાં એવું ઠસાવી દીધું હતું કે 'તમારી દીકરીને ગીત રેકોર્ડિંગ કરતી અટકાવો, કારણ કે એનાથી જીવનું જોખમ રહેલું છે' એક દીકરી ગુજરી ગઈ હોવાથી માને ચિંતા થાય એ સ્વાભાવિક કહેવાય. માતુશ્રીના ગભરાટ છતાં રેકોર્ડિંગ કંપની સાથે પાંચ વર્ષનો કોન્ટ્રેક્ટ કરી લીધો હોવાથી બેગમ અખ્તર અસમંજસમાં મુકાઈ ગયાં. માતુશ્રીએ તો ગાંઠ વાળી હતી કે દીકરીને ગીત રેકોર્ડિંગથી દૂર રાખવી એટલે બેગમ અખ્તરને લઈ એ આધ્યાત્મિક ગુરુ પાસે ગયા. ગુરુ આખી વાત સમજી ગયા અને એક એવો ઉકેલ દર્શાવ્યો જેની સાથે મા -દીકરી બંને સહમત થયા.

અખ્તરી બાઈ પાસે પોતાની ગઝલની એક નોટબુક હતી. એ નોટબુકના કોઈ એક પાના પર ગુરુજીએ હથેળી રાખી અને એ પાનું ઉઘાડવા જણાવ્યું. એ પાનું ખોલતા એના પર શાયર બહઝાદ લખનવીની 'દિવાના બનાના હૈ તો દિવાના બના દે' ગઝલ લખી હતી. ગુરુજીએ આદેશ આપ્યો કે 'રેકોર્ડિંગ કંપનીમાં જા અને તાબડતોબ આ ગઝલ રેકોર્ડ કરાવી લે. આ ગઝલ બહાર પડ્યા પછી તારી કીર્તિ વધી જશે અને આર્થિક બાજુ પણ સધ્ધર થઈ જશે.' અખ્તરી બાઈના ટાંટિયામાં જોર આવી ગયું અને દોડતાં દોડતાં પહોંચ્યાં રેકોર્ડિંગ કંપનીમાં. બડે ગુલામ અલી ખાં સાહેબના સારંગી વાદન સાથે ગીત રેકોર્ડ કરવામાં આવ્યું. ૧૯૩૫ના ઓક્ટોબરમાં રેકોર્ડ રિલીઝ થઈ અને ગુરુજીની ભવિષ્યવાણી સાચી સાબિત થઈ અને રેકોર્ડ પ્લેટિનમ ડિસ્ક (૧૦ લાખ રેકોર્ડનું વેચાણ)ની સિદ્ધિ મેળવી શકી.

એ દિવસથી બેગમ અખ્તરે પાછું વાળીને જોયું નથી. સમગ્ર કલાજગત ગુરુજીનું ઋણી છે, કારણ કે આજથી ૯૦ વર્ષ પહેલાં કેટલાક પ્રોફેશનલ ગાયકો અણસમજના(રેકોર્ડિંગ કરવાથી અવાજની ગુણવત્તા હણાઈ જશે) શિકાર બન્યા હતા, પણ ગુરુજીએ સુધારાવાદી અભિગમ અપનાવી અખ્તરીબાઈ પાસે ગીત રેકોર્ડ કરાવ્યું અને આપણને બેગમ અખ્તરના સ્વરમાં એક એકથી ચડિયાતી ગઝલ અને અન્ય ક્લાસિકલ રચના સાંભળવા મળી. જો ગુરુજીએ તોડ ન કાઢ્યો હોત તો મલ્લિકા - એ - ગઝલ બેગમ અખ્તરનો જન્મ જ ન થયો હોત. ■

## તેરી ગઠરી મેં લાગા ચોર

હિન્દી ફિલ્મ સંગીત માટે ૧૯૩૫ અવિસ્મરણીય વર્ષ તરીકે નોંધાયું છે.'ધૂપ છાવ' ફિલ્મથી ચિત્રપટ સંગીતમાં પાર્શ્વગાયન (પ્લેબેક સિંગિંગ) પદ્ધતિનો પ્રારંભ થયો હતો. કલકત્તાની 'ન્યૂ થિયેટર્સ કંપની' દ્વારા નિર્મિત આ ફિલ્મના દિગ્દર્શક નીતિન બોઝને સૂઝેલી આ કલ્પનામાં આદરણીય સંગીતકાર પંકજ મલ્લિકનો મોટો ફાળો છે. 'ધૂપ છાવ'માં કુલ ૧૦ ગીત હતાં, જેનું સ્વરાંકન શ્રીયુત પંકજ મલ્લિક અને રાયચંદ બોડાલે કર્યું હતું અને કે સી ડે (મન્ના ડેના કાકા) સહિત અન્ય ગાયકોએ પાર્શ્વગાયન કર્યું હતું. ફિલ્મનાં ૧૦ ગીત પંડિત સુદર્શને લખ્યાં હતાં. હિંદી ભાષામાં રચાયેલ સાહિત્યમાં પંડિત સુદર્શનની ગણના મુનશી પ્રેમચંદની સમકક્ષ કરવામાં આવે છે. મહાત્મા ગાંધી પંડિતજીની સાહિત્યિક કલમના ચાહક હતા. પંડિતજી ૧૭ વર્ષ (૧૯૩૫થી ૧૯૫૨) સુધી ફિલ્મના લેખન સાથે સંકળાયેલા રહ્યા. 'ધૂપછાંવ' એમની પહેલી ફિલ્મ હતી અને 'તેરી ગઠરી મેં લાગાચોર, મુસાફિર જાગ જરા' એમણે લખેલું પ્રથમ ગીત હતું.




# બાઈ બાઈ ચાળણી... 'રોલ'ની!

મહેશ નાણાવટી

આપણે સૌ જાણીએ છીએ કે 'જંજીર' ફિલ્મનો મેન રોલ ચાર હીરોએ ના પાડ્યા પછી અમિતાભ બચ્ચનના હાથમાં આવ્યો હતો. આપણે એ પણ જાણીએ છીએ કે 'શોલે'માં ગબ્બરસિંહનો રોલ ડેની ડેન્ઝોંગપા કરવાના હતા, પણ 'ધર્માત્મા' ફિલ્મના શૂટિંગ માટે સળંગ અમુક દિવસો સુધી અફઘાનિસ્તાન જવું પડે તેમ હતું એટલે એ રોલ અમજદ ખાનને મળ્યો.

જોકે, થોડા સમય પહેલાં જ એક ટીવી શોમાં ખુલાસો થયો કે 'શોલે'માં જે અમિતાભ બચ્ચનનો રોલ હતો તે પહેલાં શત્રુઘ્ન સિંહાને ઓફર થયો હતો! ખુદ શત્રુજી બોલ્યા કે 'એ વખતે કદાચ મારો ઈગો હતો કે પછી કોઈ બીજું કારણ હતું, પણ મેં જ ના પાડી હતી.'

જરા કલ્પના કરો, શત્રુઘ્ન સિંહા 'જય'ના રોલમાં કેવા લાગતા હોત? ખાસ કરીને જ્યારે બસંતી એનો નોન-સ્ટોપ લવારો કર્યા પછી પૂછે છે 'આપને હમારા નામ તો પૂછા હી નહીં?' અને જય (શત્રુઘ્ન સિંહા) ઘોડાગાડીની પાછલી સીટ ઉપર કંટાળા અને ઊંઘથી ઢળી પડે. આંખના પોપચાં ઊંચા કરીને પૂછતો હોતઃ 'તુમ્હારા નામ કયા હૈ, બસંતી?'

'શોલે'માં જય-વીરુ માટે એક ખાસ જુમલો વપરાયો છેઃ 'દો છટે હુએ બદમાશ...' આમાં જો શત્રુજી હોત તો ખરેખર બન્ને 'છટે હુએ બદમાશ' લાગતા હોત! કેમ કે અમિતાભજી આખી ફિલ્મમાં થોડા સજ્જન લાગે છે. ખાસ તો જયા ભાદુરી ફાનસ હોલવતાં હોય અને બચ્ચનજી માઉથ ઓર્ગન વગાડતા હોય ત્યારે! બાકી, તમને શું લાગે છે, પેલો જયાજીની બકરીનું બચ્ચું પાછું આપવાવાળો સીન છે એમાં શત્રુજીની આંખોમાં એ શાલીનતા જોવા મળી હોત ખરી?

આવાં, 'જો' અને 'તો' ચાલતાં જ રહેવાના, કેમ કે એક મજબૂત રોલ સરકીને બીજા કલાકારના હાથમાં જતો રહે ત્યારે પ્રેક્ષકોને ફાયદો થયો કે નુકસાન, એ શોધી કાઢવું અઘરું છે જેમ કે 'તાલ' ફિલ્મમાં જે ગણતરીબાજ, શાતિર અને મજાકિયા ઈવેન્ટ ઓર્ગેનાઈઝરનો રોલ અનિલ કપૂરે કર્યો હતો તેના માટેની પહેલીપસંદગી શાહરુખ ખાનની હતી! શું શાહરુખ હોત તો અક્ષય ખન્ના ઉપર રીતસર છવાઈ ગયો ન હોત?


શત્રુઘ્ન સિંહા

આવું જ કંઈક ફિલ્મ 'સંગમ' માટે થયું હતું. રાજ કપૂરની ઈચ્છા હતી કે વૈજયંતી માલાના સાચા પ્રેમીનો રોલ દિલીપકુમાર કરે, પરંતુ દિલીપ સાહેબે એટલા માટે ના પાડી કે ફિલ્મના ડિરેક્ટર અને પ્રોડ્યુસર તો રાજ કપૂર જ હતા એટલે પોતાના રોલ ઉપર ક્યાં અને કેવી રીતે કાતર ફળી વળે એ કળી શકવું મુશ્કેલ હતું, કેમ કે અગાઉ વરસો પહેલાં રાજ અને દિલીપ એક જ ફિલ્મ 'અંદાજ' (૧૯૪૯)માં સામસામે હતા ત્યારે ડિરેક્ટર મહેબૂબ ખાન હતા. એ ફિલ્મના કલાઈમેક્સનાં દૃશ્યોમાં દિલીપ કુમાર રીતસર રાજકપૂર ઉપર હાવી હતા!

જો કે, અમુક વખતે પ્રોડ્યુસર- ડિરેક્ટર બહુ સ્પષ્ટ હોય છે. જેમ કે રાકેશ રોશન જ્યારે 'કહો ના પ્યાર હૈ...' બનાવી રહ્યા હતા ત્યારે હીરોઈન તરીકે કરીના કપૂરને 'બ્રેક' આપવાની વાત સામેથી આવી હતી. એ વખતે રાકેશ રોશને ચોખ્ખું કહી દીધેલું કે 'જુઓ, હું તો મારા દીકરા (રિતિક રોશન)ને લોન્ચ કરવા માટે આ ફિલ્મ બનાવી રહ્યો છું એટલે હીરોઈનને ભાગે ઓછું જ કામ આવશે!' આ ચોખવટ પછી કરીના કપૂરના સ્થાને નવી સવી અમિષા પટેલ ગોઠવાઈ ગઈ હતી.

જોકે, આજે સવાલ એ થઈ જ શકે કે કરીના કપૂરે પોતાની પહેલી ફિલ્મ 'રેફ્યુજી' અભિષેક બચ્ચન સામે કરવાનું પસંદ કર્યું, જે કંઈ ખાસ હિટ


અમિતાભ બચ્ચન


રેખા


ઝિન્નત અમાન

નહોતી, એના બદલે જો 'કહો ના પ્યાર હૈ' માટે હા પાડી હોત તો? આગળ જતાં રિતિક-કરીનાની 'જોડી' પણ જામી શકી હોત ને?

આમ જોવા જાવ તો આ નસીબના ખેલ છે. 'બાજીગર' ફિલ્મના લેખક રોબિન ભટ્ટે અમદાવાદના એક જાહેર પ્રોગ્રામમાં કિસ્સો કહ્યો હતો કે 'એ ફિલ્મનો હીરો ખૂની જ છે... એનું પાછળથી હૃદય પરિવર્તન પણ નથી થતું... એવી જ રીતે સ્ક્રીપ્ટ લખાયેલી હતી. અને એ જ કારણસર જેકી શ્રોફ, અનિલ કપૂર જેવા સ્ટાર્સ ના પાડી ચૂક્યા હતા. શાહરુખ તે સમયે નવો નવો હતો. જ્યારે એને સ્ક્રિપ્ટ સંભળાવવાનું થયું અને સ્ટોરી અડધે પહોંચી ત્યારે શાહરુખે અમને અટકાવતાં કહ્યું કે 'પ્રોડ્યુસર કો બુલાઓ, અભી કે અભી!'

એ પછી પ્રોડ્યુસર અને ડિરેક્ટર બન્નેને સાથે રાખીને શાહરુખે શરત મૂકી હતી કે 'આ ફિલ્મ માટે હું તો જ હા પાડું , જો તમે આગળ જતાં ડિસ્ટ્રિબ્યુટરો કે તમારા 'વેલ-વિશરો'ના કહ્યામાં આવીને એન્ડ નહીં બદલાવાની ગેરંટી આપતા હો... તો જ!'

'બાજીગર'નો નેગેટિવ રોલ સ્વીકારવાનો શાહરુખને જરાય અફસોસ ન થયો કેમ કે ફિલ્મ હિટ નીવડી હતી, પરંતુ અમુક રોલ માટે જે કલાકાર 'ફર્સ્ટ ચોઈસ' હોય તે ન મળે ત્યારે ફિલ્મના ડિરેક્ટરને અફસોસ થતો હોય છે.

કહે છે કે 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' માટે રાજ કપૂર સાહેબની ફર્સ્ટ ચોઈસ રેખા હતી, પરંતુ ફિલ્મમાં જે પ્રકારનું દેહ-પ્રદર્શન જરૂરી હતું. (બ્લાઉઝ વિના માત્ર સાડી પહેરવી વગેરે) તેના માટે રેખા રાજી નહોતાં. છેવટે ઝિનત અમાનને લઈને રાજ સાહેબે ફિલ્મ બનાવી તો લીધી, પણ એક પ્રેક્ષક તરીકે આપણને સતત એ વિચાર આવતો રહે કે 'જો રેખાએ આ રોલ ભજવ્યો હોત તો ફિલ્મમાં જ્યાં 'અશ્લીલતા' દેખાતી હતી ત્યાં માત્ર અને માત્ર 'શૃંગારરસ' દેખાતો હોત કે નહીં!'

જો કે 'બોબી'માં રાજ કપૂરે જરાય થાપ ખાધી નહોતી. વાત એમ હતી કે ટીનએજ છોકરીના રોલ માટે રાજ સાહેબ સેંકડો છોકરીઓનાં ઓડિશન લઈ ચૂક્યાં હતાં, જેમાં નીતુ સિંહ પણ હતી. કહે છે કે એ ઓડિશન દરમિયાન જ રિષી કપૂર અને નીતુ સિંહ વચ્ચે ઈલુ-ઈલુ થવાનું શરૂ થઈ ગયેલું!

આમ જોવા જાવ તો હીરો-હીરોઈન વચ્ચે 'કેમિસ્ટ્રી' સારી હોય તો પરદા ઉપર ખૂબ જ સુંદર લાગે છે, પરંતુ રાજ સાહેબના મનમાં નક્કી હતું કે ટીનેજ હીરોઈન 'કમ-સીન' અને 'ટોમ-બોયિશ' જ હોવી જોઈએ.

આમાં કહે છે કે, 'કમ-સીન'ના મામલે તે વખતે નીતુ સિંહ જરા વધારે 'મેચ્યોર' હતાં.! ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'ઊડતા પંજાબ' બીજી વખત ઊડશે પણ અલગ રીતે





વર્ષ ૨૦૧૬ની સહુથી ચર્ચાસ્પદ ફિલ્મ રહી હતી 'ઊડતા પંજાબ'. આ ફિલ્મમાં પંજાબની ડ્રગ્સની સમસ્યા પર ફોકસ કરવામાં આવ્યું હતું. આને લઈને ભારે વિવાદ પણ થયો હતો. અમુક લોકોએ તો એને રાજકીય સ્ટંટ ધરાવતી ફિલ્મ પણ જાહેર કરી દીધી હતી. જે હોય તે, પણ હવે આ 'ઊડતા પંજાબ'ની સિક્વલ આવે એવા સંજોગો ઊજળા થયા છે.

સામાન્યતઃ એવી ધારણા હોય છે કે કોઈ ફિલ્મની સિક્વલ બને તો એને બનાવનારી ટીમ પહેલો ભાગ બનાવનારી જ હોય, પરંતુ, અહીં સાવ ઊલટું છે. એવું જાણવા મળી રહ્યું છે કે એકતા કપૂર, જે સિક્વલ બનાવવામાં માસ્ટર છે (PhD પણ કહી શકાય, હોં!) તે 'ઊડતા પંજાબ'નો બીજો ભાગ બનાવવામાં રસ લઈ રહી છે. જોકે, માર્કેટમાં એમ પણ કહેવાઈ રહ્યું છે કે આ બીજા 'ઊડતા પંજાબ'ને તેના પહેલા ભાગ સાથે સ્નાન-સૂતકનો પણ સંબંધ નહીં હોય.

હા, મૂળ ફિલ્મના લીડ એક્ટર શાહિદ કપૂર સાથે જરૂર વાત ચાલી રહી છે કે તે જ આ ફિલ્મમાં પણ લીડ રોલ કરે. બીજું, પહેલા ભાગના ડાયરેક્ટર અભિષેક ચૌબે પણ આ પ્રોજેક્ટનો ભાગ નહીં હોય. એની બદલે 'ભુલભુલૈયા-૨' અને 'હાઉસફૂલ ૪'ના લેખક આકાશ કૌશિક લખશે અને 'ઊડતા પંજાબ- ટુ' ડાયરેક્ટ પણ કરશે.

હવે રહી વાત આ પાર્ટ-ટુની હીરોઈનની... તમારી જાણ ખાતર - પાર્ટ-વનમાં કરિના કપૂરે હીરોઈન અને આલિયા ભટ્ટે એક અગત્યનો રોલ ભજવ્યો હતો. એક વખત સ્ક્રિપ્ટ નક્કી થઈ જાય પછી હીરોઈનની વરણી થશે..

### આવી રહ્યું છે રિ-રિલીઝનું ઘોડાપૂર




એક વાત તો પાકે પાયે છે કે બોલિવૂડ સાવ એટલે સાવ આળસુ થઈ ગયું છે અને એટલે જ એ નવા પ્રકારની વાર્તા શોધવાની કે લખવાની તકલીફ નથી કરી રહ્યું. આવું સોય ઝાટકીને કહેવા પાછળ એક જ કારણ છે અને તે છે ઢગલાબંધ રિ-રિલીઝ. એકાદી-બે જૂની ફિલ્મો પુનઃ રિલીઝ થઈ અને જબરી ચાલી એટલે હવે દરેક એક્ટર અને પ્રોડ્યુસર/ડિરેક્ટર જાણેકે પોતાની રિલીઝ થઇ ચૂકેલી ફિલ્મોનું લિસ્ટ લઈને બેસી ગયા છે અને એમાંથી એક ફિલ્મ પસંદ કરીને એને રિ-રિલીઝ કરી રહ્યા છે.

આવનારા સમયમાં તો આવી ફિલ્મોનું ઘોડાપૂર આવી રહ્યું છે અને એ પણ ફક્ત આજના જમાનાના એક્ટર્સનું નહીં, પરંતુ વીતેલા જમાનાના એક્ટર્સનું પણ. શર્મિલા ટાગોરની બે ફિલ્મ 'આરાધના' અને 'નાયક' બહુ જલદીથી ફરી પરદા પર આવશે તો વિમેન્સ ડે નિમિત્તે રાજકુમાર રાવની 'શાદી મેં ઝરૂર આના', કંગનાની 'ક્વીન', આલિયા ભટ્ટની 'હાઈવે' અને પ્રિયંકા ચોપરાની 'ફેશન' ફરીથી સિનેમાઘરોમાં આવશે. હવે આવું થતું હોય ત્યારે દર ત્રણ બે-ત્રણ મહિને એક ફિલ્મ કરતો અક્ષય કુમાર કેમ પાછળ રહી જાય? એની 'નમસ્તે લંડન' પણ બહુ જલદીથી આપણે માથે... સૉરી રિ-રિલીઝ કરવામાં આવશે.

....ઔર અભી તો રુકો... એવા વાવડ પણ છે કે અક્ષય, પરેશ રાવળ અને સુનિલ શેટ્ટીની કલ્ટ ક્લાસિક 'હેરાફેરી' પણ રિ-રિલીઝ માટે તૈયાર છે.

આ બધાને સહન કરવાની ઉપરવાળો આપણને બધાને પૂરતી સહનશક્તિ આપે!

### 'સરકાર' સાથે જોડાશે 'બાદશાહ'?




ભાવનાત્મક તેમ જ કૌટુંબિક વિષયો સાથે જોડાયેલી ફિલ્મો બનાવવા માટે પ્રખ્યાત એવા શુજીત સરકાર હવે એક નવા વિષય સાથે આવી રહ્યા છે. અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન એમ બંનેને ડાયરેક્ટ કરી ચૂકેલા (શુજીત) સરકાર હવે બાદશાહ એટલે કે શાહરુખ ખાન સાથે મળીને એક ફિલ્મનું પ્લાનિંગ કરી રહ્યા છે.

આ ફિલ્મનો વિષય અને એમાં શાહરુખના રોલ વિશે શુજીત સરકાર મૌન છે, પણ હા, એમણે એટલું જરૂર કહ્યું છે કે શાહરુખ સાથે કામ કરવાની ખૂબ મજા પડે છે. આ બંનેએ આ નામ વગરની ફિલ્મ માટે એકસાથે સતત આઠ કલાક શૂટિંગ કર્યું હતું એવી વાત સરકારે જરૂર જાહેર કરી છે. શુજીત સરકારે એમ પણ ઉમેર્યું કે 'શાહરુખે વગર થાકયે સતત આઠ કલાક કામ તો કર્યું એ દરમિયાન એ સેટ ઉપરથી એક સેકંડ પણ બહાર ગયો ન હતો!' ■

**કટ એન્ડ ઓકે..**



*વિદ્યા બાલનને શું પસંદ છે અને શું નાપસંદ છે એ વિશે હાલમાં વાયરલ થયેલો 'પોતાનો વીડિયો એ પોતાનો નથી, પરંતુ એ કોઈએ કરેલી AIની કમાલ છે' એવો ખુલાસો વિદ્યાએ 'ઇન્સ્ટા' ઉપર કર્યો છે!*




## ભયાનક અઘોરીઓ વચ્ચે જઈ એની શક્તિઓને પડકારવાનું પરિણામ શું આવશે? જાણો છો? તમે ખોટું જોખમ લઈ રહ્યા છો. પાછા ફરો!

સ્વામી શિવાનંદજીનો પત્ર મળ્યા પછી હું અઘોરીઓને મળવા રવાના થયો...

હાવરા મેલ વાયા અલાહાબાદમાં સૂવા માટે બર્થ વી.આઈ.પી. ક્વોટામાંથી મળી ગયો. રિઝર્વ ડબ્બામાં મારો બર્થ નંબર એક હતો. મારી સામે સ્ત્રીઓ માટેની ખાસ કૅબિન હતી અને બાજુના જ બર્થ પર એક હિપ્પી યુગલ બેઠું હતું.

સમયસર ટ્રેન ઊપડી. મુસાફરી દરમિયાન એકલો હોઉં ત્યારે ટ્રેનમાં સૂઈ જવાની મને આદત નથી. સામાનમાં એક નાની બૅગમાં કપડાં અને બીજી એક બૅગ સ્ટીલ કૅમેરા, મૂવી કૅમેરા અને ટેપ રેકોર્ડરથી ભરી હતી. ટ્રેને દાદર છોડ્યું કે મુસાફરો સૂવાની તૈયારી કરવા લાગ્યા. મેં પણ મારા માથા નીચે મારી બૅગો ગોઠવીને એક પુસ્તક કાઢી વાંચવાની શરૂઆત કરી. ચેકર ટિકિટ ચેક કરવા આવ્યો. હિપ્પી યુગલ મારી સામે આવી ઊભું હતું. એમની ટિકિટો ચેક થઈ ત્યારે મને ખબર પડી કે સ્ત્રીનું નામ લીલીયન અને પુરુષનું નામ ડેનિયલ છે. એ વિધિ પત્યા પછી ફરી મેં મારું ધ્યાન વાંચવામાં પરોવ્યું. અઘોરીઓને મળતાં પહેલાં હું વામમાર્ગ વિશેનું થોડું સાહિત્ય વાંચી લેવા ઇચ્છતો હતો. એ પુસ્તકમાં મેં વામમાર્ગ વિશે વાંચેલી હકીકતો મેં જાતે ટપકાવી હતી.

કલ્યાણથી ગાડી ઊપડી ત્યારે મારા વાંચનમાં ફરીથી ખલેલ પડી. રેલવે પોલીસે આવીને પેલા હિપ્પી યુગલને જગાડ્યું અને એમની પૂછપરછ ચાલી રહી હતી. પોલીસોને શક હતો કે એમની પાસે ચરસ, ગાંજો, અફીણ જેવું કંઈક છે. પોલીસોએ એમનો બધો જ સામાન ફેંદયો, સામાન વિખાતો હતો ત્યારે બન્ને દયામણા ચહેરે પોલીસોની સામે પોતાની નિર્દોષતા સાબિત કરવાની કોશિશ કરી રહ્યાં હતાં.

યુરોપ, અમેરિકાથી આવા અનેક હિપ્પીઓ ભારતમાં આધ્યાત્મિક શાંતિ શોધવા આવે છે. અહીંના કેટલાય સંતો આવી ગોરી ગોરી ચામડીવાળા અનુયાયીઓ મળવાથી ગર્વ અનુભવે છે. આ બિચારાઓ ભ્રમણામાં ફસાયા છે. ગાંજા, ચરસની ફૂંકના કારણે એમનાં નબળાં મન ભ્રમણાને સુખ માને છે. પછી અઘોરીઓની જેમ દેશમાં હડધૂત બની ભટક્યા કરે છે.

પોલીસોને કશું જ મળ્યું નહીં. બન્ને ધીમું બબડતાં ફરીથી સૂવાની તૈયારી કરવાં લાગ્યાં. પોલીસો ચાલ્યા ગયા. કંડક્ટરે લાઈટ બુઝાવી નાખી. આછા બ્લ્યુ રંગની એક બત્તી સળગતી હતી અને હું મારી આગામી મુલાકાત વિશે અટકળો કરવામાં પડ્યો હતો. સ્વામી શિવાનંદના પત્રમાં પૂરી સ્પષ્ટતા ન હતી છતાં હું એ અઘોરી બાવાઓ સાથેની મારી આગામી મુલાકાતની સંભવિત પ્રશ્નોત્તરી તૈયાર કરી રહ્યો હતો.

અચાનક મેં પેલા હિપ્પીને ઉપરની બર્થ ઉપરથી ઊતરતાં જોયો. એણે સ્ત્રીને પણ ધીરેથી જગાડી દીધી હતી. ડેનિયલ જાજરૂ પાસેના લાઈટ બૉક્સ પાસે ગયો. ખિસ્સામાંથી એક સ્ક્રુડ્રાઈવર કાઢી એણે એ લાઈટ બૉક્સનું પતરું ખોલી નાખ્યું. પાછળ હાથ નાખી એણે બ્રાઉન પેપરની થેલી કાઢી. થેલી ખોલીને એણે એમાં જોયું. હું સૂતાં સૂતાં સ્પષ્ટ રીતે એક સફેદ પાઉડરથી ભરેલી પોલીથીન બૅગ જોઈ શક્યો. એ સાથે થોડી બીડીઓ પણ હતી. ડેનિયલના હાથમાંથી લીલીયને પૅકેટ લઈ પાછું બ્રાઉન પેપરની થેલીમાં મૂક્યું અને બંને એક બીડી લઈ ફૂંકવા લાગ્યા. ચરસની તીવ્ર વાસ ફેલાવા લાગી.

અસલી અઘોરીઓને મળવાની તો હજી વાર હતી, પણ આધુનિક અઘોરીઓને મળવાની તક હું ગુમાવવા માગતો ન હતો. હું ઊભો થઈ એમની સામે ગયો. ધીરેથી અંગ્રેજીમાં કહ્યું: 'હું તમને થોડા સમયથી જોઈ રહ્યો છું.'

'સો વોટ?' લીલીયન બોલી ઊઠી.

'નથિંગ, પણ મારે તમારી સાથે વાતો કરવી છે, મને તમારામાં રસ છે.' મેં અવાજમાં સહાનુભૂતિ અને નજરમાં મિત્રતાનો ભાવ ઉપસાવી કહ્યું.

'શાના વિશે?' હવે ડેનિયલ બોલ્યો.

'તમારા વિશે.'

એ બન્ને અચકાતાં અચકાતાં તૈયાર થયાં. અમે મારા બર્થ પર બેઠાં. એ બન્ને ઈંગ્લૅન્ડથી આવ્યાં હતાં. આધ્યાત્મિક શાંતિની શોધમાં છેલ્લાં બે વર્ષથી ભારતમાં જ છે. નેપાળથી લઈ કન્યાકુમારી સુધી ભટક્યાં છે. ચરસ-ગાંજાના બંધાણી બની ચૂક્યાં છે. 'કેરિયર' તરીકે કામ કરી થોડા પૈસા કમાઈને 'શોખ' પણ પૂરો કરે છે.

'પોલીસ પાસે પકડાયાં હોત તો?' મેં પૂછ્યું.

'ચિંતા નહીં. તમારા પોલીસોને પટાવતાં અમને આવડે છે.' લીલીયન બેધડક બોલી.

'કેવી રીતે?' મેં પૂછ્યું.

'પૈસાથી અને શરીરથી.' લીલીયને બેધડક જવાબ આપ્યો. બંનેની આંખમાં ચરસના નશાની લાલાશ ચડવા લાગી હતી.

'સેક્સ વિશે...' હું પૂછું તે પહેલાં જ લીલીયન બોલી ઊઠી:

'હું મારી આંખ, મારા હાથ, મારા પગ, જે રીતે વાપરું છું તે રીતે જ બેધડક મારી ઈન્દ્રિયોને વાપરું છું. મને સંકોચ નથી અને એ જ અમને 'માસ્ટરે' શીખવ્યું છે.'

'તમારા 'માસ્ટર'નું નામ?' આ હિપ્પીઓ ગુરુને 'માસ્ટર' કહે છે. એણે એક ખૂબ અજાણ્યું નામ કહ્યું. એમની સાથે આધ્યાત્મિક ચર્ચા વ્યર્થ હતી.

'એક પ્રયોગમાં સાથ આપશો?' મેં ફરીથી નમ્રતાપૂર્વક પૂછ્યું.

'શાનો પ્રયોગ?' ડેનિયલે પૂછ્યું, ડેનિયલ ખૂબ ઓછું બોલતો હતો.

'ગાંજા-ચરસના સેવન પછી તમે શું અનુભવો છો એ મારે જાણવું છે.'

'કેવી રીતે?'

'આઈ કેન પુટ યુ ઈન ટ્રાન્સ... હું તમને અભાન અવસ્થામાં સરકાવી દઈશ અને તમે જે અનુભવો છો એ બોલવા લાગશો.' મેં કહ્યું.

'તમે હિપ્નોટિઝમ જાણો છો?' લીલીયને પૂછ્યું.

'હું જે પ્રયોગ કરું છું તેને તમે હિપ્નોટિઝમ કહી શકો, પણ ખરેખર એ હિપ્નોટિઝમ નથી. એ છે ફક્ત એક વિનંતી. હું તમને વિનંતી કરીશ કે તમારા સુષુપ્ત મનમાં ચાલી રહેલી વાતો તમે વર્ણવો અને તમે સહકાર આપવા ઇચ્છશો તો તમે બોલવા લાગશો.'

બંને તૈયાર થયાં.

પહેલાં મેં ડેનિયલને વિનંતી કરી. બંનેમાં ડેનિયલ વધારે નબળા મનનો હતો. ચરસે એના મનને વધુ નબળું બનાવ્યું હતું. એકાદ મિનિટમાં જ એ બોલવા લાગ્યો. મેં ટેપરેકોર્ડર કાઢી ટેપ કરવું શરૂ કર્યું. શરૂઆતમાં ખૂબ જ અસ્પષ્ટતા હતી, પણ પછી એ સ્પષ્ટ થતો ગયો. એની ભયાનક ચોંકાવનારી વાતોએ મને સ્તબ્ધ કરી દીધો. લીલીયનનો તો નશો જ ઊતરી ગયો હતો. ડેનિયલની વાત સાંભળી એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

વીસેક મિનિટમાં પ્રયોગ પૂરો થયો. ડેનિયલ જાગૃત થઈ ચૂક્યો હતો. લીલીયન વૉશ-બેસિનમાં એનું મોઢું ધોવા ચાલી ગઈ. પાછી ફરી ત્યારે એ સ્વસ્થ હતી. પાછા આવી એણે કહ્યું:

'આભાર, તમારો ખૂબ ખૂબ આભાર! હવે હું ડેનીને લઈને જલદીથી જલદી સ્વદેશ પાછી ફરીશ. એક વધુ ઉપકાર અમારા પર કરશો? એ ટેપ મને આપો. એ ટેપ અમે જ્યારે જ્યારે સાંભળશું ત્યારે અમને અમારી ભૂલોનું ભાન થશે.'

મેં ટેપ કાઢી લીલીયનને આપી દીધી. ડેનિયલે કહેલા બધા જ શબ્દો મારા સ્મરણમાં અંકાઈ ગયા હતા, મારે આ ટેપની જરૂર નહોતી અને એ બંનેને એની ખૂબ જ જરૂર હતી.

ઉર્ધ્વગમન કરવા ઇચ્છતું એક મન, એક સંસ્કાર, એક જીવન કેવી રીતે પતનની ખાઈમાં ગબડી પડે છે એની એ દાસ્તાન હતી. એ પ્રસંગે મને અઘોરીઓના તત્ત્વજ્ઞાનને સમજવામાં ખૂબ જ મદદ કરી.

ઊંઘવાની ઇચ્છા નહોતી અને હવે તો ઊંઘ આવે તેમ પણ ન હતી. જેમ તેમ સવાર પડ્યું. બપોરે બે સવા બે વાગ્યે જબલપુર આવવાનું હતું.

ઈટારસી સ્ટેશને હું ચા પીવા પ્લૅટફૉર્મ પર ઊતર્યો હતો. ત્યારે લીલીયને આવી કહ્યું: 'પેલા ચરસના પૅકેટથી છુટકારો મેળવ્યો છે.'

'સરસ' પાતળો, ફિક્કો ચહેરો. મેલા ગંધાતા પણ સોનેરી વાળ જેમ તેમ કપાયા હતા. લીલીયન પહેલાં સુંદર હશે એમ મને લાગ્યું. મેં એને પૂછ્યું:

'તેં ક્યારેય અરીસામાં તારો ચહેરો જોયો છે ખરો? પહેલાંનું સૌંદર્ય ત્યાં છે ખરું?'

એણે જવાબ ન આપ્યો.

'લીલીયન, અમારી ભાષામાં એક સુંદર પંક્તિ છે, 'સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે.' તમારે જીવનની સુંદરતા પામવી હોય તો આમ અઘોરી બને કેવી રીતે મળશે?'

બપોરના સવા બે વાગ્યે જબલપુરના પ્લૅટફૉર્મ પર ગાડી પ્રવેશી. ભીડમાં પણ સ્વામી શિવાનંદને ઓળખવા મુશ્કેલ ન હતા. એ હાથ હલાવતાં ટ્રેનના ડબ્બાની બારી નજીક આવ્યા. હું સામાન લઈ ઊતર્યો. હું અને શિવાનંદ થોડીવાર સુધી એકબીજાનો હાથ પકડી સ્નેહની ઉષ્મા અનુભવતા ઊભા રહ્યા. લીલીયન અને ડેનિયલ પાછળ આવી ઊભાં હતાં. મેં એમની વિદાય લીધી.

શિવાનંદે મારા હાથમાંની બૅગ ઊંચકી લીધી. પૂછ્યું:

'નવા મિત્રો?'

'ટ્રેનમાં રાતે જ ઓળખાણ થઈ, ઉર્ધ્વગામી બનવા નીકળ્યાં હતાં. કોઈ સાધુ ભારતમાં ભટકાયો અને પતનની ખીણમાં ગબડી પડ્યાં! ચરસના કેરિયર બનવા સીધું પતન.'

'પણ - તમે કયો જાદુ એના પર કર્યો એ મારે જાણવું છે!' શિવાનંદે હસીને 'જાદુ' શબ્દ પર ભાર મૂકીને કહ્યું.

'પોતાની જાતને ભૂલીને દૂર નીકળી ગયેલા એ બંનેને ફરીથી પોતાની જાતનો પરિચય કરાવી આપવા સિવાય કશું નહીં. એટલું પર્યાપ્ત હતું એમની માટે.'

સ્વામી શિવાનંદના મિત્રો જલબપુરમાં પણ હતા. એક મિત્રને ત્યાં અમે પહોંચ્યા. નાહી, જમીને સ્વસ્થ થયા. શિવાનંદને મેં પૂછ્યું: 'હવે કેવી રીતે કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે?'

'અહીંથી કાન્હા-કિસી-નેશનલ પાર્ક એકસો એંસી કિલોમીટર છે. આપણે એક જીપ ભાડે કરવી પડશે. સોએક કિલોમીટર દૂરના માંડલા ગામે આપણને બાબા ભૈરવનાથનો એક સાથી મળશે. હું ત્યાં ઊતરી જઈશ. તમારે એક અઘોરી સાથે જવાનું રહેશે.'

'ચોક્કસ કઈ જગ્યાએ જવાનું છે?' મેં પૂછ્યું.

'એ તો એમણે મને કહ્યું નથી. કદાચ તમને પણ જાણ થવા દેવામાં આવશે નહીં. અહીંથી દક્ષિણ પૂર્વમાં ધીંડોરી, અમરકંટક, બિલાસપુર, ભિલાઈ અને આલાઘાટની વચમાં એક મોટો જંગલ વિસ્તાર છે, જેમાંથી કાન્હા-કિસલીનો વિસ્તાર સુરક્ષિત છે, એટલે એ સિવાયના જંગલમાં કોઈ ભાગમાં જવાનું હશે એમ મારું માનવું છે.'

હું થોડો વિચારમાં પડ્યો. ફરી શિવાનંદ બોલ્યા:

'અજાણી જગ્યા અને અજાણ્યા ભયાનક અઘોરીઓ. મેં તમને પત્રમાં પણ ચેતવ્યા હતા. હજી એકવાર વિનંતી કરું છું. ચાલો, પાછા ચાલ્યા જઈએ.'

'શિવાનંદજી, હવે પાછા ફરવાનો કોઈ સવાલ નથી.'

'પણ તમે અઘોરીઓને મળવા આટલા ઉત્સુક શા માટે છો?' શિવાનંદે અકળાઈને પૂછ્યું.

'શિવાનંદજી, આત્માની માન્યતા એવી દૈવીશક્તિના નામે ચાલતાં ધતિંગોને આપણે પડકારતાં આવ્યા છીએ, પડકાર ઝીલવાનો સંતોષ મળે એવા કોઈ સમર્થને મળવાની અભિલાષા નથી. એ ઉપરાંત જગજીતનો કિસ્સો તમે જાણો છો. મનની અદ્‌ભુત શક્તિનો તાગ લીધાં સિવાય ફક્ત વિચારોનો કોઈ અર્થ નથી.'

'ભયાનક ને લોહી તરસ્યા અઘોરીઓ વચ્ચે જઈ એની શક્તિઓને પડકારવાનું પરિણામ શું આવશે?' શિવાનંદે પૂછ્યું.

'શુભ.' મેં ટૂંકમાં કહ્યું.

'ખોટું જોખમ લઈ રહ્યા છો.' એણે ફરીથી મને ચેતવ્યો:

'પાછા ફરો!'

'હવે પાછું ફરવું મારા માટે શક્ય નથી.'

જીપ ભાડે કરી અમે સાંજના લગભગ સાડા પાંચે જબલપુરથી વિદાય લીધી. માર્ગમાં શિવાનંદ સાથે મેં જુદા જુદા વિષયો પર ચર્ચાઓ કરી. મારી ચિંતામાંથી માંડ માંડ એ મુક્ત થયા હતા. દસેક વાગ્યે અમે માંડલા પહોંચ્યા. એક હોટેલ પાસે જીપને ઊભી રાખી અમે ચા પીધી. જીપ ત્યાં જ ઊભી રાખી હું અને શિવાનંદ, અઘોરી સાધુની શોધમાં નીકળ્યા. શિવાનંદ માંડલાના માર્ગોથી સારી રીતે પરિચિત હોય એમ મને લાગ્યું.

ચાળીસેક વર્ષનો યુવાન, ગોરો વાન, ખભા સુધી લટકતા કાળા ચમકતા વાળ, સુઘડ રીતે વધારેલી દાઢી, ગ્રીક મૂર્તિ જેવું શરીરસૌષ્ઠવ, મૃદુ અવાજ, મિત્ર બનાવવાની અજબ આવડત અને દૃઢ આત્મવિશ્વાસ એટલે સ્વામી શિવાનંદ. જે ઝડપથી, ચપળતાથી એ માંડલાની અંધારી ગલીઓમાં ચાલી રહ્યા હતા એ જોઈ હું મારા ભારે શરીર માટે શરમ અનુભવતો હતો.

એક સાંકડી ગલીમાં અમે પ્રવેશ્યા ત્યારે કૂતરાઓ ભસી ઊઠ્યા. એક દરવાજા પાસે જઈને શિવાનંદે સાંકળ ખખડાવી. થોડી વાર પછી એક આધેડ સ્ત્રીએ દરવાજો ખોલ્યો. એ શિવાનંદને ઓળખતી હોય એમ પાછળ ખસી ગઈ. ઘર કોઈ બ્રાહ્મણનું હોય એમ લાગતું હતું. આંગણામાં તુલસીક્યારો અને ઘરની સાદી પણ સ્વચ્છ રચના એની સાક્ષી પૂરતાં હતાં. એક વૃદ્ધ બ્રાહ્મણ ધોતિયાભેર બહાર ધસી આવ્યો. પોતાના બને હાથથી એ જનોઈ વાસામાં ઘસતો હોય એમ ફેરવી રહ્યો. એણે ઉમળકાથી શિવાનંદનું સ્વાગત કર્યું. શિવાનંદે મારો પરિચય આપ્યો. મેં અભિવાદન કર્યું. એ મારે વિશે જાણતા હોય એમ એમની આંખની ચમક પરથી દેખાઈ આવતું હતું.

એ પછીની ક્ષણે એક ભવ્ય, રૂક્ષ, લાલ આંખો અને રુદ્રાક્ષની માળાઓથી વિભૂષિત આખાય અંગે રાખ ચોળેલો એક ભયાનક બાવો દરવાજામાંથી સહેજ ઝૂકીને બહાર આવ્યો. એના એક હાથમાં ત્રિશૂળ હતું, બીજા હાથમાં પાત્ર. એના જટાના વાળ વડવાઈ જેમ એના ખભા પર ઝૂલતા હતા. દાઢીની પણ એ જ હાલત હતી. શરીર કસાયેલું અને સ્નાયુઓ લોખંડી હતા. એણે તિરસ્કારથી મારી સામે જોયું. એ નજીક આવ્યો ત્યારે તીવ્ર ગંધથી મારું મસ્તક ફાટવા લાગ્યું. એ કર્કશ અવાજે હિન્દીમાં બોલ્યો.

'મેરે સાથ કૌન ચલને વાલા હૈ?'

શિવાનંદે એ બાવાનું અભિવાદન કરી એની સાથે મારો પરિચય કરાવ્યો. તિરસ્કાર વધુ ઘેરો બન્યો હોય એમ મને લાગ્યું. પછી શિવાનંદે એ બાવાનો પરિચય મારી સાથે કરાવ્યો.

'આ છે બાબા અલખઆનંદ, બાબા ભૈરવનાથના સાથી. એ તમને એની સાથે સાધનાસ્થળે લઈ જશે.' મેં એની સામે જોઈ હસવાનો પ્રયત્ન કર્યો. એમણે કોઈ પ્રતિક્રિયા બતાવી નહીં. એ ફરી કર્કશ અવાજે બોલ્યા:

'પહેરવાનાં કપડાં સિવાય તમારે કશું જ લેવાનું નથી. બધો સામાન તમારે અહીં રાખવો પડશે. આ નિશ્ચિત છે.'

'કૅમેરા, ટેપ?' મેં પૂછ્યું.

'કશું જ નહીં એક ટોર્ચ પણ નહીં. તમારી ઘડિયાળ પણ અહીં મૂકી દેજો.' એણે દૃઢતાથી કહ્યું.

'અર્ધા કલાકમાં તમારે મારી સાથે નીકળવું પડશે. તૈયાર રહેજો.' એટલું કહી અલખઆનંદ ફરી અંદર ચાલ્યો ગયો.

હું અને શિવાનંદ એકબીજાને તાકતા ઊભા રહ્યા. (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.


વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मेहताब | દારૂનું પીઠું |
| मेहबूब | ચંદ્ર |
| मयकदा | સ્વર્ગસ્થ |
| मरहूम | જીવનદાતા |
| मसीहा | પ્રિય |

### ઓળખાણ પડી?



ગુજરાતી નાટક પરથી બનેલી રાજશ્રી પ્રોડક્શન્સની હિન્દી ફિલ્મની ઓળખાણ પડી? પ્રદીપ કુમાર, મીના કુમારી અને અશોક કુમાર મુખ્ય કલાકાર હતાં.

અ) આરતી બ) ગુમરાહ ક) દોસ્તી ડ) જીવન મૃત્યુ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | ૨ જ | ૩ વ | ણી | | ૪ બાં | ૫ ધ | ૬ કા | મ | |
| ૭ છાં | ગ | ળ | | ૮ વા | ય | ર | સ | | ૯ અ |
| ૧૦ છ | ત | | ૧૧ વા | હ | | | ળ | | વ |
| ળા | | ૧૨ સ | હ | ન | શી | ૧૩ લ | | ૧૪ ફ | ર |
| ૧૫ પ | છી | | ૧૬ ન | વ્ય | | ૧૭ ગ | જ | રા | જ |
| ણું | | ૧૭અ ચા | | ૧૮ વ | ૧૯ જ | ન | | ૨૦ ર | વ |
| | ૨૧ બ | હ | ૨૨ ર | હા | લ | | ૨૩ હ | | ર |
| ૨૪ સ | દ | | ૨૫ વ | ર | સો | ૨૬ વ | ર | સ | |
| મ | | ૨૭ ભા | ર | | | ૨૮ ર | ફ | | ૨૯ ઢે |
| ૩૦ તા | ક | ત | વ | ર | | ૩૧ સ | ર | દા | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | | ૮ | | | | |
| | | ૯ | | ૧૦ | | | | | |
| ૧૧ | | | | ૧૨ | | | | ૧૩ | |
| | | ૧૪ | | | | | ૧૫ | | |
| | ૧૬ | | | ૧૭ | ૧૮ | | | | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | | | | ૨૨ | ૨૩ | |
| | | ૨૪ | | ૨૫ | | ૨૬ | | | |
| | | ૨૭ | | | | | | | |
| ૨૮ | | | | | ૨૯ | | | | |

**આડી ચાવી**

૧. માફી માગવી તે (૫)
૪. નહીં તો (૪)
૭. ---ચરિત્ર એટલે સ્ત્રી ચરિત (૨)
૮. માશૂક, પ્રિયા, પ્રેયસી (૩)
૯. ના નમે તે (૪)
૧૧. ધનુષ્યની દોરી (૩)
૧૨. કારણ, હેતુ (૩)
૧૩. કોફી પીવાનું સ્થળ (૨)
૧૪. શિવજીને ચડાવાતો સુગંધી છોડ (૩)
૧૫. પક્ષી (૨)
૧૬. ભીનો લૂગડાનો કકડો (૨)
૧૭. ફટાફટ (૪)
૨૦. સમય, મોત (૨)
૨૨. આશરો (૩)
૨૪. સાથે (૩)
૨૬. અવરોધાયેલા (૪)
૨૭. યોગ્ય, ઉચિત (૩)
૨૮. સહિયારો, સંયુક્ત વહીવટ (૪)
૨૯. સંતોએ રચેલું સાહિત્ય (૫)

**ઊભી ચાવી**

૧. ક્ષત્રિયત્વ (૫)
૨. લગાવ, છલ, અવિદ્યા (૨)
૩. પગ, પદ (૩)
૪. ખ્રિસ્તી સાધ્વી (૨)
૫. બહાદુરી, હામ (જો.છૂ.) (૨)
૬. અસ્તવ્યસ્ત, ફનાફાતિયા (૪)
૮. અક્કલ, કરાર, જ્ઞાન (૩)
૯. છલકાતું, સપાટીને અડકી જતું (૪)
૧૦. પારસીઓનું બેસતું વર્ષ (૪)
૧૩. કાગડો (૨)
૧૫. કડાકૂટ, પંચાત, ગોઠવણ (૪)
૧૬. અમદાવાદની --- પ્રખ્યાત છે (૨)
૧૮. ---થી મસ ના થવું (૨)
૧૯. શરીરનું સૌંદર્ય (૫)
૨૦. કરવાનાં કાર્યોનો અનુક્રમ (૪)
૨૧. બહેનપણીઓ (૪)
૨૩. નવા --- દિવાળી- કહેવત (૨)
૨૪. દ્વારકા પાસેનું બંદર (૩)
૨૫. મોકો, લાગ (૨)
૨૬. બેચેન, ઉદ્વિગ્ન (૩)

### ગુજરાત મોરી મોરી રે

પન્નાલાલ પટેલની નવલકથા પર આધારિત કયા ચિત્રપટ માટે રાષ્ટ્રીય પારિતોષિક મળ્યું હતું એ કહી શકશો?

અ) ઝેર તો પીધાં જાણી જાણી બ) વનરાજ ચાવડો
ક) માનવીની ભવાઈ ડ) શેતલને કાંઠે

### જાણવા જેવું

૧૯૮૮માં આવેલી એન. ચંદ્રાની 'તેજાબ'થી માધુરી દીક્ષિત ટોચની હિરોઈન બની ગઈ હતી. જાણવા જેવી ખાસ વાત એ છે કે માધુરી એકમાત્ર અભિનેત્રી છે જેને ફિલ્મફેર અવોર્ડ માટે ૧૪ વખત નોમિનેટ કરવામાં આવી છે. કુલ ચાર વખત ટ્રોફી મેળવવામાં સફળ રહી છે.

### સુડોકુ-૮૦૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૧ | ૩ | ૮ | | | | |
| ૩ | | ૪ | ૬ | | ૫ | ૧ | ૮ | |
| | | | | ૭ | | | | |
| ૯ | ૩ | | | | ૭ | | | |
| | | ૭ | | | | ૪ | | |
| | | | ૮ | | | | ૬ | ૫ |
| | | | | ૯ | | | | |
| | ૫ | ૩ | ૪ | | ૮ | ૬ | | ૨ |
| | | | | ૫ | ૬ | ૮ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૮૦૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૩ | ૬ | ૮ | ૯ |
| ૩ | ૬ | ૨ | ૮ | ૪ | ૯ | ૧ | ૫ | ૭ |
| ૯ | ૧ | ૮ | ૫ | ૭ | ૬ | ૨ | ૩ | ૪ |
| ૬ | ૯ | ૫ | ૭ | ૧ | ૪ | ૩ | ૨ | ૮ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૬ | ૮ | ૯ | ૭ | ૫ |
| ૮ | ૩ | ૭ | ૯ | ૫ | ૨ | ૪ | ૧ | ૬ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૩ | ૭ | ૫ | ૯ | ૧ |
| ૧ | ૨ | ૯ | ૪ | ૮ | ૫ | ૭ | ૬ | ૩ |
| ૫ | ૭ | ૩ | ૬ | ૯ | ૧ | ૮ | ૪ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

અભિષેક બચ્ચન - ઐશ્વર્યા રાય બચ્ચને કેટલીક ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. કઈ ફિલ્મમાં તેઓ સાથે નહોતા એ જણાવો.

અ) ગુરુ બ) કુછ ના કહો ક) યુવા ડ) બંટી ઔર બબલી

### નોંધી રાખો

સફળતા મેળવવાની લાંબી સફરમાં તડકો તકલીફ આપે પણ જાગરૂક રાખી ઉપયોગી સુધ્ધાં સાબિત થાય, કારણ કે શીતળ છાંયડામાં નીંદર આવી જવાની સંભાવના હોય છે.

### માઈન્ડ ગેમ

૧૯૨૧માં દ્વારકાદાસ સંપતની દેશભક્તિ જગાડતી કઈ ફિલ્મ પર અંગ્રેજ સરકારે પ્રતિબંધ મૂક્યો હતો એ કહી શકશો?

અ) ઘર જમાઈ બ) ગીતા રહસ્ય
ક) શેઠ સગાળશા ડ) ભક્ત વિદુર

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| जबान | જીભ |
| जूडा | અંબોડો |
| ठोडी | હડપચી |
| तलवा | તળિયું |
| दुम | પૂંછડી |

ગુજરાત મોરી મોરી રે: મલ્હાર ઠાકર

ઓળખાણ પડી?: કિમી કાટકર

માઈન્ડ ગેમ: પ્રિયંકા ચોપડા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: નામ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદેશી (૮) ગીતા ઉદેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગિરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતિન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વિણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) નૂતન વિપીન (૪૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) ગૌરી શિંદે ૨) અશ્વિની ઐયર ૩) દીપા મેહતા ૪) ફરાહ ખાન ૫) તનુજા ચંદ્રા ૬) રીમા કાગતી ૭) અપર્ણા સેન

**ક્વિઝ (બ)** આ બધી ફિલ્મોનો હીરો સલમાન હતો ને નાયિકાઓ હતી.
૧) બોડી ગાર્ડ : કરિના કપૂર ૨) વોન્ટેડ : આયેશા ટાકિયા ૩) કિક : જેક્લિન ફર્નાન્ડિસ ૪) ક્યોં કી : કરિના કપૂર ૫) તેરે નામ : ભૂમિકા ચાવલા ૬) હેલો બ્રધર : રાની મુખર્જી ૭) જય હો : ડેઝી શાહ અને તબ્બુ

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# એકેડમી એવોર્ડ્સ કે રિવોલ્યુશનરી રેકોર્ડ્સ?

## ઓસ્કર એવોર્ડ્સ સાથે આ વર્ષે જોડાયાં છે અવનવા રેકોર્ડ્સ

૯૭મો ઓસ્કર્સ એવોર્ડસ સેરિમની યોજાઈ ગઈ. જેને સિનેપ્રેમીઓએ માણી પણ લીધી. જોકે, વિશ્વના આ સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ્સની ચર્ચા સ્વાભાવિકપણે ઘણા દિવસો સુધી થતી રહેવાની.

આ વર્ષે પણ આ એકેડમી એવોર્ડ્સમાં અમુક અભૂતપૂર્વ ઘટના બની. ઘણાં રેકોર્ડ્સ બન્યા અને તૂટ્યા, જેમકે


એડ્રિયન બ્રોડી

બેસ્ટ પિક્ચરની શ્રેણીમાં નોમિનેટેડ ‘વિકેડ’ ફિલ્મ માટે કોસ્ચ્યુમ ડિઝાઇન કરવા બદલ ડિઝાઈનર પોલ ટેઝવેલને કોસ્ચ્યુમ ડિઝાઇન શ્રેણીમાં નોમિનેશન મળ્યું હતું. પોલ આ શ્રેણીમાં વિજેતા તો બન્યો, પણ એ સાથે તે ઓસ્કર્સના ૯૭ વર્ષના ઇતિહાસમાં કોસ્ચ્યુમ ડિઝાઇન શ્રેણીમાં વિજેતા બનનાર પ્રથમ અશ્વેત ડિઝાઈનર બન્યો. હા, અત્યાર સુધી એકપણ અશ્વેત વ્યક્તિ આ શ્રેણીમાં વિજેતા નહોતી બની.


પોલ ટેઝવેલ

પોલ ટેઝવેલ આ પહેલાં ૨૦૨૧માં રિલીઝ થયેલી સ્ટીવન સ્પીલબર્ગ દિગ્દર્શિત ‘વેસ્ટ સાઈડ સ્ટોરી’ માટે આ જ શ્રેણીમાં નોમિનેટ થયો હતો, પણ વિજેતા નહોતો બની શક્યો. ‘વિકેડ’ માટે જીતીને એનું નામ અશ્વેત લોકોના ઇતિહાસમાં નોંધાઈ ગયું .



શોન બેકર

આવો જ એક રેકોર્ડ એક્ટિંગ શ્રેણીમાં પણ આ વર્ષે નોંધાયો છે. એક્ટિંગ માટે ઓસ્કર્સમાં કુલ ચાર શ્રેણી છે- બેસ્ટ એક્ટર- બેસ્ટ એક્ટ્રેસ- બેસ્ટ સપોર્ટિંગ એક્ટર અને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ. આ ચારેય શ્રેણીમાં અત્યાર સુધી કોઈ ડોમિનિકન રિપબ્લિક મૂળ ધરાવનાર એક્ટર કે એક્ટ્રેસ વિજેતા નથી બન્યાં, પણ આટલાં વર્ષોમાં પહેલી વખત એક્ટ્રેસ ઝોઈ સેલ્ડાનાની જીત સાથે એક ડોમિનિકન કલાકારની બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસની શ્રેણીમાં જીત થઈ છે. ઝોઈ ‘એમિલીયા પેરેઝ’ ફિલ્મ માટે આ શ્રેણીમાં નોમિનેટ થઈ હતી.

ઓસ્કર્સમાં સૌથી વધુ નોમિનેશન્સ કે સૌથી વધુ જીતને લઈને પણ રસપ્રદ આંકડાઓ હોય છે. આ વખતના એવોર્ડ્સમાં પણ એવું બન્યું છે. બેસ્ટ પિક્ચરની શ્રેણીમાં વિજેતા ફિલ્મ ‘અનોરા’ના દિગ્દર્શક શોન બેકરને જે એવોર્ડ્સ મળ્યા છે તેની ચર્ચા આજે ઠેર ઠેર છે. કોઈ ફિલ્મ- સર્જનમાં એક જ વ્યક્તિ એકથી વધુ વિભાગ સંભાળે એવું આપણે ઘણી વખત જોયું છે, પણ આવો કિસ્સો ઓસ્કર્સ સાથે જોડાય અને જે-તે વ્યક્તિ એ વિભાગોમાં ફક્ત નોમિનેટ જ નહીં, પણ વિજેતા પણ બની જાય એ સાચે જ અભૂતપૂર્વ ગણાય!

શોન બેકરને ફિલ્મ ‘અનોરા’ માટે બેસ્ટ ડિરેક્ટર- બેસ્ટ એડિટિંગ- બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લે અને નિર્માણ સાથે સંકળાયેલા હોવાના લીધે બેસ્ટ પિક્ચરની શ્રેણીમાં પણ એવોર્ડ મળ્યો છે. કલાકારોનું સ્વપ્ન હોય છે એક વખત ઓસ્કર્સ જીતવા કે ઓછામાં ઓછું નોમિનેટ થવાનું. અહીં તો શોન બેકરને એની આવડત અને નસીબે એક જ વર્ષે એક જ ફિલ્મ માટે ચાર-ચાર ઓસ્કર એવોર્ડ્સના વિજેતા બનાવી દીધા છે! આ ઘટના સાથે શોન બેકરે લેજેન્ડરી ફિલ્મમેકર વોલ્ટ ડિઝનીની બરાબરી કરી છે. વોલ્ટ ડિઝની અને શોનમાં તફાવત માત્ર એટલો છે કે વોલ્ટ ડિઝનીને એમના ચાર એવોર્ડ્સ અલગ-અલગ ફિલ્મ્સ માટે મળ્યા હતા.


ઝોઈ સેલ્ડાના

બેસ્ટ ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મની શ્રેણીમાં પણ અચરજ પમાડે તેવી ઘટનાઓ બની છે. બેસ્ટ પિક્ચરની

શ્રેણીમાં વિશ્વભરમાંથી ફિલ્મ્સ નોમિનેટ થતી હોય છે, જ્યારે બેસ્ટ ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મની શ્રેણીમાં અમેરિકન ફિલ્મ્સ સિવાયની અને મુખ્યત્વે નોન-ઈંગ્લીશ ફિલ્મ્સ નોમિનેટ થતી હોય છે. આ વખતે ‘આઈ એમ સ્ટીલ હિયર’ અને ‘એમિલીયા પેરેઝ’ બંને ફિલ્મ્સ બેસ્ટ પિક્ચર અને બેસ્ટ ઈન્ટરનેશલ ફીચર ફિલ્મ એમ બંને શ્રેણીમાં સામેલ હતી. આવું દરેક વખતે નથી બનતું હોતું. અને જ્યારે બને ત્યારે બેસ્ટ પિક્ચરની મુખ્ય શ્રેણીમાં નોમિનેટેડ ફિલ્મ બેસ્ટ ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મની શ્રેણીમાં વિજેતા બની જ જતી હોય છે, પણ આ વખતે બે ફિલ્મ્સ નોમિનેટેડ થઈ હતી એટલે એકની હાર તો નિશ્ચિત જ હતી.

આ વર્ષે બેસ્ટ ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મની શ્રેણીમાં ‘આઈ એમ સ્ટીલ હિયર’ વિજેતા બની એ સાથે ‘એમિલીયા પેરેઝ’ પ્રથમ એવી ફિલ્મ બની કે જે બેસ્ટ પિક્ચર જેવી મુખ્ય શ્રેણીમાં નોમિનેટ થઈ હોવા છતાં ઇન્ટરનેશનલ શ્રેણીમાં પણ ન જીતી શકી. જ્યારે ‘આઈ એમ સ્ટીલ હિયર’ આ ઉપરાંત પોતાની શ્રેણીમાં વિજેતા બનનારી પ્રથમ બ્રાઝિલિયન ફિલ્મ બની.

૯૭મા એકેડમી એવોર્ડ્સના આ રેકોર્ડ્સમાં વધુ રેકોર્ડ્સ ઉમેર્યા છે. બેસ્ટ એક્ટરની શ્રેણીમાં વિજેતા બનનાર એક્ટર એડ્રિયન બ્રોડીએ. ઓસ્કર્સની કોઈ પણ શ્રેણીમાં જ્યારે માત્ર નોમિનેશન મળવું પણ ખૂબ જ ગૌરવની વાત હોય છે, ત્યારે બ્રોડીએ નોમિનેશન સાથે જીતનો અનોખો રેકોર્ડ બનાવ્યો છે. બ્રોડીને અત્યાર સુધી બેસ્ટ એક્ટરની શ્રેણીમાં બે વખત નોમિનેશન મળ્યું છે. અને ૧૦૦% સફળતા પોતાના નામે કરીને આ બંને વખત તેણે જીત પણ મેળવી છે. આ વર્ષની ‘ધ બ્રુટલિસ્ટ’ અને અગાઉ બ્રોડીને ૨૦૦૨માં ‘ધ પિયાનિસ્ટ’ માટે બેસ્ટ એક્ટરની શ્રેણીમાં નોમિનેશન અને એવોર્ડ બંને મળ્યા હતા.

આ ઉપરાંત એડ્રિયન બ્રોડીના નામે સૌથી વધુ સ્ક્રીનટાઇમનો પણ અનોખો રેકોર્ડ નોંધાયો છે. ફિલ્મ ‘બેન-હર’ માટે એક્ટર ચેર્લ્ટન હેસ્ટનના નામે ૨ કલાક ૧ મિનિટ અને ૨૩ સેકન્ડ્સ સાથે બેસ્ટ એક્ટર શ્રેણીમાં વિજેતા એક્ટરનો સૌથી વધુ સ્ક્રીન ટાઇમનો રેકોર્ડ હતો. બ્રોડીનો સ્ક્રીન ટાઈમ ‘ધ બ્રુટલિસ્ટ’માં તેનાથી ૭ મિનિટ જેટલો વધુ છે. બીજાથી સમયમાં વધવાની આ પરંપરા જાળવતા એવોર્ડ જીત્યા બાદની સ્પીચના સમયમાં પણ એડ્રિયન બ્રોડીએ ૫ મિનિટ અને ૪૦ સેકન્ડ્સ સાથે સૌથી આગળ રહેવાનું પસંદ કર્યું છે! ■

**લાસ્ટ શોટ**

*વોલ્ટ ડિઝનીના નામે નિર્માતા તરીકે સૌથી વધુ ૨૨ એકેડમી એવોર્ડ્સ જીતવાનો રેકોર્ડ છે.*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

આ બધી ફિલ્મોની દિગ્દર્શિકા કોણ છે?




૧) ઈંગ્લિશ વિંગ્લિશ
૨) બરેલી કી બરફી
૩) ફાયર
૪) ૐ શાંતિ ૐ
૫) સંઘર્ષ (૧૯૯૯)
૬) ગોલ્ડ
૭) મિસ્ટર એન્ડ મિસિસ ઐયર

## ક્વિઝ (બ)

દક્ષિણ ભારતની ફિલ્મ પરથી બનેલી આ હિન્દી ફિલ્મનાં ગીતો છે તો એ ફિલ્મોનો હીરો અને તેની નાયિકા કોણ છે કહી શકો?

૧) તેરી મેરી, મેરી તેરી પ્રેમ કહાની હૈ મુશ્કિલ દો...
૨) જલવા, યહાં ભી હોગા વહા ભી હોગા અબ તો..
૩) તૂ હી તૂ હર જગહ આજ કલ ક્યુ હૈ રાસ્તે...
૪) દિલ કહે રહા હૈ તુજસે યુ રિશ્તા જોડ લુ તેરી...
૫) ઓઢણી ઓઢ કે નાચુ, નાચુ ઓઢણી ઓઢ કે...
૬) સરકી જો સર સે વો ધીરે ધીરે પાગલ હુઆ..
૭) તેરે નૈના બડે કાતિલ માર હી ડાલેંગે, કાતિલાના...

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

ફિલ્મનામા

નરેશ શાહ

# બામ ચીક, ચીક બમ ને ગાપુચી, ગાપુચી ગમ ગમ!


## જે જોઈને જુવાન થયા એ ફિલ્મો વિષેની આ વાતો વિચારી છે, ક્યારેય?

રિલીઝ થતી નવ્વાણું ( ‘૯૯’ આ નામની ફિલ્મ મસ્ત હતી!) ટકા ફિલ્મો તો જોવાની જ હોય છે. વાંચવા-લખવા પછીનું કોઈ ઓબ્સેશન હોય તો તે ફિલ્મો રહી છે અને અમે દરેક કાળ, દશકા અને સદીની ફિલ્મો એન્જોય કરી છે. ‘પાર’ (ગૌતમ ઘોષ)માં નસીર- શબાનાને ગોબરાં ડુક્કરોને તેડતાં અને ડુક્કરો સાથે જ પડ્યાં રહેતાં જોયા છે તો ‘ભોપાલ એક્સપ્રેસ’ની ગેસ દુર્ઘટના પછી પત્નીને શોધતાં રિક્ષાચાલક ઈરફાન ખાનને માણ્યો છે. દિશા અને સૂત્રધારમાં નાના પાટેકરને જુદા જ સ્વરૂપે જોયો છે તો ‘અસંભવ’માં સઈદ જાફરને પોતાની બદલે મિત્રને લઈ જવા માટે યમદૂતને રાજી કરી દેતાં (અને પછી હેરાન થતાં) જોયાં છે. રાજેશ ખન્નાની આંખોના ઠુમકા અને મિથુનના ડિસ્કો ડાન્સના ઉલાળાં તો માટલાં કે ફુગ્ગા કે ટાયરોના ઢગલાં વચ્ચે જીતેન્દ્રને સફેદ શૂઝમાં નાચતો પણ એન્જોય કર્યો છે.

એજ રીતે, ગુરુદત્તના કાગઝ કે ફૂલથી માંડીને કમલ હસનના જરા સી ઝીંદગી અને અનિલકપૂરના જિંદગી એક જુઆ સુધીની અનેક હિન્દી ફિલ્મો માણી છે. કલાસિક (ગર્મ હવા), સર્વશ્રેષ્ઠ (હે રામ), શ્રેષ્ઠ (સદમા), ઉત્તમ (ધૂપ)થી લઈને નબળી (યકીન, અર્જુન- પ્રિયંકા), ઠીક-ઠીક (સુપારી) અને કંડમ (ટશન) કક્ષાની ફિલ્મો જોયા પછી નમ્રપણે માનવું છે કે હિન્દી ફિલ્મો અત્યારે ટોપ ગિયરમાં છે. સોમા વરસમાં પહોંચ્યા પછી હિન્દી ફિલ્મો વધુ એકસાઈટેડ બની રહી છે. અત્યારની ફિલ્મો જોતાં ગુરુદત્ત, મહેબુબખાન, મનમોહન દેસાઈ કે દિલીપકુમાર (કે પ્રદીપકુમાર?), દેવ આનંદ કે વહીદા રહેમાન કે ઝીન્નત અમાન કે પ્રાણસાહેબની જાણે કે ઊણપ સાલતી જ નથી...

પણ ના, વખાણ નવી ફિલ્મોના કરવાના નથી. વાત જૂની ફિલ્મોની કરવાની છે. તમારા પપ્પા-મમ્મી કે કાકા-ફુઆ કે માસી (એટલે કે પપ્પાની સાળી) જે ફિલ્મોની સતત આપણને દુહાઈ દેતાં રહે છે. એ જૂની ફિલ્મો. ૧૯૯૦ સુધી કે પહેલાં બનતી હતી એ ફિલ્મની વાતો.


જીતેન્દ્ર


પરવીન બાબી

પહેલાં વેવલી વાર્તાઓ વાળી ફિલ્મો બનતી. ભાઈ-ભાઈ છુટ્ટાં પડી જતાં અને ભેગા થતાં હતાં. મા ગાજર કા હલવા કે ખીર બનાવ્યાં કરતી. બહેન એટલે માનવાનું જ કે એના પર રેપ થશે. પોલીસ છેલ્લે જ આવતી. દીકરો પોતાના બાપ કે મા કે બહેન પર થતાં અત્યાચારનો બદલો લેતો,(જે આપણાં પર અત્યાચાર હતો.!) કોમેડિયનોની રમૂજ મોટા ભાગે વા છૂટ જેવી ગંધારી જ અને અનિવાર્ય રહેતી. કબૂતરો કે ખીલેલાં ફૂલોનો ઉપયોગ માત્ર ચુંબનોના પ્રતીક તરીકે જ થતો.

હર બાર વહી ઘીસીપટી જ વાત.

સાસુ જુલ્મી જ હોય. નણંદ ચિબાવલી જ હોય. વહુ જુલ્મ વેંઢારતી હોય અને કડવા ચોથના વ્રતનો પ્રચાર કરતી હોય. બળાત્કારો બીભત્સ રીતે જ સંપન્ન થતાં (યાદ છે, નળનું ખુલી જવું, પાણીનું ઢોળાઈ જવું, દીવાનું બુઝાઈ જવું કે કાચમાં તિરાડ પડવું) હતા. નાયિકા શોષણ માટે જ હતી.

નાયક એના જ પ્રેમમાં પડતો. મેળામાં ખોવાઈ જવા માટે જ બાળકો હતાં અને બીજો અકસ્માત યાદદાસ્ત પાછી લાવવા માટે જ કરવામાં આવતો. સોરી, પણ જરા જૂની ફિલ્મો અને તેના વિલન (પ્રેમ ચોપરા, રણજીત, પ્રાણ, પ્રેમનાથ) યાદ કરી જુઓ. એ લોકો કારણ વગર બળાત્કાર કર્યા કરતાં. બળાત્કાર જ જાણે વિલનગીરીનું પ્રતીક હતાં. ચપોચપ વસ્ત્રોમાંથી ડોકાતાં જોબનને દેખાડવા માટે જ જાણે હિન્દી ફિલ્મોમાં વરસાદ વરસતો. કારણ વગરનું એક્સપોઝ અને બુદ્ધિ વગરના સેન્ટિમેન્ટથી હિન્દી ફિલ્મો ઊભરાતી. (અમર, અકબર, એન્થનીમાં ત્રણેય દીકરા માતાને લોહી આપે છે એકસાથે !).

હોળી, એવી રીતે રમાતી કે એ પ્રમાણે, આપણે ક્યારેય હોળી ઉજવી નથી. વિધવા બનનારી ચરિત્ર અભિનેત્રીના હાથમાંથી કંકુની શીશી પડવી ફરજિયાત હતી. જિતેન્દ્ર અને મદ્રાસની ફિલ્મોમાં કાયમ આડા સંબંધોની બોલબાલા રહેતી. જૂની એક્શન ફિલ્મોનો તો જાણે એક ટ્રેડમાર્ક હતો. વિલન સમયસર પહોંચી જતો અને હીરો અણીના સમયે જ એન્ટ્રી મારતો. સુખના દરેક પ્રસંગના અંતમાં વિકૃત હસતો કે હિંસક ખામોશી સાથે વિલન આવી જ જાય. મંગળસૂત્ર, પાયલ અને કંગન સિવાય એકેય ઘરેણાંની વાત હિન્દી ફિલ્મોમાં થતી સાંભળી છે?

એમ આઈ રાઈટ?!

હિન્દી ફિલ્મોમાં વેરાઈટીનો સંપૂર્ણ અભાવ જ હતો. બધું જ બીબાંઢાળ. મિથુન હોય તો ડિસ્કો જ કરે. અમિતાભ હોય તો ગુસ્સો જ કરે. ઝિન્નત કે પરવીન બાબી હોય તો કપડાં ઓછાં પહેરે અને સિગારેટ વધારે ફૂંકે. શશીકપૂર હોય તો વેવલાગીરી વધારે કરે. રાજેશ ખન્ના એની મૂંડી જ હલાવ્યાં કરે. ધર્મેન્દ્ર એક સાથે આઠ દશને ફટકારે ....

કેની ચીસો જ પાડતો હતો. વધારે રેપ રણજીતે કે પ્રેમ ચોપરાએ? એ સવાલ ક્વિઝમાં ચાલે તેવાં છે. મહેમુદે ચેપ્લીન-કટ મૂછો વધારે રાખેલી કે લૂંગી વધારે ફિલ્મોમાં પહેરેલી? કેશ્ટો મુખરજી કઈ ફિલ્મમાં દારૂડિયા નહોતા? ઈફતેખાર અને અનિતા રાજના પિતા એટલે જ જાણે હિન્દી ફિલ્મની પોલીસ. એ. કે. હંગલ એટલે હિન્દી ફિલ્મોનો લાચાર અને સજ્જન સિનિયર સિટીઝન.

ઓહ માય ગોડ. આપણે આ ફિલ્મો જોઈને મોટાં થયા છીએ?

માન્યું કે આપણા જમાનાની એ ફિલ્મોનું સંગીત વધુ સૂરીલું હતું અને ગીતો વધુ અર્થસભર હોવાથી વધુ યાદગાર રહેતાં પણ સબૂર. એ જમાનાના ઉત્તરાર્ધમાં ‘ગાપુચી ગાપુચી ગમગમ’ (ત્રિશુલ) અને ‘બમચીક ચીકબમ’ (હમ) અને ‘સરકાઈ લો ખટિયાં’ પણ હતું, જે આજની ‘શીલા કી જવાની’ અને ‘મુન્ની બદનામ’ પેઠે એ ય લોકપ્રિય થતું હતું. એ ન ભૂલવું જોઈએ કે યાદગાર ગીતો દરેક દશકામાં બન્યાં છે.

હવે બોલો. તમે આજકાલની ફિલ્મોને ઉતારી પાડશો કે પછી.. ■


મિથુન ચક્રવર્તી


રણજીત


‘અમર અકબર એન્થની’ ફિલ્મનું એક ‘યાદગાર’ દૃશ્ય

# વિશ્વ બજારના સુધારા સાથે સેન્સેક્સે ૬૧૦ પોઈન્ટના જમ્પ સાથે ૭૪,૦૦૦નું સ્તર પાછું મેળવ્યું

મુંબઇ: વિશ્વ બજારના સકારાત્મક ટ્રેન્ડ સાથે રિલાયન્સ સહિતના ઇન્ડેક્સ હેવીવેઇટ શેરામાં નવેસરની લેવાલી નીકળતાં સેન્સેક્સે ૬૧૦ પોઈન્ટ વધીને ૭૪,૦૦૦ની સપાટી પુનઃ હાંસલ કરી છે, જ્યારે નિફ્ટીએ ૨૨,૫૦૦ની સપાટી વટાવી છે. ટ્રમ્પે કેનેડા અને મેક્સિકોના ઓટો સેક્ટરની ટેરિફ એક મહિનો પાછળ ઠેલવાની કરેલી જાહેરાત, ડોલર ઇન્ડેક્સના ઘટાડા, ક્રૂડ ઓઈલના ભાવમાં ઝડપી પીછેહઠને કારણે બજારના સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો. સતત બીજા દિવસના સુધારામાં સેન્સેક્સ ૬૦૯.૮૬ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા ઉછળીને ૭૪,૩૪૦.૦૯ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૬૬૦.૫૭ પોઈન્ટ અથવા ૦.૮૯ ટકા વધીને ૭૪,૩૯૦.૮૦ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો.

જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૨૦૭.૪૦ પોઈન્ટ અથવા ૦.૯૩ ટકા વધીને ૨૨,૫૪૪.૭૦ પોઇન્ટના સ્તરે બંધ થયા હતો. સત્ર દરમિયાન પચાસ શેરનો આ બેરોમીટર ૨૧૯.૧૫ પોઈન્ટ અથવા ૦.૯૮ ટકા ઉછળીને ૨૨,૫૫૬.૪૫ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીને અથડાયો હતો. એશિયન પેઇન્ટ્સ, એનટીપીસી, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ, હિન્દુસ્તાન યુનિલિવર, સન ફાર્માસ્યુટિકલ્સ, અદાણી પોર્ટ્સ એન્ડ એસઇઝેડ, એક્સિસ બેંક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટાઇટન અને બજાજ ફાઇનાન્સ મુખ્ય વધનારા શેરમાં સામેલ હતા. જ્યારે ટેક મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક, ઝોમેટો, ટાટા મોટર્સ અને ઇન્ડસઇન્ડ બેંક ટોપ લુઝર્સની યાદીમાં હતા. મેટલ, ઓઇલ અને ગેસ, ફાર્મા ઇન્ડેક્સના દોઢથી બે ટકાના સુધારા સાથે તમામ ક્ષેત્રીય શેરઆંક ગ્રીન ઝોનમાં બંધ થયા હતા. એશિયન પેઇન્ટ્સ, કોલ ઇન્ડિયા, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, બીપીસીએલ, એનટીપીસી નિફ્ટીમાં ટોપ ગેઇનર્સ હતા, જ્યારે ટેક મહિન્દ્રા, ટ્રેન્ટ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એચડીએફસી લાઇફ, કોટક મહિન્દ્રા બેંક ટોપ લુઝર્સ હતા.

નાના શેરોમાં ફરી લેવાલીનો સળવળાટ વધ્યો હતો. સ્મોલ કેપ શેરોમાં જોરદાર બાઉન્સબેક જોવા મળ્યું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ ૦.૬ ટકા વધ્યો અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૧.૬ ટકા વધ્યો હતો. ડોલર ઇન્ડેક્સની પીછેહઠ સાથે ટ્રમ્પ દ્વારા કેનેડા અને મેક્સિકોના ઓટોમેકર્સ સામેનો ટેરિફ સ્ટાન્સ હળવો બનાવાયા બાદ સકારાત્મક વૈશ્વિક સંકેતોને કારણે ભારતીય શેરઆંકોમાં સુધારો જોવા મળ્યો હતો. એકંદર માગમાં મંદીને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં સુધારો થવા ઉપરાંત ચીને જાહેર કરેલા આર્થિક સ્ટિમ્યુલસને કારણે એનર્જી અને મેટલ સેક્ટરમાં આશાવાદ જાગ્યો છે. ચીને ૧.૩ ટ્રિલિયન યુઆનના અલ્ટ્રા લોંગ ટર્મ સ્ટિમ્યુલસ બોન્ડ જારી કરવાની જાહેરાત કરી છે. સ્મોલકેપ ઇન્ડેક્સ ૧.૬૩ ટકા અને મિડકેપ ઇન્ડેક્સ ૦.૬૫ ટકા વધ્યો હતો અને તેનાથી વ્યાપક બજારો પણ ઊંચા સ્તરે બંધ થયા હતા. બીએસઇના સેક્ટરલ ઇન્ડેક્સમાં એનર્જી, મેટલ, ઓઇલ એન્ડ ગેસ, કોમોડિટીઝ, યુટીલિટીઝ, સર્વિસિસ, ઇલેક્ટ્રિસિટી, હેલ્થકેર, એફએમસીજી અને ઇન્ડસ્ટ્રીયલ સેક્ટરમાં સુધારો થયો હતો. ટેલિકોમ્યુનિકેશન અને રિયલ્ટી સેક્ટરમાં પીછેહઠ જોવા મળી હતી. બજારનો અંડરટોન મક્કમ હતો. બીએસઇ પર ૩,૦૦૭ જેટલા શેરોમાં સુધારો થયો જ્યારે ૯૮૯ ઘટ્યા અને ૧૦૭ યથાવત રહ્યા હતા. એશિયન બજારોમાં, ટોકિયો, શાંઘાઈ, હોંગકોંગ અને સિઓલ ઊંચા સ્તરે બંધ રહ્યા હતા. સત્રના મધ્યભાગમાં યુરોપિયન બજારો મિશ્ર વલણ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. બુધવારે વોલ સ્ટ્રીટ હકારાત્મક ઝોનમાં બંધ થયો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૫૨ ટકા વધીને ૬૯.૬૬ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. દરમિયાન, એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૨,૮૯૫.૦૪ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા. બુધવારે, સેન્સેક્સ ૭૪૦.૩૦ પોઈન્ટ વધીને ૭૩,૭૩૦.૨૩ પર બંધ થયો હતો. ૧૦ દિવસના ઘટાડાના રેકોર્ડને બ્રેક મારીને એનએસઇનો વ્યાપક બેન્ચમાર્ક નિફ્ટી ૨૫૪.૬૫ પોઈન્ટ વધીને ૨૨,૩૩૭.૩૦ પર સ્થિર થયો હતો. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એશિયન પેઈન્ટ્સ ૪.૭૦ ટકા, એનટીપીસી ૩.૪૧ ટકા, રિલાયન્સ ૨.૯૬ ટકા, તાતા સ્ટીલ ૨.૮૭ ટકા, બજાજ ફિનસર્વ ૨.૩૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૨૨ ટકા, સન ફાર્મા ૨.૦૯ ટકા અને દાણી પોર્ટ્સ ૨.૦૪ ટકા વધ્યા હતા, જ્યારે ટેક મહિન્દ્ર ૨.૩૧ ટકા, કોટક બેન્ક ૦.૯૬ ટકા, ઝોમેટો ૦.૬૨ ટકા ટાટા મોટર્સ ૦.૧૯ ટકા અને ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૪૨૪નો ઘટાડો, ચાંદીમાં ₹ ૪૬૭ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ જળવાઈ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનામાં ભાવ વધી આવ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના રોજગારીના ડેટા પર સ્થિર હોવાથી સોનામાં રોકાણકારો નવી લેવાલીથી દૂર રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તે જ પ્રમાણે ચાંદીમાં પણ ભાવ ઘટી આવ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને સ્ટોકિસ્ટોની વેચવાલી રહેતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૨થી ૪૨૪નો ઘટાડો આવ્યો હતો. જ્યારે ચાંદીમાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૪૬૭ની આગેકૂચ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૬૭ વધીને રૂ. ૯૬,૪૬૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૨૨ ઘટીને રૂ. ૮૫,૫૩૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૨૪ ઘટીને રૂ. ૮૫,૮૭૬ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ એકંદરે નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે અમેરિકાએ કેનેડા અને મકક્સિકોનાં ઑટો ઉત્પાદકોને એક મહિના સુધી ૨૫ ટકા ટેરિફમાંથી મુક્ત રાખ્યાનાં નિર્દેશો સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ચાર મહિનાની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકાનો સુધારો જોવા મળ્યા બાદ ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા ઘટીને હાજરમાં ઔંસદીઠ ૨૮૯૩.૬૩ ડૉલર અને વાયદામાં ૨૯૦૦.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના ફુગાવાના ડેટા પર સ્થિર હોવાથી તેઓએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો. વધુમાં આજે ચાંદીમાં પણ સ્ટોકિસ્ટોની વેચવાલી રહેતાં ભાવ એક ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૨.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અન્ય ઉત્પાદનો જેને ટેરિફમાંથી મુક્ત રાખશે તેની યાદી જાહેર કરનાર હોવાથી ટ્રેડ વૉર વિલંબિત થવાથી આજે ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં સોનાના સુધારાને આરંભિક તબક્કે ટેકો મળ્યા બાદ પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હોવાનું રિલાયન્સ સિક્યોરિટીઝનાં વિશ્લેષક જિગર ત્રિવેદીએ જણાવ્યું હતું.

ટ્રમ્પનાં ટેરિફના પ્રતિસાદમાં કેનેડા અને ચીને અમેરિકાથી થતી આયાત પરની ટેરિફમાં વધારો કર્યો છે, જ્યારે મેક્સિકો ટેરિફ અંગે આગામી રવિવારે નિર્ણય લેનાર છે. આમ ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે સોનામાં સલામતી માટેની માગ વધારતા ગત ૨૪મી ફેબ્રુઆરીએ ભાવ વધીને ઔંસદીઠ ૨૯૫૬.૧૫ ડૉલરની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૦ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. તાજેતરમાં સોનામાં વધેલી સલામતી માટેની માગને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન વૈશ્વિક સોનામા ધીમી અને મક્કમ ગતિએ ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર સુધી ભાવ પહોંચે તેવી શક્યતા આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે વ્યક્ત કરી હતી. જોકે, આવતીકાલે જાહેર થનારા ફેબ્રુઆરી મહિનાના અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટામાં રોજગારમાં ૧,૬૦,૦૦૦નો વધારો થાય તેવો અંદાજ રૉઈટર્સના અર્થશાસ્ત્રીઓએ કરેલા સર્વેક્ષણમાં મૂકવામાં આવ્યો છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈન્ફોર્મેશન ટેકનોલોજી ડીપાર્ટમેન્ટ
ડીરે./IT/૬૦૪ તા. ૦૫.૦૩.૨૦૨૫
ટેન્ડર નોટીસ

બૃહદ મુંબઈ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર નીચેના કામ માટે નિયત બીડ ફોર્મમાં ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમ દ્વારા બીડ્સ મંગાવે છે.

| બૃહદ મુંબઈ મહાનગરપાલિકા ઈન્ફોર્મેશન ટેકનોલોજી ડીપાર્ટમેન્ટ | |
|---|---|
| ડિપાર્ટમેન્ટ | ડીરેક્ટર (ઈન્ફોર્મેશન ટેકનોલોજી) |
| બીડ નંબર | ૨૦૨૫_MCGM_૧૧૫૭૨૮૭_૧ |
| વિષય | BMC માટે નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વિસોની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ, કમિશનિંગ. |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | ૦૭.૩.૨૦૨૫ના સ. ૧૧.૦૦ ક. |
| બીડ સમાપ્તિ તારીખ અને સમય | ૧૩.૩.૨૦૨૫ના સાં. ૪.૦૦ ક. |
| વૅબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | શ્રી અનીકેત પાટીલ |
| સંપર્ક નં. | ૦૨૨-૨૨૭૫૪૦૬૮ |
| ઇમેલ-આઈડી | am01.it@mcgm.gov.in, Director.it@mcgm.gov.in |

ઈચ્છુક લાયક બીડર્સ ઈ-ટેન્ડર અંગે વધુ માહિતી મહા ટેન્ડર પોર્ટલ https://mahatenders.gov.in ખાતેથી અથવા ડીરેકટર (IT વિભાગ), વર્લી ડાટા સેન્ટર, એન્જિ. હબ બિલ્ડિંગ, ડૉ. ઈ. મોઝેસ રોડ, વર્લી, મુંબઈ-૪૦૦૦૧૮ની ઓફિસમાંથી મેળવી શકાશે.

સહી/-
ડીરેક્ટર (IT)

PRO/2713/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ ID નં. | ૨૦૨૫_MCGM_૧૧૫૭૮૧૪_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | મ્યુનિસિપલ પાવર લોન્ડ્રી ખાતે તમામ મ્યુનિસિપલ હેલ્થ ઈન્સ્ટીટ્યુટમાં લોન્ડ્રી સર્વિસો સ્મૂથલીના પ્રાઈવેટ ફર્મ દ્વારા વિવિધ લોન્ડ્રી એક્ટિવીટીઝનું કામ |
| ટેન્ડર ફીની કિંમત | રૂા. ૩૩૦૦/- (+ ૧૮% GST) |
| ટેન્ડરની કિંમત (અંદાજીત કિંમત) | આઈટમ રેટ ટેન્ડર |
| બીડ સુરક્ષા ડિપોઝિટ (બારડી) | રૂા. ૧૯,૯૭૫/- |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૦૬.૦૩.૨૦૨૫ ૧૬.૦૦ ક. થી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૨.૦૩.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૨.૦૩.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મીટિંગ | લાગુ પડતું નથી |
| પેકેટ A ખૂલશે (બીડ ખૂલશે) ના/પછી | ૧૩.૦૩.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ B ખૂલશે (બીડ ખૂલશે) ના/પછી | ૧૩.૦૩.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ C ખૂલશે (બીડ ખૂલશે) ના/પછી | ૧૭.૦૩.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| સંચાર માટેનું સરનામું | E. E. મીકે. (સાઉથ), BMC મ્યુનિસિપલ વર્કશોપ, R. S. નિમકર માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦ ૦૦૮ની ઓફિસ. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | A.E. (મ્યુનિસિપલ પાવર લોન્ડ્રી)ની ઓફિસમાં ઓનલાઈન. |
| સંપર્ક વ્યક્તિ: | |
| G) નામ | શ્રી. N.T. જાધવ |
| H) મોબાઈલ નં. | ૯૭૬૯૦૦૫૬૪૭ |
| MCGM વેબસાઈટ | https://portal.mcgm.gov.in/ https://mahatenders.gov.in |
| ઈ-મેલ સરનામું | aempl.me@mcgm.gov.in |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી. BMC કોઈ પણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈ પણ અરજી સ્વીકારવા કે કોઈ પણ કે તમામ અરજી નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
એક્ષિ. એન્જિ.મીકે. (સાઉથ)

PRO/2723/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ખાંડમાં છૂટાછવાયા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૮૨૦થી ૩૮૭૦માં થયા હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૬થી ૪૦૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૧૦૨માં ટકેલા ધોરણે થયા હતા.

# ડૉલર સામે રૂપિયામાં ત્રણ સત્રના સુધારાને બ્રેકઃ છ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ટેરિફની અનિશ્ચિતતાઓ, બ્રેન્ટ ક્રૂડતેલમાં ભાવ વધારો અને સ્થાનિક માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીના દબાણ હેઠળ રોકાણકારોએ ખાસ કરીને આવતીકાલે જાહેર થનારા અમેરિકાના ફેબ્રુઆરીનાં રોજગારીના ડેટા અને યુરોપિયન સેન્ટ્રલ બૅન્કની નાણાનીતિની જાહેરાત પૂર્વે સાવચેતીનો અભિગમ અપનાવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં છ પૈસાનો ઘટાડો આવતા ૮૭.૧૨ની સપાટીએ બંધ રહ્યો હતો અને સતત ત્રણ દરમિયાન જોવા મળેલા સુધારાને બ્રેક લાગી હતી. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.


પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન

વિવિધ કામો

નં. W/૬૨૩/૫/૧/NIT તારીખ: ૦૪.૦૩.૨૦૨૫

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છે:

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય રૂ. | ડિપોઝીટ કરાયેલ બાના રકમ |
|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૪-૨૫-૧૩૫ | રૂ.૨,૦૦,૭૧,૫૬૦.૯૧/- | રૂ.૨,૫૦,૪૦૦.૦૦/- |
| | RTM & UJN - RTM ખાતે UJN અને મલ્ટીસ્ટોરી ટાઈપ III ખાતે ટાઈપ I, II, III, IVમાં સંપૂર્ણ ઈમ્પ્રુવમેન્ટ માટે જોગવાઈ. | | |

અંદાજિત જથ્થો: ટેન્ડર શેડ્યૂલ મુજબ. પૂર્ણતાનો સમયગાળો: ૧૮ મહિના કામનો સમાન પ્રકાર: કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કામ વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ: ૦૪.૦૩.૨૦૨૫. ટેન્ડરની ખોલવાની તારીખ: ૨૭.૦૩.૨૦૨૫. ● વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

SPAN/5/1/434

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો : twitter.com/WesternRly



પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

SLRs અને VPs કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા IREPS દ્વારા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLRs અને VPs કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ છે.

ઈ-હરાજી આમંત્રિત કરતી સૂચના

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનું લિઝીંગ — કેટલોગ નં. LEASE-2024-27

સ્થળ અને સંપત્તિની વિગત

SLRs ના 04 ટન પાર્સલ સ્પેસ અને VPs ના 23 ટન પાર્સલ સ્પેસ ના લિઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી

| અનુ. નં. | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 19016 | F/I SLR | દરરોજ | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| 2 | 19016 | R/I SLR | દરરોજ | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| 3 | 19016 | VPU | દરરોજ | PBR (પોરબંદર) | DDR (દાદર) |

(1) ઈ-હરાજી તા.21-03-2025 ના 11:00 કલાક થી શરૂ થશે (2) હરાજીમાં ભાગ લેવા માટે IREPS ઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે. (3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો.

BVP-212

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



જાહેર નોટીસ

હમો નીચે સહી કરનાર એનાલીસીસ ઈન્વેસ્ટમેન્ટ પ્રા. લી. ના ડાયરેક્ટર ભરત શાંતીલાલ શાહ મુકામ : ૫/સી, સ્વપ્નલોક, પાંચમો માળ, એલ જગમોહન દાસ લોન, નેપયંનસી રોડ, મુંબઈ નાઓ આથી લાગતા વળગતા તમામ ઈસમોને જાણ કરીએ છીએ કે,

(૧) વડોદરા જીલ્લાનાં સાવલી તાલુકાના મોજે ધનોરા ગામે ધનારો ગ્રામ પંચાયતની હદમાં ખાતા નં. ૩૨૨ થી ચાલી આવેલ ખેતીનાં.

| બ્લોક / સર્વે નં. | ક્ષે. હે.આરે. પ્રતિઆરે (ચો.મી.) | આકાર રૂા. |
|---|---|---|
| ૨૮૦ | ૦-૭૦-૯૦ | ૨.૦૯ |

વાળી જમીન બાબત પ્રાચી દેવાંગભાઈ દેસાઈ તથા દેવાંગ નટવરલાલ દેસાઈ નાઓએ હમારી જોડે વીશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે, અને તે એવી રીતે કે, સદરહુ જમીન હમોએ સદરહુ જમીનના મુળ માલીકો પાસેથી ખરીદ કરવા અંગેનું નક્કી કરેલ હતું અને સદરહું જમીન ખીરદ કરવા અંગેની નક્કી કરવામાં આવેલી રૂા. ૧,૬૩,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ તેસઠ લાખ ની રકમ હમારા તરફથી પ્રાચીબેન દેવાંગભાઈ દેસાઈ તથા દેવાંગ નટવરલાલ દેસાઈ નાઓને રૂા. ૧,૬૩,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ તેસઠ લાખ ની રકમ ચેકો મારફતે ચુકવવામાં આવેલી હતી. પરંતુ પ્રાચી દેવાંગભાઈ દેસાઈ તથા દેવાંગ નટવરલાલ દેસાઈ નાઓને રૂા. ૧,૬૩,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ તેસઠ લાખ ની રકમ મળયા બાદ તે બન્નેની દાનત બદલાઈ ગયેલી અને સદરહું જમીન નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હમારા નામ ઉપર કરવાને બદલે તેઓ બંનેએ તેઓના નામો ઉપર કરી દીધેલો જેની જાણ હમોને તેઓ તરફે કરવામા આવેલ હતી નહીં પરંતુ દેવાંગ નટવરલાલ દેસાઈના તા. ૨૦/૧૧/૨૦૨૪ ના રોજના અવસાન બાદ સદરહુ જમીનનો રેકર્ડ કઢાવતા હમોને જાણ થયેલી કે તેઓ બન્નેએ અમારી જોડે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી સદરહું જમીન હમારા નામ ઉપર કરવાના બદલે તેઓ બન્નેએ તેઓના નામ ઉપર કરી દીધેલી હતી સદરહુ જમીન ના રેકર્ડમાં દાખલ કરાવી દીધેલું.

(૨) સદરહુ જમીનમાં હમારો પણ લાગ-ભાગ, દરદાવો, હક્ક હિસ્સો અને કબ્જો ચાલી આવેલો છે.

હાલમાં હમો ને જાણ થયેલ છે કે પ્રાચી દેવાંગ દેસાઈ તેમની પુત્રી જોડે સદરહુ જમીન કોઈ ત્રાહીત ઈસમોને વેચાણ કરવાની તજવીજ કરી રહેલા છે પરંતુ ઉપર દર્શાવ્યા મુજબ સદરહુ જમીનમાં હમારો લાગ-ભાગ, દરદાવો, હક્ક-હિસ્સો અને કબ્જો ચાલી આવેલો હોય હમારી જાણ બહાર અને હમારી સંમતી લીધા વીના કોઈ પણ ઈસમ સદરહુ જમીન પ્રાચીબેન નટવરલાલ દેસાઈ ખરીદ કરવાની કોષીશ કરશે તો તેવે વખતે સદરહુ જમીન ખરીદ કરનાર ઈસમ વિરૂધ્ધ હમો કાયદેસરની કાર્યવાહી હાથ ધરીશું જેની આ જાહેર નોટીશ રૂએ ગંભીર નોંધ લેવી.

મારી મારફતે
નૈતિકા જી. પટેલ (એડવોકેટ)
એનાલીસીસ ઈન્વેસ્ટમેન્ટ પ્રા. લી. ના ડાયરેક્ટર ભરત શાંતીલાલ શાહ



પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

'જાહેરાત', 'પે એન્ડ યુઝ' અને 'કેટરીંગ' કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી

LETTER No. Comm/BRC/E-Auction/25 Ref. : RB's Letter No. 2022/TC (FM)/10/04 dtd : 13-06-2022

ઉપરોક્ત સંદર્ભમાં, 'જાહેરાત', 'પે એન્ડ યુઝ' અને 'કેટરીંગ' કોન્ટ્રાક્ટ્સ માટે તા.17-03-2025 ના રોજ ઈ-હરાજી આયોજીત કરવામાં આવેલ છે. ઈ-હરાજી તા.17-03-2025 ના રોજ 11:00 કલાકે શરૂ થશે. કેટલોગ પહેલે થી www.ireps.gov.in પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નં. | કોન્ટ્રાક્ટનો સમયગાળો |
|---|---|---|---|
| C331-PnU-170325 | પે એન્ડ યુઝ | PnU-BRC-AKV-Toi-4-25-1 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | 3 વર્ષ |
| | | PnU-BRC-GDA-Toi-12-24-4 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | 3 વર્ષ |
| | | PnU-BRC-CYI-Toi-8-24-2 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | 3 વર્ષ |
| | | PnU-BRC-EKNR-Toi-13-24-4 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | 3 વર્ષ |
| | | PnU-BRC-ANND-Toi-9-24-4 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | 3 વર્ષ |
| | | PnU-BRC-KIM-Toi-2-25-1 (પે એન્ડ યુઝ - ટોયલેટ્સ) | 3 વર્ષ |
| ADVT-BRC-170325 | જાહેરાત-(બીન ભાડા આવક) | ADVT-EFF-S1-30MEMUBRC-25-1 (જાહેરાત - ટ્રેનની બહારની બાજુ (ફુલ ફેસ)) | 5 વર્ષ |
| | | ADVT-EFF-132142-24-2 (જાહેરાત - ટ્રેનની બહારની બાજુ (ફુલ ફેસ)) | 5 વર્ષ |
| | | ADVT-BRC-BH-OSN-269-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજીટલ)) | 5 વર્ષ |
| | | ADVT-BRC-AKV-OSN-268-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજીટલ)) | 5 વર્ષ |
| | | ADVT-BRC-BRC-OSN-259-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજીટલ)) | 5 વર્ષ |
| | | ADVT-BRC-VDA-0SN-271-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજીટલ)) | 5 વર્ષ |
| | | ADVT-BRC-GER-OSN-270-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજીટલ)) | 5 વર્ષ |
| | | ADVT-IntExt-86019-24-2 (જાહેરાત - ટ્રેનની અંદર અને બહારનો ભાગ) | 5 વર્ષ |
| CATG-BRC-1703 | કેટરીંગ | Catg-BRC-KIM-GMU-3-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-GER-GMU-22-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-URN-GMU-40-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-CTD-GMU-29-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-PTD-GMU-23-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-UMH-GMU-43-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-KSE-GMU-42-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-VS-GMU-13-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-NEP-GMU-49-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-CBY-GMU-24-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-PLJ-GMU-37-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-KSB-GMU-39-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-DRL-GMU-44-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-ARPR-GMU-45-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-NDR-GMU-17-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-BDE-GMU-27-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-PAVI-GMU-46-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-VS-GMU-12-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-NIU-GMU-38-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-DB-GMU-52-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-GTE-GMU-47-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-KANJ-GMU-50-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-ITA-GMU-11-22-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | | Catg-BRC-PAO-GMU-41-25-1 (કેટરીંગ - જનરલ માઈનોર યુનિટ (GMU)) | 5 વર્ષ |
| | વોટર વેન્ડિંગ મશીન | MSS-BRC-BH-WVM-25-25-1 (પરચુરણ - સ્ટેટીક-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીનો) | 5 વર્ષ |
| | | MSS-BRC-GDA-WVM-27-25-1 (પરચુરણ - સ્ટેટીક-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીનો) | 5 વર્ષ |
| | | MSS-BRC-ANND- WVM-23-25-1 (પરચુરણ - સ્ટેટીક-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીનો) | 5 વર્ષ |
| | | MSS-BRC-AKV-WVM-26-25-1 (પરચુરણ - સ્ટેટીક-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીનો) | 5 વર્ષ |
| | | MSS-BRC-ND-WVM-24-25-1 (પરચુરણ - સ્ટેટીક-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીનો) | 5 વર્ષ |
| | | MSS-BRC- BRC-WVM-22-25-1 (પરચુરણ - સ્ટેટીક-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીનો) | 5 વર્ષ |
| | મલ્ટી પર્પઝ સ્ટોલ | MPS-BRC-EKNR-MPS-3-24-1 (MPS -મલ્ટી પર્પઝ સ્ટોલ્સ) | 5 વર્ષ |
| | | MPS-BRC-BRC-MPS-1-24-1 (MPS -મલ્ટી પર્પઝ સ્ટોલ્સ) | 5 વર્ષ |

BRC-318

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

TENDER NOTICE

Sealed item rate tenders are invited for Structural Repairing work of our Trust's Building addressed at **Shree Mumbai Patidar Samaj** 6 French Bridge, Mafatlal Baug, Opp. Shanti Sadan, Mumbai 400007. Tender forms are available at the office address as mentioned above from 07/03/2025 to 12/03/2025 between 11.00am to 5.00pm. Tel:- 9967685921. **Date of submission 13/03/2025** between 11.00am to 5.00pm at the above address. Cost of Tender document is Rs 2,000/,(Non - Refundable) Cheque to be drawn in the name of **SHREE MUMBAI PATIDAR SAMAJ.**



પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન

ઈ-ટેન્ડર નોટિસ

ડિવિઝનલ રેલવે મેનેજર (S&T), રતલામ, પશ્ચિમ રેલવે, ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના સિગ્નલિંગ & ટેલિકોમ કામ માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. ટેન્ડર નં.: SnT_RTM_૨૪_૧૫_R_સિગ્નલ તારીખ: ૦૩.૦૩.૨૦૨૫. કામનું નામ: ૩ વર્ષની મુદત માટે રતલામ ડિવિઝન પર ઓટોમેટિક ફાયર ડેટેક્શન અને આલાર્મ સિસ્ટમની વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ. કામની અંદાજિત કિંમત: રૂ. ૨,૫૧,૩૬,૪૨૪.૦૦/-. ટેન્ડર દસ્તાવેજની કિંમત: NIL. બાના રકમ ડિપોઝિટ: રૂ. ૨,૭૫,૭૦૦.૦૦/-. પૂર્ણતાનો સમયગાળો: ૩૬ મહિના. ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટેની બંધ થવાની તારીખ અને સમય: ૨૪.૦૩.૨૦૨૫ના ૧૫.૦૦ ક. ઈ-ટેન્ડરની ખોલવા માટેની તારીખ અને સમય: ૨૪.૦૩.૨૦૨૫ના ૧૫.૩૦ ક. પછી. ઓફરની માન્યતા: ટેન્ડરની ખોલ્યાના ૬૦ દિવસ. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર ઓનલાઈન જોઈ શકાય છે અને ઓફર એજ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરવાની રહેશે.

DRM(S&T) WR રતલામ

SPAN/6/1/432

અમને લાઈક કરો: facebook.com/WesternRly



જાહેર નોટીસ

હમો નીચે સહી કરનાર એનાલીસીસ ઈન્વેસ્ટમેન્ટ પ્રા. લી. ના ડાયરેક્ટર ભરત શાંતીલાલ શાહ મુકામ : ૫/સી, સ્વપ્નલોક, પાંચમો માળ, એલ જગમોહન દાસ લોન, નેપયંનસી રોડ, મુંબઈ ના ઓ આથી લાગતા વળગતા તમામ ઈસમોને જાણ કરીએ છીએ કે,

(૧) વડોદરા જીલ્લાનાં સાવલી તાલુકાના મોજે ધનોરા ગામે ધનારો ગ્રામ પંચાયતની હદમાં ખાતા નં. ૩૨૧ થી ચાલી આવેલ ખેતીનાં.

| બ્લોક / સર્વે નં. | ક્ષે. હે.આરે. પ્રતિઆરે (ચો.મી.) | આકાર રૂા. |
|---|---|---|
| ૨૭૪ | ૦-૩૦-૫૪ | ૦.૯૧ |
| ૨૭૭ | ૦-૧૭-૯૧ | ૦.૪૯ |
| ૨૮૬ | ૦-૯૪-૧૩ | ૨.૯૪ |
| ૨૮૫ | ૧-૧૩-૩૯ | ૨.૬૫ |
| ૨૫૭ | ૦-૨૪-૨૫ | ૦.૫૬ |
| ૨૫૯ | ૦-૩૨-૫૦ | ૦.૯૪ |
| ૩૧૨ | ૦-૫૭-૯૪ | ૧.૮૮ |
| ૩૧૯ | ૦-૧૮-૭૬ | ૦.૫૧ |
| ૩૨૦ | ૦-૫૪-૮૭ | ૧.૫૭ |
| ૩૨૧ | ૦-૫૫-૫૧ | ૨.૧૨ |
| ૩૨૨ | ૦-૯૬-૪૦ | ૩.૫૧ |
| ૩૨૩ | ૦-૯૪-૫૫ | ૩.૧૪ |
| ૩૨૪ | ૦-૮૨-૦૦ | ૧.૭૫ |
| ૧.૭૫ | ૦-૩૧-૫૨ | ૦૬૯ |
| ૩૩૬ | ૦-૭૧-૫૯ | ૨.૩૭ |
| ૩૩૮ | ૦-૪૭-૨૫ | ૧.૬૧ |
| ૪૦૪ | ૦-૩૬-૯૪ | ૧.૬૯ |
| ૪૧૦ | ૦-૭૩-૧૩ | ૦.૬૮ |
| ૪૧૨ | ૦-૩૧-૫૨ | ૧.૩૮ |
| ૪૧૪ | ૦-૩૪-૯૪ | ૧.૩૩ |
| ૪૧૬ | ૧-૨૧-૪૧ | ૩.૯૭ |
| ૪૨૧ | ૦-૫૦-૧૯ | ૧.૦૭ |
| કુલ (૨૨) | ૧૨-૭૪-૨૪ | ૩૭.૭૬ |

વાળી જમીન બાબત પ્રાચી દેવાંગભાઈ દેસાઈ તથા દેવાંગ નટવરલાલ દેસાઈ નાઓએ હમારી જોડે વીશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે, અને તે એવી રીતે કે, સદરહુ જમીન હમોએ સદરહુ જમીનના મુળ માલીકો પાસેથી ખરીદ કરવા અંગેનું નક્કી કરેલ હતું અને સદરહું જમીન ખીરદ કરવા અંગેની નક્કી કરવામાં આવેલી રૂા. ૧,૬૩,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ તેસઠ લાખ ની રકમ હમારા તરફથી પ્રાચીબેન દેવાંગભાઈ દેસાઈ તથા દેવાંગ નટવરલાલ દેસાઈ નાઓને રૂા. ૧,૬૩,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ તેસઠ લાખ ની રકમ ચેકો મારફતે ચુકવવામાં આવેલી હતી. પરંતુ પ્રાચી દેવાંગભાઈ દેસાઈ તથા દેવાંગ નટવરલાલ દેસાઈ નાઓને રૂા. ૧,૬૩,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ તેસઠ લાખ ની રકમ મળયા બાદ તે બન્નેની દાનત બદલાઈ ગયેલી અને સદરહું જમીન નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હમારા નામ ઉપર કરવાને બદલે તેઓ બંનેએ તેઓના નામો ઉપર કરી દીધેલો જેની જાણ હમોને તેઓ તરફે કરવામા આવેલ હતી નહીં પરંતુ દેવાંગ નટવરલાલ દેસાઈના તા. ૨૦/૧૧/૨૦૨૪ના રોજના અવસાન બાદ સદરહુ જમીનનો રેકર્ડ કઢાવતા હમોને જાણ થયેલી કે તેઓ બન્નેએ અમારી જોડે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી સદરહું જમીન હમારા નામ ઉપર કરવાના બદલે તેઓ બન્નેએ તેઓના નામ ઉપર કરી દીધેલી હતી અને તા. ૨૦/૧૧/૨૦૨૪ ના રોજના દેવાંગ નટવરલાલ દેસાઈ ના મરણ બાદ, પ્રાચી નટવરલાલ દેસાઈ નાઓએ ધનોરા ગામનાં ગામ નમૂના નંબર ૬ ના હક્કપત્રકમાં તા. ૨૧/૧૨/૨૦૨૪ ના રોજની વારસાઈ નોંધ નં. ૧૩૭૯ રૂએ દેવાંગ નટવરલાલ દેસાઈ નાં વારસદાર તરીકે તેઓની પુત્રી નામે નૈનેશા દેવાંગ દેસાઈનું નામ સદરહુ જમીન ના રેકર્ડમાં દાખલ કરાવી દીધેલું.

(૨) સદરહુ જમીનમાં હમારો પણ લાગ-ભાગ, દરદાવો, હક્ક હિસ્સો અને કબ્જો ચાલી આવેલો છે.

હાલમાં હમો ને જાણ થયેલ છે કે પ્રાચી દેવાંગ દેસાઈ તેમની પુત્રી જોડે સદરહુ જમીન કોઈ ત્રાહીત ઈસમોને વેચાણ કરવાની તજવીજ કરી રહેલા છે પરંતુ ઉપર દર્શાવ્યા મુજબ સદરહુ જમીનમાં હમારો લાગ-ભાગ, દરદાવો, હક્ક-હિસ્સો અને કબ્જો ચાલી આવેલો હોય હમારી જાણ બહાર અને હમારી સંમતી લીધા વીના કોઈ પણ ઈસમ સદરહુ જમીન પ્રાચીબેન નટવરલાલ દેસાઈ તથા તેની દેવાંગ નટવરલાલ દેસાઈની પુત્રી નૈનેશા પાસેથી ખરીદ કરવાની કોષીશ કરશે તો તેવે વખતે સદરહુ જમીન ખરીદ કરનાર ઈસમ વિરૂધ્ધ હમો કાયદેસરની કાર્યવાહી હાથ ધરીશું જેની આ જાહેર નોટીશ રૂએ ગંભીર નોંધ લેવી.

મારી મારફતે
નૈતિકા જી. પટેલ (એડવોકેટ)
એનાલીસીસ ઈન્વેસ્ટમેન્ટ પ્રા. લી. ના ડાયરેક્ટર ભરત શાંતીલાલ શાહ

આરએસએસના વરિષ્ઠ નેતા ભૈયાજી જોશીના ‘ઘાટકોપરની ભાષા ગુજરાતી’ એવા નિવેદનને જબરદસ્તીથી મુદ્દો બનાવીને બિનજરૂરી ધમાધમ

# મુંબઈની ભાષા મરાઠી જ છે... રાજકીય રમખાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આરએસએસના નેતા સુરેશ ભૈયાજી જોશી દ્વારા ગુજરાતી- મરાઠી ભાષા પર અપાયેલા નિવેદનને લઈને મહારાષ્ટ્રમાં રાજકીય હોબાળો શરૂ થઈ ગયો છે. દરમિયાન ભૈયાજી જોશીએ ગુરુવારે એવી સ્પષ્ટતા કરી હતી કે, ગઈકાલે (બુધવારે) ઘાટકોપર મુંબઈમાં આપેલા તેમના નિવેદન અંગે ગેરસમજ ફેલાવવામાં આવી હતી. મરાઠી મહારાષ્ટ્રની ભાષા નથી તેવો પ્રશ્ન જ ઊભો થતો નથી. મારા નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું. દરેક રાજ્યની પોતાની (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈની ભાષા મરાઠી જ: ફડણવીસ



આ નિવેદનનો મામલો મહારાષ્ટ્ર વિધાનસભા સુધી પહોંચ્યો હતો. આરએસએસ નેતાના નિવેદન પર, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગૃહમાં કહ્યું હતું કે, મુંબઈ અને સમગ્ર રાજ્યની ભાષા મરાઠી છે. મરાઠી રાજ્યની સંસ્કૃતિ અને ઓળખનો એક ભાગ છે અને મરાઠી શીખવું એ બધા નાગરિકોની ફરજ છે.’ મુખ્ય પ્રધાનના આ નિવેદન પછી વિધાનસભામાં શિવસેના (યુબીટી) અને ભાજપના વિધાનસભ્યો વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી. પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ કે ગૃહની કાર્યવાહી પાંચ મિનિટ માટે સ્થગિત કરવી પડી હતી. ■







## ભૈયાજી જોશી સામે રાજદ્રોહનો ગુનો દાખલ થવો જોઈએ: ઉદ્ધવ




આ દરમિયાન શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરેએ મોરચો ખોલ્યો અને કહ્યું કે ભૈયાજી જોશી સામે રાજદ્રોહનો કેસ નોંધવો જોઈએ. મહાવિકાસ આઘાડી (એમવીએ)ના નેતાઓ હુતાત્મા ચોક પહોંચ્યા હતા અને ત્યાં પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ૧૯૫૫માં મુંબઈને મહારાષ્ટ્રમાં સમાવવા માટે સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળ થઈ હતી. આ આંદોલનમાં લગભગ ૧૦૬ લોકો શહીદ થયા હતા. આ શહીદોની યાદમાં શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે. ■

## બેંગ્લોર, ચેન્નઈમાં આવું બોલી બતાવે: રાજ ઠાકરે



આરએસએસના માજી સરકાર્યવાહ ભૈયાજી જોશી દ્વારા મુંબઈમાં રહેનારા બધાને મરાઠી આવડવું જ જોઈએ એવી આવશ્યકતા નથી એવું નિવેદન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. મહારાષ્ટ્ર માટે અને મરાઠી માટે આવા નિવેદન કરવા પાછળ શું કારણ છે? ભૈયાજી જોશીએ આવા નિવેદન બેંગલુરુ અથવા ચેન્નઈમાં કરી દેખાડવું. મારો ભાજપને સવાલ છે કે તેમના નિવેદન સાથે ભાજપ સહમત છે? વાસ્તવમાં એમએમઆરમાં જે રીતે વિકાસ થઈ રહ્યો છે, તેના પરથી આ નિવેદન પાછળનો હેતુ ન સમજી શકે એટલી મહારાષ્ટ્રની જનતા નાદાન નથી. ■

## મને મરાઠી ભાષા પ્રત્યે આદર છે: જોશી



ભૈયાજી જોશીએ કહ્યું હતું કે, ‘ભારત વિવિધ ભાષાઓમાં વહેંચાયેલું છે, પરંતુ મહારાષ્ટ્રમાં આવતા લોકો પાસેથી મરાઠી શીખવાની અપેક્ષા રાખવામાં આવે છે. હું પોતે મરાઠી ભાષી છું. મરાઠી મારી પણ માતૃભાષા છે. હું મરાઠી ભાષાનો આદર કરું છું. મરાઠી ભાષા ગર્વ અને સન્માનની ભાષા છે. મારા નિવેદન પર અત્યારે જે રાજકારણ ચાલી રહ્યું છે તે અંગે હું કશું કહેવા માગતો નથી. તે મારો વિષય નથી.’ ■




## શું છે આખો મામલો?

બુધવારે મુંબઈમાં એક કાર્યક્રમ દરમિયાન ભૈયાજી જોશીએ કહ્યું હતું કે, ‘દરેક વ્યક્તિએ મરાઠી શીખવું જરૂરી નથી.’ આ નિવેદન બાદ મહારાષ્ટ્રમાં રાજકીય હોબાળો શરૂ થઈ ગયો છે.

ભૈયાજી જોશીએ એમ કહ્યું હતું કે મુંબઈમાં દરેક ભાષાના લોકોની વસ્તી છે અને અનેક ભાષા બોલનારા લોકો મુંબઈમાં સંપથી રહે છે. મુંબઈની કોઈ એક ભાષા નથી. દરેક વિસ્તારની અલગ ભાષા છે. ઘાટકોપરની ભાષા ગુજરાતી છે. ■




## ૯-૧૦ માર્ચે મુંબઈ અને થાણેમાં હિટ વેવની શક્યતા



**આ ગરમીથી તોબા:** મુંબઈ, થાણે અને નવી મુંબઈમાં છેલ્લા થોડા દિવસથી ગરમી સતત વધી રહી છે અને હજી વધવાની છે એવી આગાહી વેધશાળા દ્વારા કરાઈ છે. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અગાઉ છ માર્ચે કરવામાં આવેલી આગાહીમાં, આઈએમડીએ ૭ માર્ચે મુંબઈ, થાણે અને રાયગડમાં હીટ વેવની ચેતવણી આપી હતી. આ સ્થિતિ વધુ તીવ્ર બનવાની ધારણા છે, ૯-૧૦ માર્ચે ગરમીનું મોજાની અસર પાલઘરમાં પણ થશે. આ અગાઉ મુંબઈમાં ૨૫-૨૬ ફેબ્રુઆરીએ ગરમીનું મોજું ફરી વળ્યું હતું, જ્યારે તાપમાન ૩૮ ડિગ્રીને વટાવી ગયું હતું.

ગુરુવારે, આઈએમડીની સાંતાક્રુઝ અને કોલાબા વેધશાળાઓમાં દિવસનું તાપમાન અનુક્રમે ૩૫.૫ ડિગ્રી અને ૩૫.૩ ડિગ્રી (જુઓ પાનું ૪) ▶▶

## સીએસએમટીના બાથરૂમમાં થાણેની ગુજરાતી તરુણીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો

મુંબઈ: મધ્ય રેલવેના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ના બાથરૂમમાં ગુરુવારે બપોરે થાણેની ગુજરાતી તરુણીએ હાથની નસ કાપીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તરુણીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોઇ તેની હાલત સ્થિર છે. તરુણી હતાશ રહેતી હતી અને તેને આત્મહત્યાના વિચાર આવતા હતા, એવું પોલીસે જણાવ્યું હતું.

સીએસએમટી રેલવે પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના બપોરે ૧૨થી બે વાગ્યાની વચ્ચે આ ઘટના બની હતી. થાણેમાં રહેતી તરુણીએ સીએસએમટીના બાથરૂમમાં જઇને પોતાના હાથની નસ કાપી હતી. બાથરૂમના ફ્લોર પર ‘આઇ એમ સોરી’ લખ્યા બાદ તે જમીન પર ફસડાઇ પડી હતી. દરમિયાન બનાવની જાણ થતાં જીઆરપીનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ઘાયલ તરુણીને સારવાર (જુઓ પાનું ૪) ▶▶




## પોતાની જાતિ વિશે દરેક જણ સંવેદનશીલ, બીજાના નહીં: હાઇ કોર્ટ

મુંબઈ: આજકાલ લોકો પોતાની જાતિ અંગે સંવેદનશીલ હોય છે પરંતુ અન્ય જાતિ પ્રત્યે કોઈ આદર દર્શાવતા નથી એમ બોમ્બે હાઇકોર્ટે જણાવ્યું છે. બ્રાહ્મણ સમુદાય વિરુદ્ધ તેમની ઓનલાઇન પોસ્ટ માટે અન્ય એક વ્યક્તિને ઠપકો આપતી વખતે ડો.બી.આર.આંબેડકરને કથિત રીતે બદનામ કરવા બદલ એક વ્યક્તિ સામેના કેસને રદ કરતી વખતે આ નિવેદન કરવામાં આવ્યું છે.

દરેક સોશ્યિલ મીડિયા પોસ્ટ/કોમેન્ટ કે ભાષણમાં પ્રતિક્રિયા આપવી જરૂરી નથી હોતી અને આવી બાબતો પ્રત્યે અસંમતિ દર્શાવવાની શાલીન રીત હોય છે એમ હાઇકોર્ટની ઔરંગાબાદ ખંડપીઠના ન્યાયમૂર્તિ વિભા કાંકણવાડી અને ન્યાયમૂર્તિ સંજય દેશમુખએ બુધવારે પોતાના (જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**